# ગુજરાત સરકારનો મોટો નિર્ણયઃ લગ્ન નોંધણીમાં હવે માતા-પિતાની સહમતી બનશે અનિવાર્ય

## ઓળખ છુપાવીને થતાં લગ્નો આપણી સંસ્કૃતિ પર આક્રમણઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યમાં દીકરીઓની સુરક્ષા અને સામાજિક માળખાને જાળવી રાખવા માટે સરકાર 'ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ ૨૦૦૬'ના નિયમોમાં રહેલી લગ્ન નોંધણી પ્રક્રિયામાં ધરખમ સુધારા કરશે. આ સુધારા અંતર્ગત હવે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાને સામેલ કરવામાં આવશે.

લગ્ન નોંધણીના આ સુધારાઓ અંગે નાયબ ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે, રાજ્યમાં લગ્ન નોંધણી પ્રક્રિયામાં કેટલીક છટકબારીને કારણે ગેરઉપયોગ થઈ રહ્યો હતો. અસામાજિક તત્ત્વો પોતાની સાચી ઓળખ છુપાવી, લાલચ આપી કે છળકપટથી દીકરીઓને પ્રેમની જાળમાં ફસાવે છે. પંચમહાલના કંકોડાકોઈ અને નાથકુવા જેવાં ગામોમાં, જ્યાં એક પણ મુસ્લિમ પરિવાર નથી, ત્યાં તલાટી-કમ-મંત્રી દ્વારા સેંકડો 'નિકાહ' સર્ટિફિકેટ ઇશ્યું કરવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો.

નવા સૂચિત નિયમોની મુખ્ય વિશેષતાઓ અંગે નાયબ ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર જે ફેરફારો લાવી રહી છે તેમાં મુખ્યત્વે માતા-પિતાની સામેલગીરી છે. લગ્નની નોંધણી વખતે હવે માતા-પિતાને જાણ કરવામાં આવશે અને તે માટે એક અલગથી પોર્ટલ પણ બનાવવામાં આવશે. નવા નિયમો અંગે નાગરિકો પાસેથી ૩૦ દિવસ સુધી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે અને એક કમિટીની રચના કરવામાં આવશે જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનો ધ્યાને લઈ તેનો અમલ કરવામાં આવશે.

ચર્ચા દરમિયાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ઓળખ છુપાવીને થતાં લગ્નો એ આપણી સંસ્કૃતિ પરનું આક્રમણ છે, કોઈ સલીમ સુરેશ બનીને રાજ્યની દીકરીને ફસાવશે તો આ સરકાર તેના એવા હાલ કરશે કે તે ભવિષ્યમાં કોઈ દીકરી સામે આંખ ઉઠાવીને જોવાની હિંમત પણ નહીં કરે.

આ નવા સુધારા અંતર્ગત હવે લગ્ન નોંધણીમાં માતા-પિતાની સામેલગીરી અને સંમતિને વિશેષ મહત્ત્વ આપવામાં આવશે. નવી સૂચિત પદ્ધતિ મુજબ, લગ્ન નોંધણીની અરજી સમયે વર-વધૂએ તેમનાં માતા-પિતાને આ અંગે જાણ કરી છે કે કેમ તેનું ડિકલેરેશન આપવું પડશે, તેમજ માતા-પિતાના આધાર કાર્ડ, નામ, સરનામું અને મોબાઈલ નંબર જેવી વિગતો પણ દસ્તાવેજો સાથે રજૂ કરવાની રહેશે. આ પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક માળખું જાળવી રાખવાનો અને ઓળખ છુપાવીને થતા છેતરપિંડીભર્યા લગ્નો અટકાવવાનો છે.

લગ્ન નોંધણીની નવી વ્યવસ્થા હેઠળ, આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર દ્વારા દસ કામકાજના દિવસોમાં વર-વધૂના માતા-પિતાને જાણ કરવામાં આવશે. તમામ દસ્તાવેજોની પૂર્તતા અને રજિસ્ટ્રારની ખાતરી બાદ ૩૦ દિવસ પૂર્ણ થયેથી જ લગ્ન નોંધણી કરવામાં આવશે. આ ઉપરાંત, સરકાર એક નવું ઓનલાઇન પોર્ટલ પણ બનાવશે જ્યાં લગ્નની તમામ વિગતો જાહેર કરવામાં આવશે અને પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મેરેજ સર્ટિફિકેટ પોસ્ટ દ્વારા પક્ષકારોને મોકલી આપવામાં આવશે.

# ધોલેરા એસઆઈઆરમાં ૨૫૦ મેગાવોટ ગ્રીન એઆઇ રેડીઃ ડેટા સેન્ટર કેમ્પસ માટે નવી દિલ્હીમાં એમ.ઓ.યુ. થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવી દિલ્હીમાં યોજાઇ રહેલી ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬ અંતર્ગત ગુજરાતે એઆઇ ક્ષેત્રે એક મહત્ત્વપૂર્ણ એમ.ઓ.યુ. કર્યા હતા. આ સમિટમાં ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન એક્ટિવિટી અન્વયે ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને લાર્સન એન્ડ ટુબ્રો વ્યોમાં વચ્ચે આ એમ.ઓ.યુ. ધોલેરા એસઆઇઆર ખાતે ૨૫૦ મેગા વોટના હાઇ પર સ્કેલ, ગ્રીન એઆઇ રેડી ડેટા સેન્ટરની સ્થાપના માટે કરવામાં આવ્યા હતા.

વન, પર્યાવરણ અને સાયન્સ - ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયાની વિશેષ ઉપસ્થિતિમાં થયેલા એમ.ઓ.યુ. દ્વારા એલ એન્ડ ટી વ્યોમાં રૂ. ૨૫ હજાર કરોડનું રોકાણ આ પ્રોજેક્ટમાં કરશે તેમજ સંભવતઃ ૨૦૨૮ સુધીમાં પ્રોજેક્ટ કાર્યરત થઈ જશે.

આ એમ.ઓ.યુ. ગુજરાતને એઆઇ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાઉડ કમ્પ્યુટિંગ, એડવાન્સ્ડ એનાલિટિક્સ અને સસ્ટેનેબલ ડિજિટલ ઇકોસિસ્ટમ માટે અગ્રણી હબ તરીકે સ્થાપિત કરવાના સહિયારા વિઝન તથા ગુજરાત આઇટી/આઇટીઇએસ નીતિ (૨૦૨૨-૨૭) સાથે સુસંગત છે.

ધોલેરા એસઆઇઆરનો આ પ્રસ્તાવિત કેમ્પસ ઉચ્ચ અસરોવાળા રોકાણોને પ્રોત્સાહિત કરશે, નવીનતા આધારિત વિકાસને મજબૂત બનાવશે તેમજ કન્સ્ટ્રક્શન, કમિશનિંગ અને લાંબા ગાળાના ઓપરેશન્સમાં રોજગારીની નોંધપાત્ર તકોનું સર્જન કરશે. પ્રોજેક્ટ તે સંલગ્ન ઇકોસિસ્ટમના વિકાસથી પરોક્ષ રોજગારીનું સર્જન પણ થશે, તે ભવિષ્યના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના ચાલકબળ તરીકે ગુજરાતની ભૂમિકાને વધુ સુદૃઢ બનાવશે. આ એમઓયુ મુજબ, એલ એન્ડ ટી વ્યોમા જમીનની યોગ્યતા, માળખાગત સુવિધાઓની સજ્જતા, ઉપલબ્ધતા ક્ષેત્રો (અવેલેબિલિટી ઝોન્સ) અને ટકાઉપણાના પરિમાણોને આવરી લઇને સંભાવનાઓનું વિગતવાર મૂલ્યાંકન કરશે, ગુજરાત સરકાર પોતાના સંબંધિત વિભાગો મારફતે એક સક્ષમ માળખા સાથે પ્રોજેક્ટને સરળ બનાવશે.

આ સીમાચિહ્નરૂપ એમઓયુ હાઇપરસ્કેલ એઆઇ ડેટા સેન્ટરની સજ્જતાને સક્ષમ કરીને ભવિષ્યના ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુજરાતના નેતૃત્વને વેગ આપશે.

# દક્ષિણ ગુજરાતમાં માવઠુંઃ રાજ્યમાં એકસાથે ત્રણ સિસ્ટમ સક્રિય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો. ૨૦ ફેબ્રુઆરીએ વહેલી સવારથી જ સુરત, અંકલેશ્વર, હાંસોટ, દાહોદ, ગોધરા, પંચમહાલ, વડોદરા સહિતના વિસ્તારમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. ઝાપટાં પડ્યા બાદ ધોધમાર વરસાદ શરૂ થતાં લગ્નપ્રસંગોમાં અડચણ ઊભી થઈ હતી. સુરત શહેર અને જિલ્લામાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. લગ્નની સિઝન હોવાથી, ખુલ્લા મેદાન કે પાર્ટી પ્લોટમાં બાંધેલા લગ્ન મંડપ અને શણગાર પલળી ગયા હતા.

છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા પંથકમાં સવારે ૪:૩૦ કલાકે ચોમાસાની જેમ કમોસમી વરસાદ શરૂ થયો હતો. વડોદરાના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો હતો. દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારોમાં સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું.

દાહોદ શહેર સહિત લીમખેડાના આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.

વરસાદી ઝાપટાંને કારણે વહેલી સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, જેનાથી ઠંડીનું જોર પણ વધ્યું હતું. ફેબ્રુઆરીમાં થયેલા આ માવઠાને કારણે લોકોએ ચોમાસા જેવો અનુભવ કર્યો હતો. અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં સવારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. કમોસમી વરસાદ વરસતાં સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હાંસોટ તાલુકાના ઇલાવ, સાહોલ, બાલોતા, સુણેવ, ઓભા સહિતનાં ગામોમાં વરસાદ નોંધાયો હતો. આ કમોસમી વરસાદને કારણે ખેતીના ઊભા પાકને નુકસાન થવાની શક્યતાથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. તો હવામાનમાં આવેલા આ અચાનક ફેરફારની સામાન્ય જનજીવન પર પણ અસર જોવા મળી હતી.

# વલસાડના કપરાડામાં ટ્રક પાછળ કાર ઘૂસતાં એક જ પરિવારના ૭ લોકોનાં મોતઃ બે ગંભીર રીતે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કુંભઘાટ પર એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવતી ટ્રક અને કાર વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં એક જ પરિવારના ૭ સભ્યોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા, જ્યારે ૨ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થતા ચકચાર મચી ગઈ હતી. ગમખ્વાર અકસ્માતમાં કારની અંદર રહેલા પરિવારના સભ્યો ચગદાઈ જતા મોત નિપજ્યું હતું. આંબા જંગલ ગામના એક જ પરિવારના સામૂહિક મોતના સમાચાર મળતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસના કાફલાએ ઘટનાસ્થળે પહોંચી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા ૨ વ્યક્તિઓને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સામૂહિક મોતના સમાચાર મળતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતું અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનનું ગુજરાતમાં ભવ્ય આગમન

## ૫૦,૦૦૦ કાર્યકર્તાઓની જંગી મેદની ઊમટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો પદભાર સંભાળ્યા બાદ નીતિન નબીન પ્રથમ વખત ગુજરાત મુલાકાતે આવ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર તેમનું ભવ્ય અને પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યાં તેમને પાટણના સુપ્રસિદ્ધ પટોળાનો ખેસ પહેરાવીને આવકારવામાં આવ્યા હતા. ભાજપ દ્વારા આયોજિત જાહેર અભિવાદન કાર્યક્રમમાં અંદાજે ૫૦,૦૦૦ થી વધુ ઉત્સાહી કાર્યકર્તાઓ અને પક્ષના અગ્રણી નેતાઓ હાજર રહ્યા હતા.

પોતાના સંબોધનમાં નીતિન નબીને ગુજરાતની ધરતી અને અહીંના નેતૃત્વના વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, જે રીતે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતને એક કરવાનું ભગીરથ કાર્ય કર્યું હતું, તે જ પરંપરાને આગળ ધપાવતા દેશે અનેક મહાપુરુષો આપ્યા છે. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો આભાર માનતા ઉમેર્યું હતું કે, આજે ગુજરાત માત્ર ભારતનું જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે અને આ સફળતા પાછળ બૂથ લેવલના નાનામાં નાના કાર્યકર્તાનો અમૂલ્ય ફાળો છે.

તેમણે કહ્યું કે, ભાજપનું નેતૃત્વ પરંપરાથી ચાલે છે, અનુભવથી સમૃદ્ધ થાય છે અને રાષ્ટ્રસેવાના ભાવથી આગળ વધે છે. ભાજપ એવો રાજકીય પક્ષ છે જ્યાં રાજનીતિ સત્તા નહીં સાધના છે. રાજનીતિ ભોગ નહીં ત્યાગ છે. રાજનીતિ આરામ નહીં તપસ્યા છે, રાજનીતિ કોઈ પદભાર નહીં ઉત્તરદાયિત્વ છે.

મુલાકાત દરમિયાન તેમણે વિરોધ પક્ષો પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભાજપ એક સંપૂર્ણ રાજકીય પક્ષ છે જે સેવાને જ પોતાનો ધર્મ માને છે. ચૂંટણી આવતા જ કેટલીક 'હાફ પોલિટિકલ' પાર્ટીઓ સક્રિય થઈ જાય છે, જેમને દેશની કે પ્રજાની સુરક્ષાની કોઈ ચિંતા નથી. તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં થતાં આંદોલનો માત્ર પરિવર્તન માટે નહીં પણ હંમેશાં વિકાસ માટે હોય છે અને નાગરિકોના આશીર્વાદથી જ વડા પ્રધાન દેશને પ્રગતિના પંથે લઈ જઈ રહ્યા છે.

# સાહિત્ય ગૌરવ પુરસ્કાર ૨૦૨૪: ગુજરાતી ભાષા માટે પ્રવીણ દરજી-કચ્છી ભાષા માટે માવજી મહેશ્વરીને એનાયત

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વિશ્વ માતૃભાષા દિવસની પૂર્વસંધ્યાએ ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલા માતૃભાષા મહોત્સવ અંતર્ગત સાહિત્ય ગૌરવ પુરસ્કારો અર્પણ કર્યા હતા. ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૪ના વર્ષ માટેનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર ગુજરાતી ભાષા માટે પ્રવીણ દરજીને તથા કચ્છી ભાષા માટે માવજી મહેશ્વરીને એનાયત કર્યો હતો. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યુવા લેખકો-સાહિત્યકારોને અપાતા યુવા ગૌરવ પુરસ્કાર અન્વયે અજય સોની અને દીપક નંદાને ૨૦૨૪ના વર્ષ માટેના ગુજરાતી તથા કચ્છી ભાષા સાહિત્ય માટેના પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધતા મુખ્ય પ્રધાને માતૃભાષાને સામૂહિક અસ્તિત્વ અને સ્વાભિમાનનું પ્રતીક ગણાવતાં માતૃભાષા અને સંસ્કૃતિના જતન સંવર્ધન માટે યોગદાન આપવા માતૃભાષા પ્રેમીઓ, સાહિત્યરસિકો, લેખકો, સર્જકો અને પ્રબુદ્ધ નાગરિકોને આહવાન કર્યું હતું. આ તકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ મુખ્ય પ્રધાન સહિત ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ અવસરે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એક સાથે ૫૧ જેટલાં પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતુ.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી અને હરિદ્વાર વચ્ચે હોળી સ્પેશ્યલ ટ્રેન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા મુસાફરોની વધારાની ભીડને પહોંચી વળવા અને મુસાફરી વધુ સુવિધાજનક બનાવવા માટે સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંતર્ગત સાબરમતી અને હરિદ્વાર વચ્ચે 'હોળી સ્પેશિયલ' ટ્રેનના કુલ ૧૦ ફેરા કરવામાં આવશે. આ ઉપરાંત, અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે પણ વિશેષ ટ્રેન દોડાવવામાં આવી રહી છે, જેથી ઉત્તર ભારત તરફ જનારા મુસાફરોને મોટી રાહત મળશે.

રેલવેના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૯૪૨૫ સાબરમતીથી ૨૩ ફેબ્રુઆરી અને માર્ચ મહિનાની ૨, ૯, ૧૬, ૨૩ તારીખે સાંજે ૧૮:૪૫ વાગ્યે રવાના થશે અને બીજા દિવસે હરિદ્વાર પહોંચશે. વળતી મુસાફરીમાં ટ્રેન નંબર ૦૯૪૨૬ હરિદ્વારથી ૨૪ ફેબ્રુઆરી અને માર્ચની ૩, ૧૦, ૧૭, ૨૪ તારીખે રાત્રે ૨૧:૪૫ વાગ્યે ઊપડશે. આ ટ્રેન માર્ગમાં મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર અને દિલ્હી જેવા મુખ્ય સ્ટેશનો પર રોકાણ કરશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, ૩-ટિયર, સ્લીપર અને જનરલ કોચની સુવિધા ઉપલબ્ધ રહેશે.

અસારવા અને આગ્રા કેન્ટ વચ્ચે ટ્રેન નંબર ૦૧૯૨૦/૦૧૯૧૯ કુલ ૬૦ ફેરા કરશે, જે હિંમતનગર, ઉદયપુર અને સવાઈ માધોપુર થઈને દોડશે. અસારવાથી આ ટ્રેન ૩૦ માર્ચ સુધી દરરોજ (મંગળ અને બુધ સિવાય) બપોરે ૧૪:૫૦ વાગ્યે ઊપડશે. સાબરમતી-હરિદ્વાર ટ્રેન માટે બુકિંગ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થશે, જ્યારે અસારવા-આગ્રા ટ્રેનનું બુકિંગ હાલ ચાલુ છે.

# અંજારના ચંદિયા ગામે ગર્ભવતી પ્રેમિકાને પ્રેમીએ મિત્રની મદદથી ગળેટૂંપો આપી કૂવામાં ફેંકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર તાલુકાના ચંદિયા ગામ ખાતે બે પ્રેમીઓ વચ્ચે પાંગરેલા પ્રેમપ્રકરણનો દિલ દહેલાવી દેતો કરુણ અંજામ પ્રકાશમાં આવ્યો છે. જેમાં લગ્ન કરી લેવા માટે પ્રેમી સમક્ષ આજીજી કરતી ગર્ભવતી પ્રેમિકાના પ્રેમીએ તેના મિત્ર સાથે મળીને ગળેટૂંપો આપી, નિર્મમ હત્યા કરી નાખી હતી અને પુરાવાનો નાશ કરવા મૃત ગર્ભવતી પ્રેમિકાના મૃતદેહ સાથે ભારે પથ્થર બાંધીને અવાવરું કૂવામાં ફેંકી દીધો હતો. પોલીસે આ હત્યાકાંડનો પર્દાફાશ કરી આરોપી પ્રેમીની ધરપકડ કરી લીધી હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, અંજારના ચંદિયા ગામની મૃતક ૧૮ વર્ષીય રાધા સથવારા અને મિંદીયાળા ગામના આરોપી રાજેશ રબારી વચ્ચે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો. આ દરમિયાન રાધા ગર્ભવતી થતા તેણે રાજેશ પર લગ્ન કરવા માટે દબાણ શરૂ કર્યું હતું. જો કે, રાજેશ તેને પત્ની તરીકે સ્વીકારવા તૈયાર ન હોઈ તેણે રાધાથી કાયમ માટે જાન છોડાવી લેવા માટે કાવતરું ઘડ્યું હતું.

બે-ત્રણ દિવસ અગાઉ રાજેશ રાધાને લગ્ન કરવાના બહાને ઘરેથી ભગાડીને ગામના સીમાડે લઈ આવ્યો હતો. અહીં પૂર્વનિયોજિત કાવતરા મુજબ,તેણે મિત્ર રાહુલ રબારીની મદદ વડે લગ્નજીવનના સપનાં જોતી રાધાને ગળેટૂંપો આપી મોતને ઘાટ ઉતારી દીધી હતી.

હત્યા કર્યા બાદ ગર્ભવતી રાધાના મૃતદેહને વજનદાર પથ્થર સાથે બાંધ્યો હતો. પથ્થર બાંધેલી હાલતમાં મૃતદેહને ઢસડીને બંને મિત્રો ગામના સીમાડે આવેલા ઊંડા કૂવામાં ફેંકી દીધો હતો.

# કચ્છમાં એસએમસીના સૌથી મોટા દરોડા, ભુજમાં ચાર કરોડથી વધુની કિંમતનો દારૂ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં નશાખોરીનું દૂષણ સતત વ્યાપક બની રહ્યું છે તેવામાં સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને ભુજ તાલુકાના ધાણેટી-વડવાલા ગામના સીમાડે ત્રાટકેલી ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ ચાર કરોડથી વધુની કિંમતના શરાબના જંગી જથ્થાને જપ્ત કરી, માદક પદાર્થો ઘુસાડવાના સોફ્ટ પેસેજ બની ચૂકેલા કચ્છમાં ધમધમી રહેલા શરાબના સંગઠિત નેટવર્કને ખુલ્લું પાડ્યું હતું.

કચ્છની અત્યારસુધીની સૌથી મોટી દારૂ પકડવાની કામગીરી અંગે પ્રાપ્ત વિગતો મુજબ, સ્ટેટ મોનિટરિંગ સેલને મળેલા ચોક્કસ ઈનપુટના આધારે ભુજ તાલુકાના વડવાલા ગામના સર્વે નંબર ૩૯ના પ્લોટ પર દરોડો પાડ્યો હતો. આ પ્લોટ પર દરોડા સમયે વિદેશી દારૂનું કટિંગ કરી રહેલા બુટલેગરોમાં રાજ્યસ્તરની પોલીસને જોઈને નાસભાગ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની રૂ.૪,૦૦,૮૫,૨૭૦ના મૂલ્યની કુલ ૫૬,૦૮૮ બોટલો કબજે કરી હતી. આ ઉપરાંત કચ્છમાં દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતા કુલ ૬ જેટલા રૂ.૧.૦૮ કરોડના મૂલ્યના નાના-મોટા વાહનો જેમાં બે ટાટા ટ્રક, ત્રણ મિની ટ્રક અને એક બોલેરો પીક-અપ જીપને જપ્ત કરવાની સાથે કુલ રૂ. ૫,૦૯,૦૬,૨૭૦નો મુદ્દામાલ પદ્ધર પોલીસ મથકને સોંપવામાં આવ્યો હતો.

રાજ્યસ્તરની પોલીસે સર્વે નંબર ૩૯ના પ્લોટ પર દારૂનું કટિંગ કરી રહેલા જસરામ જગા ભરવાડ અને વિશાલ બિરેન કરમકામની ધરપકડ કરી છે. આ પ્રકરણમાં પોલીસે ૨૩ જેટલા નામચીન બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા છે. જેમાં કચ્છના લિસ્ટેડ બુટલેગરો નવઘણ રાજગોર, અનોપસિંહ રાઠોડ, દેવેન્દ્ર કાપડી અને હરિયાણાના સપ્લાયર મુસ્તફા ઉર્ફે મહાકાલ પઠાણનો સમાવેશ થાય છે. આ કેસમાં પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સંગઠિત ગુનાખોરી સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

છેક ગાંધીનગરથી ત્રાટકેલી ટુકડી દ્વારા કરવામાં આવેલી આ સીધી કાર્યવાહીએ પશ્ચિમ કચ્છ પોલીસની શરાબના કાળા કારોબારીઓ વિરુદ્ધની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

# નરોડા જીઆઈડીસીમાં ઝેરી ગૅસની તપાસઃ ત્રણ કંપનીને 'ક્લીન ચિટ', ત્રણને ફટકારાઈ 'નોટિસ' અને ૧ને તાળાં

અમદાવાદઃ જિલ્લાના નરોડા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી કેમિકલ કંપનીઓ દ્વારા રાત્રિના સમયે ઝેરી ગેસ છોડવામાં આવતો હોવાની ફરિયાદો અંગે વિધાનસભામાં પુછાયેલા પ્રશ્નના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં આ અંગે કુલ ૦૭ ફરિયાદો સરકારને મળી હતી. વર્ષ ૨૦૨૪માં ૧ અને વર્ષ ૨૦૨૫માં ૬ ફરિયાદો નોંધાઈ હતી. સરકારે જવાબમાં જણાવ્યું હતું કે પશુપતિ ઇન્ડસ્ટ્રીઝ વિરુદ્ધ હવા પ્રદૂષણ નિયંત્રણ અધિનિયમ ૧૯૮૧ હેઠળ કડક પગલાં લેવાયા હતા અને એકમને બંધ કરવાનો હુકમ પાઠવવામાં આવ્યો હતો. તેમ જ રૂ. ૨,૦૦,૦૦૦નું પર્યાવરણીય વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત, કંપની પાસેથી રૂ. ૨,૦૦,૦૦૦ની બેન્ક ગેરંટી પણ લેવામાં આવી હતી. અન્ય એકમો જેમ કે રાજીવ ઉદ્યોગ અને મે. એન્વાયરો પ્રોજેક્ટ લિમિટેડને પણ હવા પ્રદૂષણ નિયમોના ઉલ્લંઘન બદલ કારણ દર્શક નોટિસ ફટકારવામાં આવી હતી. સરકાર દ્વારા કુલ ૭ એકમોની તપાસ કરવામાં આવી હતી, જેમાં દીશમાન કારબોજેન અમીક્સ લિ.ને મળેલી ત્રુટીઓ અન્વયે લેખિત સૂચનાઓ પાઠવી સુધારા કરવા જણાવાયું હતું. જોકે, કેટલીક કંપનીઓ જેવી કે મે. એમ. એસ. કેમિકલ અને કે. એસ. કેમિકલની ચકાસણી દરમિયાન હવાનું પ્રદૂષણ જોવા મળ્યું ન હતું.

# પાકિસ્તાની જેલમાં ગુજરાતના ૧૨૮ માછીમારો કેદઃ છેલ્લાં બે વર્ષમાં ત્રણનાં કરુણ મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના દરિયાકાંઠેથી માછીમારી કરતી વખતે સરહદ ઓળંગી જવાના કારણે પાકિસ્તાની સત્તાવાળાઓ દ્વારા પકડાયેલા માછીમારો અંગે વિધાનસભામાં ગોપાલ ઈટાલીયા દ્વારા પુછાયેલા પ્રશ્નના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ની સ્થિતિએ ગુજરાતના કુલ ૧૨૮ માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે. છેલ્લાં બે વર્ષમાં પાકિસ્તાનની જેલમાં ૩ માછીમારોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. વર્ષ ૨૦૨૪ દરમિયાન ૨ અને વર્ષ ૨૦૨૫માં ૧ માછીમારનું મૃત્યુ નીપજ્યું હોવાનું સરકારે સત્તાવાર રીતે સ્વીકાર્યું હતું.

જેલમાં બંધ આ ભારતીય માછીમારોને વહેલી તકે મુક્ત કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું સરકારે જણાવ્યું હતું. સરકારના જણાવ્યા અનુસાર, માછીમારોને છોડાવવા માટે કેન્દ્ર સરકારને સમયાંતરે પત્રો પાઠવીને જરૂરી રજૂઆતો કરવામાં આવી હતી. પાકિસ્તાની જેલમાં બંધ માછીમારોનો મુદ્દો અત્યંત સંવેદનશીલ હોવાથી રાજ્ય સરકાર કેન્દ્રના માધ્યમથી પાકિસ્તાન સરકાર પર દબાણ વધારવાની પ્રક્રિયા કરી રહી છે તેમ સરકારે જણાવ્યું હતું.

# શેત્રુંજય ગિરિરાજની 'ફાગણ ફેરી' માટે પાલિતાણા-બાંદ્રા સ્પેશ્યલ ટ્રેન જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવે દ્વારા આગામી 'ફાગણ ફેરી' ના પાવન અવસરે પાલિતાણા જૈન મંદિર ખાતે આવતા શ્રદ્ધાળુઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને એક વિશેષ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જૈનોના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાલિતાણાનાં શેત્રુંજય ગિરિવર ઉપર છ ગાઉ પરિક્રમા પર ખૂબ મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓ પાલિતાણા પહોંચતા હોય છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૯૦૨૩ બાંદ્રા ટર્મિનસથી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ રાત્રે ૨૧.૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે બપોરે ૧૨.૦૦ વાગ્યે પાલિતાણા પહોંચશે. આ ટ્રેન મુસાફરોની સુવિધા માટે બંને દિશામાં સિહોર, સોનગઢ, ધોળા, બોટાદ, અમદાવાદ, વડોદરા અને સુરત જેવાં મુખ્ય સ્ટેશનો પર રોકાણ કરશે. વળતી મુસાફરીમાં ટ્રેન નંબર ૦૯૦૨૪ પાલિતાણા-બાંદ્રા સુપરફાસ્ટ સ્પેશિયલ ૧ માર્ચ ૨૦૨૬ (રવિવાર) ના રોજ પાલિતાણાથી રાત્રે ૨૦.૦૦ વાગ્યે ઊપડશે અને બીજા દિવસે બપોરે ૧૨.૦૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેનમાં મુસાફરો માટે સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ તેમજ જનરલ સેકન્ડ ક્લાસના કોચ ઉપલબ્ધ રહેશે. ટ્રેન નંબર ૦૯૦૨૩ અને ૦૯૦૨૪ માટેનું બુકિંગ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ (શનિવાર) થી તમામ મુસાફર આરક્ષણ કેન્દ્રો અને રેલવેની અધિકૃત વેબસાઇટ પરથી શરૂ થશે.

૨૦૪ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 44 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન સુદ -૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 February 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ટ્રમ્પના ટૅરિફનું ટાંય ટાંય ફિસ્સ

### અમેરિકાની સુપ્રીમ કૉર્ટે ટૅરિફને ગેરકાયદે ઠેરવી

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વિશ્વભરના દેશો પર વધુ ટૅરિફ લાદવાના લીધેલા નિર્ણયને સુપ્રીમ કોર્ટે ૬-૩થી રદ જાહેર કર્યો હતો.

કોર્ટના આ ચુકાદાને કારણે ટ્રમ્પના મહત્ત્વના આર્થિક એજન્ડાને મોટો ફટકો પડશે.

જોકે કંપનીઓ પાસેથી અત્યાર સુધીમાં વસૂલવામાં આવેલી ટૅરિફનું રિફન્ડ પાછું મળશે કે નહીં એ વિશે ચુકાદામાં કોઈ ફોડ પાડવામાં નહોતી આવી. અત્યાર સુધીમાં અબજો ડૉલરની ટૅરિફની વસૂલાત થઈ છે.

ચીફ જસ્ટિસ જોન રોબર્ટસે પોતાના ચુકાદામાં લખ્યું હતું કે, બંધારણે કૉંગ્રેસને ટૅરિફ સહિતના ટૅક્સ લાદવાની સત્તા આપી છે. બંધારણના ઘડવૈયાઓએ ટૅક્સ લાદવાની સત્તા કારોબારી શાખાને નથી આપી.

ઈમર્જન્સી પાવર લૉ અંતર્ગત જુદા જુદા દેશો પર રેસિપ્રોકલ ટૅરિફ સહિત ટૅરિફ લાદવાના ટ્રમ્પે લીધેલા નિર્ણયને ધ્યાનમાં રાખીને કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટ સાથે બાથ ભીડવાને મામલે ટ્રમ્પને લાગેલો આ પહેલો ઝટકો છે. ટ્રમ્પે પોતાના ટૅરિફના એજન્ડાને આગળ વધારવા પ્રથમ મુદતમાં કાયદાના ત્રણ રૂઢીચુસ્ત નિષ્ણાતની નિમણૂક કરી હતી. જોકે આને કારણે ટ્રમ્પને અન્ય ટૅક્સ લાદવાની સત્તા પર કાપ નથી મુકાતો. જોકે ટૅરિફને સ્થાને લદાનારા અન્ય ટૅક્સની વસૂલાતના અમલમાં સમય જાય એમ છે અને એ ટૅરિફ જેટલા અસરદાર નથી.

ટ્રમ્પે આને અમેરિકાના ઈતિહાસનો સૌથી મહત્ત્વનો કેસ લેખાવ્યો હતો અને કહ્યું હતું કે આ મામલે મારી વિરુદ્ધનો ચુકાદો દેશના અર્થતંત્રને ફટકો મારવા સમાન હશે.

હાથ ધરવામાં આવેલા મતદાનમાં ટૅરિફની તરફેણમાં લોકમત ન હોવાનું જણાઈ આવ્યું હતું.

ટ્રમ્પની મનસ્વીપણે ટૅરિફ લાદવાની નીતિને લીધે આખા જગતમાં હાહાકાર મચી ગયો હતો. ટૅરિફ નામના શસ્ત્રનો ઉપયોગ કરીને અમેરિકા હરીફ દેશો પાસે પોતાની મનમાની શરતો મનાવી લેતું હતું. જોકે હવે જ્યારે ટ્રમ્પ પાસે આ હથિયાર નથી રહ્યું અને અમેરિકી અર્થતંત્રને પગભર કરવા માટે તેમની પાસે બીજી કોઈ નીતિ પણ નથી ત્યારે સુપ્રીમ કોર્ટનો ચુકાદો અમેરિકા પર ખૂબ ખરાબ અસર કરનારો સાબિત થશે. (એજન્સી) ■

ANTARA GOLD & DIAMONDS DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 14,391/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## એઆઈ સમિટને લાગ્યું કૉંગ્રેસી કરતૂતનું કલંક

### યુવા કાર્યકર્તાઓનું શર્ટલેસ વિરોધપ્રદર્શનઃ ભાજપે આ કૃત્યને ટૉપલેસ, બ્રેઈનલેસ અને શૅમલેસ કહી વખોડ્યુંઃ ચારની ધરપકડ

પશ્ચિમ બંગાળમાં 'સર' મામલે સુપ્રીમ કોર્ટનો અભૂતપૂર્વ આદેશ ૨



નવી દિલ્હીમાં એઆઈ સમિટમાં શર્ટલેસ દેખાવો કરી રહેલા યુવા કૉંગ્રેસના કાર્યકરો.

નવી દિલ્હીઃ ઈન્ડિયન યુથ કૉંગ્રેસના કાર્યકર્તાઓએ શુક્રવારે એઆઈ ઈમ્પેક્ટ સમિટ એક્ઝિબિશન હૉલ ખાતે શર્ટલેસ વિરોધપ્રદર્શન કર્યું હતું. પક્ષના ભૂતપૂર્વ વડા રાહુલ ગાંધીના ઈશારે ભારતની વૈશ્વિક છબી ખરડવા કૉંગ્રેસના યુવા કાર્યકર્તાઓ દ્વારા આ પ્રદર્શન કરવામાં આવ્યું હોવાનો ભાજપે આક્ષેપ કર્યો હતો.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર એઆઈ સમિટ ખાતે વિરોધપ્રદર્શન કરી રહેલા ચારની ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ કરાયેલા લોકોને કૃષ્ણ હરિ (બિહાર) આઈવાયસીના રાષ્ટ્રીય સચિવ, કંદન યાદવ (બિહાર) આઈવાયસીના રાજ્ય સચિવ, અજયકુમાર આઈવાયસીના વડા (ઉત્તર પ્રદેશ એકમ) અને નરસિંહા યાદવ (તેલંગણા) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.

ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કૉંગ્રેસને ત્રણ શબ્દમાં ટૉપલેસ, બ્રેઈનલેસ

(જુઓ પાનું ૨) ▶▶

અજય મોદી સમર ધમાકા
APRIL-MAY-JUNE
અયોધ્યા વારાણસી
છપૈયા - ચિત્રકુટ
₹20999* વ્યક્તિ દીઠ થી શરૂ ૭ દિવસ
ગુજરાતી-પંજાબી કાઠીયાવાડી ભોજન - ટુર મેનેજર
કાંદીવલી-63596 19321

## એઆઈ ૪૦ ટકા નોકરી ખાઈ જશેઃ આઈએમએફ

નવી દિલ્હીઃ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ને લીધે વૈશ્વિક વિકાસ ૦.૮ ટકા જેટલો વધી શકે અને ભારતને વિકસિત ભારતનું લક્ષ્ય સિદ્ધ કરવામાં મદદ કરી શકે પરંતુ આમાં રોજગાર ઓછા થવાનો અને નાણાકીય સ્થિરતા ખોરવી નાખવાનો ભય રહેલો છે, એમ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)નાં મેનેજિંગ ડિરેક્ટર ક્રિસ્ટાલિયાના જ્યોર્જિવાએ કહ્યું હતું.

તેમણે એઆઈના ત્રણ મોટા ભયસ્થાનો બતાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે અમુક દેશો પાસે ટેક્નોલોજી હશે અને અમુક પાસે નહીં હોય. આને લીધે દેશ અને વિશ્વની નિષ્પક્ષતા ઓછી થશે. એઆઈ નાણાકીય સ્થિરતાને જોખમમાં મૂકી શકે. એઆઈ ફાયનાન્સિયલ માર્કેટમાં હાહાકાર મચાવી શકે. આ જોખમ ઘણું મોટું છે. એઆઈ લેબર માર્કેટ પર સુનામીની જેમ ત્રાટકશે. એઆઈને લીધે આખા વિશ્વમાં ૪૦ ટકા રોજગાર પર અસર પડશે. વિકસિત દેશમાં ૬૦ ટકા જેટલી અસર પડી શકે. ટેક્નોલોજી અંગે આશાવાદ વ્યક્ત કરવાની સાથે તેમણે એઆઈના પ્રભાવ પર સાકરનું પડ લગાડવા સામે ચેતવણી આપી હતી. તેમણે એઆઈના મેનેજમેન્ટ અને ઘડતરમાં સારા પરિબળ અને ખરાબ પરિબળ તરીકે સમતુલા સ્થાપવાની સલાહ આપી હતી.


તેમણે કહ્યું હતું કે એઆઈને લીધે વૈશ્વિક વિકાસ

(જુઓ પાનું ૨) ▶▶

SUMMER 2026 GUARANTEED GROUP DEPARTURES
પેકેજમાં સમાવિષ્ટ
એરફેર-સ્ટે-સાઈટ સીઈંગ-ટ્રાન્સફર -વિઝા
પ્યોર વેજ અને આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
8N 9D GREECE ₹ 2,85,000* PP
8N 9D SOUTH KOREA ₹ 2,80,000* PP
10N 11D SOUTH AFRICA ₹ 2,60,000* PP
10N 11D BAKU & GEORGIA ₹ 1,95,000* PP
6N 7D VIETNAM ₹ 1,75,000* PP
8N 9D BAKU ₹ 1,20,000* PP
CLASSIC TRAVEL SHOPPE PVT. LTD.
CLASSIC HOLIDAYS 022 40 888 888 +91 99309 44453
H.O.: Lower Parel (Branches-Borivali, Surat, Ahmedabad)

સમીર શાહ ના સથવારે...
કેનેડિયન રોકીઝ
10 NIGHTS TOUR + OPTIONAL 7 NIGHTS ALASKA CRUISE
2 JULY, 100% Confirmed (Few Seats)

Per Adult (2 in 1 Room) = US$ 4850 = ₹4,46,000*
Per Adult (4 in 1 Room) = US$ 4250 = ₹3,91,000*
BOOK EARLY & SAVE ON FLIGHT & ALASKA CRUISE
*EXCLUDES: Flight, Cruise, 5% GST, 5% TCS, Visa
9769000799 9820026046
Dolphin Tours






## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કોર્ટ મેરેજ માટે માતા-પિતાની ફરજિયાત સંમતિ ગેરબંધારણીય

**ગુજરાત** સરકારે અંતે પાટીદારો સહિતની જ્ઞાતિઓની દબાણ હેઠળ ઝૂકીને લગ્ન નોંધણીની પ્રક્રિયામાં સુધારો કરવાનું એલાન કરી દીધું. અત્યાર દેશમાં રજિસ્ટ્રેશન ઓફ મેરિજીસ રૂલ્સ હેઠળ છોકરી ૧૮ વર્ષની હોય ને છોકરો ૨૧ વર્ષનો હોય એટલે પોતાની ઉંમર, ફોટોગ્રાફ અને રહેઠાણના પુરાવા રજૂ કરીને લગ્ન માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે પણ હવે પછી લવ મેરેજ એટલે કે કોર્ટ મેરેજ કરતાં પહેલાં માતા-પિતાને જાણ કરવાની રહેશે ને આડકતરી રીતે તેમની સંમતિ ફરજિયાત કરી દેવાઈ છે.

ગુજરાત સરકારે કરેલી જાહેરાતમાં ગુજરાતમાં ભવિષ્યમાં કોર્ટ મેરેજ માટે કઈ પ્રક્રિયાને અનુસરવાનું રહેશે તેની આખી રૂપરેખા અપાઈ છે. આ રુપરેખા પ્રમાણે, લવ મેરેજ કરવા માગતાં યુવક-યુવતી મેરેજ રજિસ્ટ્રારને ત્યાં રજિસ્ટ્રેશન કરાવે કે તરત તેમનાં મા-બાપને વોટ્સએપ મેસેજ મારફતે કે પછી પત્ર મોકલીને રજિસ્ટ્રેશન કરાવ્યાની જાણ થશે. આ જાણ ૧૦ દિવસમાં કરવાની છે ને તેનો મતલબ એ કે, મેરેજ રજિસ્ટ્રારે પ્રેમ લગ્ન માટે માતાપિતાને ફરજિયાત ૧૦ દિવસની નોટિસ આપવાની રહેશે.

પહેલાં રજિસ્ટ્રેશનના ૩૦ દિવસમાં મેરેજે રજિસ્ટર્ડ એટલે કે લગ્નની નોંધણી થઈ જતી પણ નવા નિયમમાં રજિસ્ટ્રેશન કરાવ્યાના ૧૦ દિવસમાં માતા-પિતાને જાણ કરવાની હોવાથી ૪૦ દિવસમાં લગ્નની નોંધણી થશે. નવા નિયમમાં રજિસ્ટ્રેશન વખતે માતા-પિતાના આધાર કાર્ડ અને રહેઠાણના પુરાવા પણ આપવાના છે. માતા-પિતાના આધાર કાર્ડની ચકાસણી પણ ફરજિયાત કરાઈ છે અને કોર્ટ મેરેજની તમામ વિગતો માટે ખાસ ઓનલાઈન પોર્ટલ શરૂ કરાશે.

મીડિયાએ આ નવા નિયમો અત્યારથી અમલી બની ગયા હોય એવું ચિત્ર ઊભું કર્યું છે પણ વાસ્તવમાં ગુજરાત સરકારે નિયમોમાં સુધારો કરતાં પહેલાં લોકો પાસેથી વાંધા અને સૂચનો મગાવ્યાં છે. વાંધા અને સૂચનો ૩૦ દિવસમાં મોકલી શકાશે. તેના પર વિચારણા કર્યા પછી નવા નિયમો અમલી બનશે પણ અત્યારથી જ ગુજરાતની ભાજપ સરકાર પર અભિનંદનોની વર્ષા થવા માંડી છે.

ગુજરાત સરકારે ભાગેડુ લગ્નો રોકવા માટે નિયમોમાં સુધારો કરવાની જાહેરાત કરી છે પણ આ રીતે કહેવાતાં ભાગેડુ લગ્નોને રોકી ના શકાય. તેનું કારણ એ કે, આ દેશનું બંધારણ પુખ્ત વયનાં લોકોને પોતાની મરજીથી લગ્નની છૂટ આપે છે અને તેના માટે માતા-પિતાની સંમતિ જરૂરી નથી. ભારતમાં લગ્નની સ્વતંત્રતા મૂળભૂત અધિકાર છે. બંધારણની કલમ ૨૧ (જીવન અને સ્વતંત્રતાનો અધિકાર) અને કલમ ૧૯ માં જ્ઞાતિ કે ધર્મને ધ્યાનમાં લીધા વિના પુખ્ત વયના લોકોને પરસ્પર સંમતિથી તેમના જીવનસાથી પસંદ કરવાનો અધિકાર આપે છે. આ સંજોગોમાં આ નવા નિયમો સંપૂર્ણપણે ગેરબંધારણીય છે. આ નિયમો હેઠળ રજિસ્ટ્રેશન પછી માતા-પિતાને જાણ થાય તો પણ એ લોકો લગ્નને કાયદેસર રીતે રોકી જ ના શકે. અલબત્ત ધમપછાડા કરી શકે ને દબાણ લાવીને લગ્નને રોકવા ઉધામા કરી શકે.

ગુજરાતના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ આ ફેરફારો કહેવાતી લવ જિહાદને રોકવા માટે હોય એવું ચિત્ર ઊભું કરવા ડાયલોગ ફટકાર્યો છે કે, લવ મેરેજ સામે વાંધો નથી પણ કોઈ સલીમ સુરેશ બનીને છોકરીઓને ફસાવે એ નહીં ચલાવી લેવાય. સંઘવી સાહેબની ભાવના સારી છે પણ તેના માટે નવો કાયદો બનાવવાની ક્યાં જરૂર છે ? કોઈ મુસ્લિમ છોકરો પોતાની ઓળખ છૂપાવીને ખોટું નામ ધારણ કરીને કોઈ હિંદુ છોકરીને ફસાવે તો તેની સામે પગલાં પણ લઈ શકાય છે અને આ રીતે ખોટી ઓળખ બતાવીને કરેલાં લગ્નને રદબાતલ પણ કરાવી શકાય છે. ખોટી ઓળખ આપીને છોકરીને ફસાવનાર સામે છેતરપિંડી, ઓળખ ચોરી એટલે કે આઈડેન્ટિટી થેફ્ટ અને બીજી કલમો હેઠળ ક્રિમિનલ કેસ ચલાવી શકાય છે અને ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજા પણ કરાવી શકાય છે.

ઈન્ડિયન પિનલ કોડ (આઈપીસી)માં છેતરપિંડીથી લગ્ન કરનાર સામે કલમ ૪૯૬ હેઠળ કેસ ચાલતો અને ૭ વર્ષ સુધીની સજા થતી પણ નરેન્દ્ર મોદી સરકારે આઈપીસીના સ્થાને બનાવેલા ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)માં તો સજાની જોગવાઈ વધારીને ૧૦ વર્ષ સુધીની કરી દેવાઈ છે. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૬૯ હેઠળ તો કોઈ વ્યક્તિ ઓળખ છૂપાવીને શારીરિક સંબંધો બાંધે તો બળાત્કારનો ગુનો લાગુ પડે છે અને ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજા છે. મુસ્લિમ યુવકો હિંદુ યુવક બનીને છોકરીઓને ભોળવે છે ને પછી તેમની સાથે શરીર સંબંધો બાંધીને તેમને લગ્ન કરવાની ફરજ પાડે છે એવા આક્ષેપો થાય છે. આ પ્રકારની ઘટનાઓમાં ખોટું નામ ધારણ કરનારને ૧૦ વર્ષ માટ અંદર કરવાની જોગવાઈ મોદી સરકારે પોતે જ કરી છે.

ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૮૩ હેઠળ છેતરપિંડી કરીને કરાતાં લગ્ન ફોજદારી ગુનો છે. એ જ રીતે કોઈ વ્યક્તિ પહેલાંથી જ પરિણીત હોય અને પહેલાં લગ્ન છુપાવીને બીજા લગ્ન કરે તો પણ કલમ ૮૨ (૨) હેઠળ ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે. ભારતીય ન્યાય સંહિતામાં બીજી પણ ઘણી કલમો એવી છે કે જે લગાડીને કહેવાતી લવ જિહાદ કરનારાંને જેલમાં ધકેલી શકાય છે અને આકરી સજા કરાવી શકાય છે.

આ બધા કાયદા પાછા કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે જ બનાવ્યા છે ને પહેલાં જે પણ છટકબારીઓ હતી એ બંધ કરીને કોઈ કાયદાને પાંગળો નથી રહેવા દીધો. એ છતાં કોઈ સલીમ સુરેશ બનીને છોકરીઓને ફસાવતો હોય ને તેને કશું ના કરી શકાતું હોય તો એ પોલીસની નિષ્ફળતા કહેવાય, રાજ્ય સરકારની નિષ્ફળતા કહેવાય.

આ નિષ્ફળતા નવો કાયદો બનાવવાથી દૂર થશે એવું ઠસાવવા સરકાર મથે છે ત્યારે એક બીજી વાત પણ સમજવા જેવી છે. જેમણે પણ લવ મેરેજ અંગે માતા-પિતાની મંજૂરી ફરજિયાત કરવાનો ઉપાડો લીધો છે તેમને તો તમામ પ્રકારનાં લવ મેરેજ સામે વાંધો છે. સલીમ ને સુરેશની વાતો કરીને આખી વાતને કોમવાદી રંગ અપાઈ રહ્યો છે પણ હિંદુઓમાં થતાં આંતરજ્ઞાતિય લગ્નો સામે તેમને તો વાંધો છે. સંકુચિત માનસિકતા ધરાવતાં આ લોકો એમ જ માને છે કે, પટેલની છોકરી પટેલમાં જ પરણવી જોઈએ ને રબારીની છોકરી રબારીમાં જ પરણવી જોઈએ ને ક્ષત્રિયની છોકરી ક્ષત્રિયમાં જ પરણવી જોઈએ. તેમને તો હિંદુઓમાં જ બીજી જ્ઞાતિના છોકરા સાથે કોઈ છોકરી પરણે એ પણ મંજૂર નથી. આવી વાત ચોખ્ખેચોખ્ખી કહેવા જાય તો હિંદુ એકતામાં ફાચર મારે છે એવું આળ આવે એટલે સલીમને સુરેશની વાતો માંડીને બેસી ગયા છે.

આ સંકુચિત માનસિકતા ધરાવતી જ્ઞાતિઓની મતબેંકો મોટી છે તેથી સરકાર તેમને નારાજ કરવા નથી માગતી. ગુજરાતમાં મહિના-બે મહિનામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે ને એ વખતે આ મુદ્દો ચાલે તો ભાજપને ફટકો પડી જાય. ભાજપ અત્યારે ચૂંટણીમાં નુકસાન વહોરવા માગતો નથી તેથી આ નિયમ બનાવવાની વાત સ્વીકારી લીધી છે.

ગુજરાત સરકારે ૩૦ દિવસમાં વાંધા-સૂચનો મંગાવીને નવા નિયમોનો અમલ કરવાનું નક્કી કર્યું છે તેથી ૩૦ દિવસ પછી શું થાય છે એ જોવાનું છે. બંધારણીય રીતે આવા વાહિયાત નિયમો બનાવી જ ના શકાય પણ ચૂંટણીમાં ફાયદો મેળવવાના ઈરાદાથી ભાજપ સરકારે કરેલી જાહેરાતનો સુપ્રીમ કોર્ટ ડૂચો કરી નાંખે એ પણ શક્ય છે તેથી ધીરી બાપુડિયાં, આગે આગે દેખિયે હોતા હૈ ક્યા.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શનિવાર, ૨૧-૨-૨૦૨૬, વિનાયક ચતુર્થી.

- ભારતીય દિનાંક ૨, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ-૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ -૪
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી રાત્રે ક. ૧૯-૦૬ સુધી, પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં રાત્રે ક. ૧૯-૦૬ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૪ (તા. ૨૨)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૩, રાત્રે ક. ૨૦-૨૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન - શુક્લ ચતુર્થી. વિનાયક ચતુર્થી, સંત ચતુર્થી (ઓરિસ્સા), ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩-૦૦ સુધી, પંચક સમાપ્તિ રાત્રે ક. ૧૯-૦૬ સુધી,
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શનિદેવતાનું પૂજન,મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, શનિ-બુધ દેવતાનું પૂજન, ગણેશ મંદિરમાં ધજા-કળશ પતાકા ચઢાવવી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પશુ લેવડદેવડ.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધ ત્રિકોણ મહેનતું
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# બંગાળના મતદારોના વાંધાવચકાના અંતિમ નિર્ણયમાં સહાય કરવા ન્યાયાધિશો નિમાશે

## 'સર' મામલે પશ્ચિમ બંગાળ સરકાર અને ચૂંટણી પંચ વચ્ચેના અવિશ્વાસને પગલે નિર્ણય

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક અસામાન્ય નિર્ણયમાં પશ્ચિમ બંગાળમાં મતદારયાદીની સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રીવ્યુ (ખાસ સઘન સમીક્ષા, સર)માં દાવા અને વાંધા અંગે ન્યાયીક નિર્ણય લેવા સેવા આપી રહેલા અને નિવૃત્ત અદાલતી અધિકારી(વર્તમાન અને ભૂતપૂર્વ જિલ્લાન્યાયધીશો)ની ઈલેકટરલ રજિસ્ટર ઑફિસર (ઈઆરઓ) તરીકે નિમણૂક કરવાનો કલકત્તા હાઈ કોર્ટને આદેશ આપ્યો છે. પશ્ચિમ બંગાળ સરકાર અને ચૂંટણી પંચ વચ્ચે 'વિશ્વાસની ખાધ'ના વાતાવરણને પગલે આ નિર્ણય લેવાયો હોવાનું કોર્ટે કહ્યું હતું.

અદાલતે કહ્યું હતું કે નિમાયેલા આ અધિકારીઓને માઈક્રો ઓબઝર્વર અને રાજ્ય સરકારના અધિકારીઓ મદદ કરશે. સર્વોચ્ચ અદાલતે કલેકટર અને સુપરિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ (એસપી)ને અધિકારીઓને સુરક્ષા તથા જરૂરી સામગ્રી-ટેકો આપવાનો હુકમ બહાર પાડ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે મમતા બેનરજીની આગેવાની હેઠળની રાજ્ય સરકાર અને ચૂંટણી પંચ વચ્ચે વિશ્વાસના અભાવની ગંભીર નોંધ લીધી હતી. મમતાએ ચૂંટણી પંચની આકરી ટીકા કરતા કહ્યું હતું કે તે લોકોની સાથે આતંકવાદી જેવો વર્તાવ કરે છે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે રાજ્યમાં રહેલી 'અભૂતપૂર્વ પરિસ્થિતિ'ને લીધે 'અભૂતપૂર્વ આદેશ' આપવો પડ્યો છે. અસામાન્ય સંજોગોની નોંધ લઈને મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે કલકતાની વડી અદાલતના મુખ્ય ન્યામૂર્તિને સેવામાં રહેલા કે નિવૃત્ત થયેલા જિલ્લા સ્તરના જજ કે જિલ્લા સ્તરના વધારાના જજને ઈલેકટરલ રજિસ્ટર ઑફિસર તરીકે નિમવાનો આદેશ આપ્યો હતો જેથી તેઓ મતદારયાદીમાં ઉમેરા કે બાદબાકી કરવાના તાર્કિક વિસંગતી ધરાવતા દાવા કે વાંધા પર નિર્ણય લે. ચૂંટણી પંચ અને બંગાળ સરકાર વચ્ચે રાજ્યની મતદારયાદીની ખાસ સમીક્ષામાં અધિકારીને મોકલવા અને તેમની રેન્ક વિશેની મડાગાંઠનો નિવેડો લાવવા સુપ્રીમ કોર્ટે આ દરમિયાનગીરી કરી હતી. અદાલતે કહ્યું હતું કે રાજ્ય સરકાર કે ચૂંટણી પંચ વચ્ચે કઈ રેન્કના અધિકારીને કામ આપવાનો નિર્ણય કરવો અશક્ય છે. બેન્ચમાં સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલયા બાગચી અને વિપુલ એમ. પંચોલીનો સમાવેશ થાય છે.

# એપ્રિલથી કેશમાં ટૉલ નહીં, ફાસ્ટેગ કે યુપીઆઇ પેમેન્ટ ફરજિયાત કરવાની વિચારણા

નવી દિલ્હીઃ ઓથોરિટી ઓફ ઇન્ડિયા(એનએચએઆઇ) દેશભરમાં ધીમે ધીમે રોકડ વ્યવહારો સમાપ્ત કરવાની વિચારણા કરી રહ્યું હોવાથી હવે નેશનલ હાઇવે પર મુસાફરી કરનારા લોકોને ટૂંક સમયમાં ટૉલ પ્લાઝા પર સંપૂર્ણપણે ડિજિટલ પેમેન્ટ મોડ પર આધાર રાખવો પડી શકે છે.

મીડિયા અહેવાલ અનુસાર હાઇવે ઓથોરિટીએ જણાવ્યું કે આના અમલ પછી નેશનલ હાઇવે ફી પ્લાઝા પર તમામ ટૉલ પેમેન્ટ માત્ર ફાસ્ટેગ અથવા યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઇ)નો ઉપયોગ કરીને ડિજિટલ મોડ દ્વારા કરવાના રહેશે.

ઓથોરિટીએ જણાવ્યું કે તે પહેલી એપ્રિલ, ૨૦૨૬થી દેશભરના નેશનલ હાઇવે ફી પ્લાઝા પર રોકડ વ્યવહારો બંધ કરવાની વિચારણા કરી રહ્યું છે. જેનો ઉદ્દેશ્ય સંપૂર્ણપણે ડિજિટલ ટૉલ ઇકોસિસ્ટમ બનાવવાનો છે.

આ પ્રસ્તાવિત પગલાનો ઉદ્દેશ્ય ઇલેક્ટ્રોનિક ટૉલ કલેક્શનના ફાયદાઓને મજબૂત કરવાનો અને ફી પ્લાઝા કામગીરીની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા વધારવાનો છે.

એનએચએઆઇના મત મુજબ આ ફેરફારથી ટૉલ પ્લાઝા પર ભીડ ઘટવી અને ટૉલ ટ્રાન્ઝેક્શનમાં વધુ સુસંગતતા અને પારદર્શિતા સુનિશ્ચિત કરીને અવર-જવરમાં સરળતા વધશે. છેલ્લા કેટલાક વર્ષોમાં ફાસ્ટેગનો ઉપયોગ ૯૮ ટકાનો આંકડો વટાવી ગયો છે. જેના લીધે ટૉલ કલેક્શનની પદ્ધતિઓમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.હાલમાં મોટાભાગના ટૉલ વ્યવહારો વાહનો પર લગાવેલા આરએફઆઇડી-ઇનેબલ્ડ ફાસ્ટેગ દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે થાય છે. જેના કારણે પ્લાઝા પર કોઇપણ અડચણ અને સંપર્ક વિના કામગીરી થાય છે. દેશભરના મુસાફરો માટે ઝડપી અને સરળ ડિજિટલ ચુકવણી વિકલ્પો સુનિશ્ચિત કરવા માટે નેશનલ હાઇવે ટૉલ પ્લાઝા પર યુપીઆઇ પેમેન્ટની સુવિધા પણ શરૂ કરી દેવામાં આવી છે.

# નિકાસ વધારવા માટે સરકારની સાત પહેલઃ એક્સપોર્ટરોને મળશે સાવ સસ્તી લોન

નવી દિલ્હીઃ સરકારે શુક્રવારે દેશની નિકાસને વેગ આપવા માટે સાત ઉપાયોની જાહેરાત કરી હતી. આમાં ઈ-કોમર્સ નિકાસકારો માટે ક્રેડિટ સહાય અને વૈકલ્પિક વેપાર ચેનલો માટે સમર્થનનો સમાવેશ થાય છે.આ પગલાં ૨૫,૦૬૦ કરોડ રૂપિયાના નિકાસ પ્રોત્સાહન મિશનનો ભાગ છે. મિશનના ૧૦ ઘટકોમાંથી ત્રણને જાન્યુઆરીમાં જ લાગુ કરવામાં આવ્યા હતા. ડિજિટલ માધ્યમથી નિકાસ કરનારા લોકોને સમર્થન આપવા માટે વાણિજ્ય મંત્રાલયે વ્યાજ સબસિડી અને આંશિક ક્રેડિટ ગેરન્ટી સાથે ક્રેડિટ સુવિધાઓ શરૂ કરવાની જાહેરાત કરી છે. 'ડાયરેક્ટ ઈ-કોમર્સ ક્રેડિટ' સુવિધા હેઠળ ૯૦ ટકા ગેરન્ટી કવરેજ સાથે ૫૦ લાખ રૂપિયા સુધીની સહાય ઉપલબ્ધ થશે. 'ઓવરસીઝ ઇન્વેન્ટરી ક્રેડિટ' સુવિધા હેઠળ પાંચ કરોડ રૂપિયા સુધીની સહાય ૭૫ ટકા ગેરન્ટી કવરેજ સાથે પૂરી પાડવામાં આવશે. આ સુવિધા ૨.૭૫ ટકા વ્યાજ સબસિડી આપશે, જે અરજદાર દીઠ વાર્ષિક મહત્તમ ૧૫ લાખ રૂપિયા સુધી મર્યાદિત છે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે એક સસ્તા કાર્યકારી મૂડી સ્રોત તરીકે નિકાસ ફેક્ટરિંગને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય ટ્રાન્જેક્શન પર ૨.૭૫ ટકા વ્યાજ સબસિડી આપવામાં આવશે. આ સુવિધા ભારતીય રિઝર્વ બેન્ક/ આઈએફએસસીએ દ્વારા મંજૂર કરાયેલી સંસ્થાઓ દ્વારા ઉપલબ્ધ થશે. આ સહાય વાર્ષિક ધોરણે પ્રતિ એમએસએમઈ મહત્તમ ૫૦ લાખ રૂપિયા સુધીની હશે અને પારદર્શિતા અને સમયસર વિતરણ સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ દાવા સિસ્ટમ અપનાવવામાં આવશે. ઉભરતી નિકાસ તકોને ટેકો આપવા માટે મંત્રાલયે જણાવ્યું હતું કે આ પહેલ નિકાસકારોને જોખમ-વહેંચણી અને ક્રેડિટ વધારવાના સાધનો જેમ કે પુષ્ટિકરણ અને ક્રેડિટ પત્રોની વાટાઘાટો દ્વારા નવા અથવા વધુ જોખમ ધરાવતા બજારો સુધી પહોંચવામાં મદદ કરશે. ટ્રેડ રેગ્યુલેશન, એક્રેડિટેશન એન્ડ કમ્પ્લાયન્સ એનેબલમેન્ટ પહેલ હેઠળ નિકાસકારોને

# ઈરાન પીછેહઠ કરવા તૈયાર નથીઃ હિંદ મહાસાગરમાં વિનાશિકા તહેનાત

તહેરાનઃ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ઈરાને હિંદ મહાસાગરમાં અલ્વાન્ડ વિનાશિકા તહેનાત કરી છે. અમેરિકાએ ઇરાનને ૧૫ દિવસની મહેતલ આપી છે. જેના જવાબમાં ઈરાનને આ પગલું ભર્યું છે. અલ્વાન્ડ ડિસ્ટ્રોયરે ઈરાન નૌકાદળનું એક શક્તિશાળી યુદ્ધ જહાજ છે.જેણે તાજેતરમાં રશિયા સાથેના સંયુક્ત નૌકાદળ ઓપરેશનમાં હિસ્સો લીધો હતો.આ દરમિયાન ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ કરારના વિવાદના લીધે તણાવ વધ્યો છે. જેના પગલે અમેરિકાએ ઈરાનને ટાર્ગેટ બનાવીને એફ-૩૫ અને એફ-૧૬ જેવા શક્તિશાળી ફાઇટર જેટ અને યુએસએસ ગેરાલ્ડ ફોર્ડ એર કેરિયર જેવા શસ્ત્રો તહેનાત કર્યા છે. તેમજ અનેક યુદ્ધ જહાજ ઈરાન તરફ આગળ વધારવામાં આવી રહ્યા છે. જોકે, ઈરાન પીછેહઠ કરવા તૈયાર નથી.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જળમાર્ગને થોડા સમય માટે બંધ કરી દીધો હતો

ઈરાની સૈન્યની વેબસાઇટ પરના એક અહેવાલને ટાંકીને પ્રકાશમાં આવેલા અહેવાલમાં ઈરાની સૈન્ય, ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ અને રશિયન સ્પેશિયલ ઓપરેશન ટીમોએ એક કવાયત દરમિયાન હાઇજેક કરાયેલા જહાજને મુક્ત કરવા માટે એક ઓપરેશન હાથ ધર્યું હતું.

પહેલા પાનાનું ચાલુ

## એઆઇ સમિટને

અને શૅમલેસ લેખાવી હતી.

આ આખી યોજના સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી વાડરાની ઉપસ્થિતિમાં રાહુલ ગાંધીના નિવાસસ્થાને ઘડી કાઢવામાં આવી હતી એવો દાવો તેમણે કર્યો હતો.

કેન્દ્રીય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે આ વિરોધ પ્રદર્શનને રાષ્ટ્રદ્રોહ લેખાવ્યું હતું અને કહ્યું હતું કે આ પ્રદર્શને કૉંગ્રેસનો એઆઈ અને દેશવિરોધી ચહેરો ઉઘાડો પાડી દીધો છે.

દરમિયાન સોશ્યલ મીડિયા પર એ દર્શાવતો વીડિયો વાઈરલ થયો હતો જેમાં રાહુલ ગાંધી એઆઈ સમિટ ખાતે યોજવામાં આવેલા વિરોધપ્રદર્શનના કથિત આયોજક નરસિંહા યાદવ સાથે ચાલતા જોવા મળ્યા હતા.

સુરક્ષા દળે યુવકોને ત્યાંથી ખસેડીને અન્ય સ્થળે લઈ ગયું તે અગાઉ કૉંગ્રેસના યુવા કાર્યકર્તાઓ ભારત સરકાર અને યુએસ ઈન્ડિયા ટ્રેડ ડીલ વિરોધી સૂત્રો લખેલા ટી-શર્ટ હાથમાં લઈને ત્યાં પ્રદર્શન કરી રહ્યા હતા.

પ્રદર્શનના સ્થળેથી તેમને તાત્કાલિક હટાવી લઈ તિલક માર્ગ પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે કોઈને કાયદો અને વ્યવસ્થાનો ભંગ કરવાની પરવાનગી આપવામાં નહીં આવે.

પ્રદર્શનકર્તાઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનું ચિત્ર ધરાવતા ટી-શર્ટ પહેરીને કે હાથમાં લઈને 'ઈન્ડિયા-યુએસ ટ્રેડ ડીલ', 'ઍપ્સ્ટેઈન ફાઈલ' અને 'પીએમ ઈઝ કોમ્પ્રોમાઈઝ્ડ' જેવા સૂત્રોચ્ચાર કરતા એક્ઝિબિશન હૉલ નં.પાંચમાં ઘૂસી ગયા હતા જેને પગલે ખળભળાટ મચી ગયો હતો.

આ મામલે પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું હતું કે આ વિરોધ પ્રદર્શને કૉંગ્રેસનો ઘ મંડ અને હતાશા બંને દર્શાવી દીધા છે અને રાહુલ ગાંધીને સવાલ કર્યો હતો કે ભાજપને નિશાન બનાવવા વૈશ્વિક સ્તરે દેશની છબી ખરડવી એ જ શું વિપક્ષની વિચારધારા છે? તાજેતરમાં જ અમેરિકા સાથે કરવામાં આવેલા વેપારી કરાર અંગે જુઠ્ઠાણું ફેલાવી શું તમે લોકો દેશના વિકાસને રૂંધી નાખવા માગો છો? તમારો આ વ્યૂહ રાહુલ ગાંધી અને કૉંગ્રેસના ભારત અંગેના વિઝનનો અભાવ હોવાનું ખુલ્લું પાડે છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## એઆઇ ૪૦ ટકા

એક ટકા જેટલો વધી શકે. હું વિકાસમાં ૦.૮ ટકા વધારાનો દાવો કરું છું. આનો અર્થ એ થયો કે વિશ્વ કોરોનાની મહામારી પહેલાંના સમય કરતાં પણ વધારે વેગથી વિકાસ કરશે. આ વધુ તક અને વધુ રોજગાર સર્જવાની સુંદર તક આપશે. અમે ભારતમાં મોટા પ્રમાણમાં જોવાની આશા રાખીએ છીએ. આનો અર્થ એ થયો કે વિકસિત ભારતનું લક્ષ્ય સિદ્ધ કરાય એમ છે.

તેમણે એઆઈ ઈમ્પેક્ટ સમિટ, ૨૦૨૬માં બોલતાં કહ્યું હતું કે જે દેશો ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર, કૌશલ અને એઆઈને અપનાવવામાં ઝડપી છે એ દેશો માટે એઆઈ ઉજ્જવળ તક ઊભી કરશે. દેશોએ જોખમને ગણતરીમાં લઈને એઆઈની તકને ઝડપી લેવી ઘટે.

તેમણે જણાવ્યું હતું કે હું એઆઈ અંગે આશાવાદી છું. જોકે હું એટલી ભોળી નથી કે આના જોખમોને સમજું નહીં. (એજન્સી)

# એઆઇ સમિટમાં ૨૫૦ અબજ ડૉલરના રોકાણનું વચન મળ્યું

નવી દિલ્હીઃ આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે શુક્રવારે જણાવ્યું હતું કે, દિલ્હી ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરનારા ૭૦ જેટલા દેશો પહેલાથી જ સહમત છે અને ઘણા અન્ય દેશો સાથે ચર્ચા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે શનિવારે જ્યારે કાર્યક્રમ સમાપ્ત થશે ત્યાં સુધીમાં અંતિમ સંખ્યા ૮૦ને પાર કરી જશે. વૈષ્ણવે કહ્યું કે દિલ્હી ડિક્લેરેશનની રૂપરેખા શનિવારે પારદર્શક રીતે શેર કરવામાં આવશે. સાથે તેમણે એમ પણ કહ્યું હતું કે, એઆઈ માળખું ઊભું કરવા માટે દુનિયાભરમાંથી ૨૫૦ અબજ ડૉલરનું રોકાણ ભારતમાં કરવા માટેની પ્રતિબદ્ધતા એઆઈ સમિટમાં મળી છે.

ઈન્ડિયા એઆઈ સમિટના એક્ઝિબિશનમાં પાંચ લાખથી વધુ મુલાકાતીઓ આવ્યાને એક મોટી સફળતા ગણાવતા વૈષ્ણવે કહ્યું કે આ કાર્યક્રમમાં માળખાગત સુવિધાઓ સંબંધિત ૨૫૦ અમેરિકન ડોલરથી વધુના રોકાણનું વચન આપવામાં આવ્યું છે.

# મારી સામેનો કેસ રાજકીય ષડ્યંત્રઃ રાહુલ ગાંધીએ સુલતાનપુર કોર્ટમાં કહ્યું

સુલતાનપુર (ઉત્તર પ્રદેશ): ગૃહમંત્રી અમિત શાહ પર ટિપ્પણી કરવા બદલ માનહાનિના કેસમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી શુક્રવારે ઉત્તર પ્રદેશની સુલતાનપુરની એમપી/એમએલએ કોર્ટમાં હાજર થયા હતા. તેમના વકીલે જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ તેમની સામેના તમામ આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે આ કેસ રાજકીય દ્વેષથી દાખલ કરવામાં આવ્યો છે અને તેમાં કોઈ નક્કર આધાર નથી. કોર્ટમાં તેમણે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૩૧૩ હેઠળ પોતાનું નિવેદન નોંધાવ્યું હતું અને પોતાને નિર્દોષ ગણાવ્યા હતા અને સમગ્ર કેસને રાજકીય કાવતરું ગણાવ્યું હતું.

કોંગ્રેસ નેતાના વકીલ કાશી પ્રસાદ શુક્લાએ પીટીઆઈને જણાવ્યું હતું કે ગાંધીજીએ સ્પેશિયલ જજ શુભમ વર્માની કોર્ટમાં જણાવ્યું હતું કે તેમના પરના આરોપો રાજકીય દ્વેષથી અને તેમની અને તેમના પક્ષની છબીને નુકસાન પહોંચાડવાના હેતુથી લગાવવામાં આવ્યા છે. કેસની આગામી સુનાવણી ૯ માર્ચે યોજાશે. જેના પર રાયબરેલીના લોકસભા સાંસદને તેમના બચાવમાં પુરાવા રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. કોર્ટમાં કોંગ્રેસ નેતા દ્વારા આપવામાં આવેલા નિવેદન વિશે વિગતવાર જણાવતાતેમના વકીલે કહ્યું કે રાહુલ ગાંધીએ તેમના પર લગાવવામાં આવેલા તમામ આરોપોને નકારી કાઢયા છે.આરોપો પાયાવિહોણા અને પાયાવિહોણા છે. મેં ક્યારેય કોઈની વિરુદ્ધ અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો નથી કે કોઈને બદનામ કરવાના ઈરાદાથી આવી ભાષાનો ઉપયોગ કર્યો નથી. મારા નિવેદનને વિકૃત કરીને ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

કોંગ્રેસના નેતા પોતાનું નિવેદન નોંધ્યા પછી કોર્ટમાંથી બહાર નીકળતા જ પાર્ટીના સમર્થકોએ તેમનું સ્વાગત કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા.રાહુલ ગાંધી કોર્ટની સુનાવણી પહેલા કેટલાક સ્થાનિક કોંગ્રેસના નેતાઓએ સુલતાનપુરમાં પોસ્ટર લગાવ્યા હતા જેમાં 'સત્યમેવ જયતે'લખેલું હતું.

# અમેરિકામાં ૫૭ વર્ષીય શીખનું અપહરણ

ન્યૂ યૉર્કઃ અમેરિકામાં એક શીખ વ્યક્તિનું અપહરણ થયું છે. કેલિફોર્નિયાના સાન જોક્વિન કાઉન્ટીના ટ્રેસી વિસ્તારમાંથી ૫૭ વર્ષીય શીખ વ્યક્તિનું અપહરણ કરવામાં આવ્યું હોવાના અહેવાલ મળે છે.

સાન જોક્વિન કાઉન્ટી શેરિફ ઓફિસના જણાવ્યા અનુસાર પીડિતની ઓળખ અવતાર સિંહ તરીકે થઇ છે. તેમની ઊંચાઇ પાંચ ફૂટ આઠ ઇંચ અને વજન આશરે ૨૦૦ પાઉન્ડ હોવાનું જણાવાયું છે. તેમજ અપહરણ સમયે તેમણે હળવા રંગનો પરંપરાગત શીખ પોશાક પહેર્યો હતો.

પોલીસે જણાવ્યું કે સર્વેલન્સ ફૂટેજ અનુસાર મંગળવારે બપોરે આશરે ૨-૩૦ વાગ્યે(સ્થાનિક સમય) એક સફેદ એસયુવીમાં ઘેરા રંગના વસ્ત્રો પહેરેલા ત્રણ અજાણ્યા લોકો દ્વારા સિંહને ઉઠાવી લેવામાં આવ્યા હતા. પોલીસે કહ્યું કે એવું લાગે છે કે પીડિત તેની ઇચ્છા વિરુદ્ધ કારમાં બેઠો હતો. આ મામલે તપાસકર્તાઓ સક્રિયપણે તપાસ કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.


|| પ્રાર્થના સભા ||



અમારા સ્વજન
અ. સૌ. લીનાબેન કિર્તીકુમાર મહેતા
નુ સ્વર્ગવાસ તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ થયેલ છે.
સદ્ગત ની પ્રાર્થના સભા
તા. ૨૧/૦૨/૨૦૨૬, શનિવાર, સમય: ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
The Westin Grand Ballroom - Lobby Level,
THE WESTIN MUMBAI GARDEN CITY,
International Business Park, Oberoi Garden City,
Goregaon (East), Mumbai, 400063, India
લી. તારાબેન ઉત્તમલાલ મહેતા પરિવાર
કિર્તીકુમાર ઉત્તમલાલ મહેતા - કોકિલાબેન કિરણભાઈ મહેતા
ચિરાગ કિર્તીકુમાર મહેતા - રીટાબેન હસુભાઈ મહેતા
હેમલ કિર્તીકુમાર મહેતા - આશાબેન યોગેશભાઈ મહેતા
પન્નાબેન પ્રબોધભાઈ અદાણી
પિયર પક્ષ
વાડીલાલ પોપટલાલ શાહ પરિવાર (સુદામડા વાળા)
હિતેન્દ્રભાઈ વાડીલાલ શાહ
રાજુભાઈ વાડીલાલ શાહ
જ્યોત્સનાબેન મહેશભાઈ દોશી
અંબિકા ડેરીલેન્ડ & રિચ ફૂડ્સ પ્રા. લી. (Swiszz Kiss Icecream)



કપોળ મરણ



મહુવા નિવાસી હાલ ઘાટકોપર
સ્વ. શાંતાલક્ષ્મી તથા
પ્રાણજીવનદાસ લક્ષ્મીદાસ બુસા ના સુપુત્ર
અશોકભાઈ બુસા - ઉ.વ. ૭૦
૦૩/૦૯/૧૯૫૫ - ૧૭/૦૨/૨૦૨૬
શ્રીજી ચરણ પામેલ છે.
પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી,
પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભક્તિ હતી,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
આપનો પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના
તે મીરાબેન ના પતિ, ભાર્ગવ તથા ભાવિન ના પિતાશ્રી, ફાલ્ગુની તથા શેતલ ના સસરા, યાશના, માહી, સોહમ, ઈશાન ના દાદા. તથા સ્વ. મનુભાઈ, સ્વ. હિંમતભાઈ, ગજેન્દ્રભાઈ, મુકુન્દભાઈ તથા સ્વ. દિન્તાબેન નગીનદાસ, સ્વ. જયશ્રીબેન જેન્તીલાલ, રંજનબેન મધુસુદન, કોકીલાબેન શરદકુમાર ના ભાઈ તે રાજુલાવાળા ત્રિભોવનદાસ દામોદરદાસ ગાંધી ના જમાઈ, સ્વ. મહેશભાઈ ત્રિભોવનદાસ, ઉર્મિલાબેન મધુસુધન, ચંદ્રિકાબેન શશીકાંત, નયનાબેન ગોરડીયા ના બનેવી, સાવરકુંડલાવાળા સ્વ. હરખજી ભાણજી શોરાના ભાણેજ
પ્રાર્થના સભા : તા. ૨૧/૨/૨૬ ને શનિવાર સાંજના ૪.૩૦ થી ૬.૩૦ વાગે
સ્થળ: લાયન્સ કોમ્યુનીટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર - ઈસ્ટ. વેલેટ પાર્કિંગ ઉપલબ્ધ
નેત્રદાન કરેલ છે. લૌકિક પ્રથા બંધ છે.
ફર્મ - બુસા સ્ટીલ કોર્પોરેશન
બુસા પરિવાર ના જય શ્રી કૃષ્ણ


# સાંતાક્રુઝમાં ગૅસ સિલિન્ડર બ્લાસ્ટમાં ચાર જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંતાક્રુઝ (પૂર્વ)માં દીઘે ચાલીમાં એક ઘરમાં સિલિન્ડરમાં લીકેજ થવાથી થયેલા બ્લાસ્ટમાં ચાર લોકો ગંભીર રીતે જખમી થયા હતા. ચારેય જખમીની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પાલિકાના જણાવ્યા મુજબ સાંતાક્રુઝ (પૂર્વ)માં વાકોલા બ્રિજ પાસે ધોબી ઘાટ નદી દીઘે ચાલ આવેલી છે. ગુરુવારે મોડી સાંજે ચાલીમાં આવેલી રૂમ નંબર ચારમાં અચાનક સિલિન્ડરમાં બ્લાસ્ટ થયા બાદ આગ ફાટી નીકળી હતી, જેમાં ચાર લોકો ગંભીરી રીતે દાઝી ગયા હતા.

ઘટના સ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને આગ નિયંત્રણમાં લાવી હતી. જખમીઓમાંથી ત્રણને સાયન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તો એક પર વી.એન. દેસાઈ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

જખમીમાં ૩૦ વર્ષનો જાવેદ અબ્દુલ શેખ લગભગ ૬૦ ટકા દાઝી ગયો હતો. ૪૫ વર્ષની અવંતિકા ગાવડે ૩૦ ટકા દાઝી ગઈ હતી. ૬૫ વર્ષના સુમતી રમેશ ગાવડે ૩થી ૪૦ ટકા અને ૧૫ વર્ષનો યશ ગાવડે ૧૦થી ૧૨ ટકા દાઝી ગયો હતો. ■


શાબિત કેલ્સીયોગ
આયુર્વેદિક કેલ્શિયમ ટેબલેટ્સ
• હાડકા અને સાંધાના ટોનિક. • હાથ, પગ, કમર, ઘૂંટણ, પીઠ, સાંધાના દુખાવા માટે ઉત્તમ. • વાળ ખરવાનું ઓછું કરો.
• સ્નાયુ, લિગામેન્ટ ઇજાઓ પર પ્રભાવી
Amazon પર કેશ ઑન ડિલિવરી ઉપલબ્ધ
ડૉ. અભિજીત 9422011723
ધૌતી-યોગ ની પ્રભાવી ઔષધિ




# આવક વધે તે મુજબ એસઆઈપી વધારવાથી લાંબા ગાળે સંપત્તિ સર્જન

**રોહિત મટ્ટૂ, નેશનલ હેડ રિટેલ સેલ્સ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

જેમ જેમ પ્રોફેશનલ્સ અનુભવ મેળવે છે અને વધુ જવાબદારીઓ સંભાળે છે, તેમ તેમ સમય જતાં કમાણીમાં સતત વધારો થાય છે. કેટલીકવાર, રોકાણ હંમેશાં એક જ ગતિએ વધતું નથી, આવક વધે તેમ છતાં એસઆઈપીની રકમ ઘણીવાર યથાવત્ રહે છે. વધતી આવક અને સ્થિર રોકાણ વચ્ચેનો આ તફાવત શાંતિથી સંપત્તિ નિર્માણની પ્રક્રિયા ધીમી કરી શકે છે. જ્યારે પગાર વધે છે, ત્યારે રોકાણો પણ તે પ્રગતિને દર્શાવે છે. એસઆઈપી વધારવાથી આ અંતરને દૂર કરવામાં મદદ મળે છે, એ સુનિશ્ચિત કરીને કે નાણાકીય વૃદ્ધિ વ્યાવસાયિક વૃદ્ધિ સાથે ગતિ જાળવી રાખે છે. સમય જતાં, આ ગોઠવણી વધુને વધુ મહત્ત્વપૂર્ણ બનતી જાય છે, ખાસ કરીને જેમ જેમ નાણાકીય જવાબદારીઓ વધતી જાય છે અને ભવિષ્યના લક્ષ્યો સ્પષ્ટ આકાર લે છે. આવકની સાથે રોકાણોનો વિકાસ થાય છે તેની ખાતરી કરવાથી હાલના ખર્ચના દાખલામાં નાટકીય ફેરફારોની જરૂર વગર લાંબા ગાળાના આયોજન માટે મજબૂત પાયો બનાવવામાં મદદ મળી શકે છે.

★ **સ્ટેપ-અપ એસઆઈપીની સમજઃ** એસઆઈપી સ્ટેપ-અપનો અર્થ એ છે કે એસઆઈપીમાં રોકાણની રકમને નિયમિત અંતરે, સામાન્ય રીતે દર વર્ષે, આવકમાં થતા વધારા મુજબ ધીમે ધીમે વધારવી. આ વધારો રોકાણ શરૂ કરતી વખતે નક્કી કરી શકાય છે અથવા પછી આવક, ખર્ચ અથવા વ્યક્તિગત સુવિધા મુજબ બદલાવી શકાય છે. તેનો મુખ્ય હેતુ શરૂઆતમાં જ વધુમાં વધુ રોકાણ કરવાનો નથી, પરંતુ સમય સાથે ધીમે અને ટકાઉ રીતે રોકાણ વધારવાનો છે. આ અભિગમ રોકાણકારોને પોતાની ક્ષમતા મુજબ ધીમે ધીમે પ્રતિબદ્ધતા વધારવાની તક આપે છે, જેથી લાંબા સમય સુધી રોકાણ ચાલુ રાખવું સરળ બને. આ પદ્ધતિ અપનાવવાથી રોકાણ વધુ વ્યવસ્થિત બને છે. ક્યારેક મોટા લમ્પસમ રોકાણ પર નિર્ભર રહેવા કરતાં એસઆઈપી સ્ટેપ-અપ સમય સાથે નિયમિતતા લાવે છે. ખાસ કરીને એવા લોકો માટે આ ખૂબ ઉપયોગી છે, જેમને એક સાથે રોકાણ વધારવું મુશ્કેલ લાગે છે પરંતુ ધીમે ધીમે વધારો કરવો અનુકૂળ લાગે છે.

★ **આવક વધે ત્યારે એસઆઈપી કેમ વધવી જોઈએઃ** સમય સાથે આવક વધે છે ત્યારે રોકાણ કરવાની ક્ષમતા પણ વધે છે. પરંતુ જો એસઆઈપીની રકમ યથાવત્ રહે, તો વધારાની આવક ઘણી વખત જીવનશૈલીના ખર્ચમાં વપરાઈ જાય છે અને લાંબા ગાળાના નાણાકીય લક્ષ્યો પાછળ રહી જાય છે. આ કારણે કમાણીની ક્ષમતા અને રોકાણની પ્રગતિ વચ્ચે અંતર ઊભું થઈ શકે છે.

★ **સંપત્તિ સર્જનથી આગળના લાભોઃ** મોટું રોકાણ ફંડ બનાવવું એક લાભ છે, પરંતુ એસઆઈપી વધારવાથી અન્ય ઘણા ફાયદા પણ મળે છે, જેમ કેઃ નિવૃત્તિ યોજના, બાળકોનું શિક્ષણ અથવા આર્થિક સ્વતંત્રતા જેવા લાંબા ગાળાના લક્ષ્યો હાંસલ કરવાથી વિશ્વાસ વધે છે, કારણ કે રોકાણ બદલાતી જરૂરિયાતો સાથે સુસંગત રહે છે.

Axis Bank Ltd. is not liable or responsible for any loss or shortfall resulting from the operation of the scheme. Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# ઘોડબંદર રોડ પર હવે કલાકો સુધી અટવાઈ જવા સિવાય કોઈ છૂટકો નથી

## પાલિકાએ હાથ ઊંચા કરતા રસ્તા પહોળા કરવાનું કામ અટવાયું

મીરા-ભાયંદરઃ થાણે અને મીરા-ભાયંદરને જોડતા થાણે-ઘોડબંદર રોડ પર મુસાફરોની તકલીફ ખતમ થવાના સંકેત દેખાતા નથી. મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશન (એમબીએમસી)એ આ રોડ પરના જીવલેણ ટ્રાફિક જેમને દૂર કરવા માટે પ્રસ્તાવિત પહોળાઈના કામમાંથી પીછેહઠ કરી છે. બુધવારે યોજાયેલી નગરપાલિકાની સામાન્ય સભામાં શાસક ભાજપે આ રસ્તો 'જાહેર બાંધકામ વિભાગ' (પીડબલ્યુડી)ને પાછો સોંપવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણયથી પહોળાઈનું કામ ફરી એકવાર અટવાઈ જવાની સંભાવના છે. થાણે-ઘોડબંદર રોડ મુંબઈ, થાણે અને ગુજરાતને જોડતો મુખ્ય રસ્તો છે. જોકે, વાહનોની વધતી સંખ્યાની સરખામણીમાં આ રસ્તો ખૂબ જ સાંકડો હોવાથી, અહીં દરરોજ કલાકો સુધી ટ્રાફિક જામ રહે છે. આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધવા માટે, રાજ્ય સરકારે ફાઉન્ટેન હોટલ અને ગાયમુખ વચ્ચેના આશરે છ કિમીના રસ્તાને ૩૦ મીટરથી ૬૦ મીટર પહોળો કરવાનો નિર્ણય લીધો હતો. જમીન સંપાદન પ્રક્રિયા ઝડપી બનાવવા માટે આ રસ્તો જુલાઈમાં જાહેર બાંધકામ વિભાગ પાસેથી મીરા-ભાયંદર નગરપાલિકાને ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

રસ્તાનો કબજો લીધા પછી તેની જાળવણી અને સમારકામની સંપૂર્ણ જવાબદારી નગરપાલિકા પર આવી ગઈ. જોકે નગરપાલિકાની નાણાકીય સ્થિતિ કથળી ગઈ હોવાનું બહાર આવ્યું છે. નગરપાલિકાના દાવા મુજબ, છેલ્લા સાત મહિનામાં રસ્તાના માત્ર અડધા ભાગના કામચલાઉ સમારકામ માટે ૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રસ્તાને પહોળો કરવા માટે જરૂરી જમીન સંપાદન માટે લગભગ ૧૫૦ કરોડ રૂપિયાના ભંડોળની જરૂર છે.

નગરપાલિકાની તિજોરી પાસે હાલમાં રોજિંદા ખર્ચને પણ પહોંચી વળવા માટે પૂરતા ભંડોળ નથી. આવી સ્થિતિમાં શાસક પક્ષે સ્પષ્ટ કર્યું છે કે ૧૫૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજ સહન કરવો શક્ય નથી. પરિણામે લોકોએ સાંકડા રસ્તા પર જ આવનજાવન કરવી પડશે. ■

# વિદ્યાર્થી પહેલી પરીક્ષામાં ગેરહાજર હશે, તો બીજી પરીક્ષા આપી શકશે નહીં

## સીબીએસઇ બોર્ડે લીધો મહત્ત્વનો નિર્ણય

મુંબઈઃ દસમા ધોરણની પરીક્ષા શુક્રવારથી શરૂ થઈ ગઈ છે. આ પરીક્ષા ૨૦ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ સુધી યોજાશે. રાજ્યમાં કુલ ૧૬ લાખ ૧૫ હજાર ૪૮૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી છે. વહીવટીતંત્ર દ્વારા આ પરીક્ષા માટે ફ્લાઈંગ સ્ક્વોડની રચના કરવામાં આવી છે અને કોપી-મુક્ત પરીક્ષા યોજવા પર ધ્યાન અપાઈ રહ્યું છે. કેટલાક કેન્દ્રો પર સીસીટીવી દ્વારા નજર રાખવામાં આવી રહી છે. શિક્ષણ બોર્ડે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે કોપી કરનારાઓને સજા કરવામાં આવશે. દસમા ધોરણની પરીક્ષા અંગે નવી માહિતી બહાર આવી રહી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)એ વર્ષમાં બે વાર ધોરણ ૧૦ ની પરીક્ષા લેવાનો મોટો નિર્ણય લીધો છે. સીબીએસઈએ સ્પષ્ટ કર્યું છે કે જો ધોરણ ૧૦ની પહેલી પરીક્ષા નહીં આપી હોય તો બીજી તક નહીં મળે. પહેલી પરીક્ષા ચૂકી જનારા વિદ્યાર્થી બીજી પરીક્ષા નહીં આપી શકે. ■

# શિક્ષણ વિભાગનો વિચિત્ર કારભાર: ૧૦મા ધોરણની પરીક્ષા માટે સ્કૂલની છત પર મંડપ બનાવવામાં આવ્યો

બીડઃ રાજ્યમાં ૧૨મા અને ૧૦મા ધોરણની પરીક્ષાઓ ચાલી રહી છે. પરીક્ષામાં કોપી-મુક્ત અભિયાન માટે આગ્રહી શિક્ષણ વિભાગ પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓની સુવિધાઓની બેદરકારીપૂર્વક અવગણના કરી રહ્યું હોવાનું બહાર આવ્યું છે. બીડમાં શાળાની છત પર મંડપ બનાવવામાં આવ્યો છે. બીડમાં હવે ૧૦મા ધોરણની પરીક્ષામાં શિક્ષણ વિભાગનો એક અનોખો મંડપ પેટર્ન પ્રકાશમાં આવ્યો છે.



બીડના કુર્લામાં યશવંત વિદ્યાલયના પરીક્ષા કેન્દ્ર પર શાળાના ટેરેસ પર મંડપ બનાવવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા બેસવું પડ્યું હતું. પવન અને ગરમીને કારણે બેન્ચ પર બેસવા માટે યોગ્ય જગ્યા ન હોવાથી વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સંસ્થાના આચાર્ય અને કેન્દ્ર વડાએ આ સંદર્ભમાં વિગતવાર જવાબ આપ્યો. આ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો અને કેન્દ્ર વડાએ સ્વીકાર્યું કે આ ઘટના બની હતી. જિલ્લા પરિષદે કહ્યું કે તેઓ આવતીકાલે, શનિવારે શાળામાં વિદ્યાર્થીઓ માટે બેસવાની વ્યવસ્થા કરશે.

ટેરેસ પર મંડપ બનાવીને યોગ્ય બેઠક વ્યવસ્થા નહોતી. ૮૫ જેટલા વિદ્યાર્થીઓને પગ પર પેડ મૂકીને પેપર ઉકેલવું પડ્યું. આ વિદ્યાર્થીઓની અંધાધૂંધી અને ગુણવત્તા પર અસર માટે શિક્ષણ વિભાગ જવાબદાર છે. જ્યારે ૧૦મા ધોરણની પરીક્ષાની તૈયારીઓ એક મહિનાથી ચાલી રહી હતી ત્યારે આ પરીક્ષા કેન્દ્રમાં બેઠક વ્યવસ્થા ન હોવાનું વરિષ્ઠ અધિકારીઓએ કેમ ધ્યાન ન આપ્યું?

આ અંગે પૂછવામાં આવતા બીડ શિક્ષણ અધિકારી પ્રિયરાણી પાટીલે કહ્યું, અમે શિક્ષણ વિભાગના અધિકારીઓને સ્થળ પર મોકલ્યા છે અને સ્થળ પરથી રિપોર્ટ મળ્યા પછી અમે તાત્કાલિક તે પરીક્ષા કેન્દ્ર સામે કાર્યવાહી કરીશું. નોંધનીય છે કે આ પરીક્ષા કેન્દ્રમાં અસુવિધા છે. કેન્દ્ર વડા અને આચાર્યએ અમને આ વિશે જાણ કરી ન હતી. , અમે આ પરીક્ષા કેન્દ્ર પર સીધા કેન્દ્ર વડા સામે કાર્યવાહી કરીશું,'' શિક્ષણ અધિકારીએ જણાવ્યું. ■

# પાલિકાની સ્થાયી અને શિક્ષણ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી બિનહરીફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અદયક્ષ પદે ભાજપના સિનિયર નેતા પ્રભાકર શિંદે શુક્રવારે બિનવિરોધ ચૂંટાઈ આવ્યા હતા. તો શિક્ષણ સમિતિના અધ્યક્ષ પદે રાજેશ્રી શિરવડકર બિનવિરોધ ચૂંટાયા હતા.

મુંબઈ મહાનગરપાલિકા ૨૬ની ચૂંટણી પાર પડયા બાદ ૧૬ ફેબ્રુઆરીના થયેલી પાલિકાની વિશેષ સભામાં સ્થાયી સમિતિમાં ૨૬ સભ્યોના નામની અને શિક્ષણ સમિતિના સભ્યો જાહેરાત કરવામાં આવી હતી.

શુકવારે સ્થાયી અને શિક્ષણ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી માટે બપોરના વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાયી સમિતિના અધ્યક્ષ પદ માટે પ્રભાકર શિંદેની એકમાત્ર અરજી હોવાથી તેમને બિનવિરોધ અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા હતા. તો શિક્ષણ સમિતિમાં પણ એક માત્ર ઉમેવાદર હોવાથી રાજેશ્રી શિરવડકરને અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા હતા.

મુલુંડના નગરસેવક તરીકે ચૂંટાયેલા પ્રભાકર શિંદેને સ્થાયી સમિતિના અધ્યક્ષ પદ પહોંચવા સુધીની સફર લાંબી રહી હતી. ૧૯૭૩માં શિવસૈનિક તરીકે રાજકરણમાં પ્રવેશ કર્યા બાદ શાખાપ્રમુખથી લઈને ભારતીય કામગાર સેનાના ઉપાધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી હતી. ૧૯૯૭માં પહેલી વખત નગરસેવક બન્યા હતા. ૧૯૯૯ અને ૨૦૦૧માં બેસ્ટ સમિતિના અધ્યક્ષ રહ્યા હતા. ૨૦૦૨માં ફરી નગરસેવક રહ્યા હતા. ૨૦૦૨થી ૨૦૦૬ સુધી પાલિકાના સભાગૃહ નેતા રહ્યા હતા. ■


અમેરીકા જતા પહેલાનો છેલ્લો પ્રયોગ ! બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭
કાલે સાંજે ૭.૩૦ તેજપાલ Ph. 23802679 9819928509
Online: bookmyshow
સંજય ગોરડિયા નિર્મિત-દિગ્દર્શિત-અભિનિત
સંજય ગોરડિયા પ્રોડક્શન્સ વિશાલ ગોરડિયા પ્રસ્તુત
સસ્પેન્સ અને કોમેડીથી છલોછલ...
ઘેલાભાઈ ઘુઘરાવાળા
મનોરંજનની મોજે મોજ !
લેખક: વિનોદ સરવૈયા
Show Cont. 9820437187
Deepak Somaiya



ક્લાસિક થિયેટર
શુભારંભ પ્રયોગ
કાલે રાતે ૯ અસ્પી મલાડ (વે), બુ. ૯-૧૨, ૫-૮.
Ph. 9820170549
કિરણ ભટ્ટ સર્જિત
ચિત્રક શાહ કિરણ માલવણકર પ્રસ્તુત
પ્રકાશ પંચાલ વિનીત સોલંકી નિર્મિત
સનત વ્યાસ અભિનીત
દિલીપ રાવલ લિખિત
કિરણ ભટ્ટ દિગ્દર્શિત
Online Bkg.open on bookmyshow
કોમેડી કા ડબલ ધમાકા
ચલતી કા નામ ગાડી RELOADED...
SHOW CONTACT: 9819131990 9322123633 9867236781
KAAJAL ADS


# મુંબઈ-ગોવા હાઈવે પર ટૅન્કરમાંથી ગૅસગળતરથી ગભરાટ

મુંબઈઃ મુંબઈ-ગોવા હાઈવે પર ગૅસ વહન કરનારા ટૅન્કરમાંથી મોટા પ્રમાણમાં ગૅસગળતર થતાં આસપાસના પરિસરમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. જોકે આ ઘટના મધરાત બાદ બની હોવાથી અને ડ્રાઈવરની સતર્કતાને કારણે દુર્ઘટના ટળી ગઈ હતી.

મળતી માહિતી અનુસાર સીએનજી ગૅસનું વહન કરનારું ટૅન્કર મુંબઈ-ગોવા હાઈવે પરથી પસાર થઈ રહ્યું હતું. ગુરુવારની મધરાત બાદ ટૅન્કર રત્નાગિરિ જિલ્લાના સાવર્ડે નજીક દહિવલી ફાટા પાસે પહોંચ્યું ત્યારે ટૅન્કરમાંથી થતા ગૅસગળતરની જાણ ડ્રાઈવરને થઈ હતી.

ટૅન્કરમાંથી ઝડપભેર ગૅસ લિક થઈ રહ્યો હોવાનું જોઈ ડ્રાઈવરે એકેય ક્ષણનો વિલંબ કર્યો નહોતો. તાત્કાલિક તેણે હાઈવે પર સુરક્ષિત સ્થળે ટૅન્કર ઊભું રાખ્યું હતું. ટૅન્કરમાંથી બહાર નીકળી ડ્રાઈવરે ગૅસગળતર રોકવાના પ્રયાસ કર્યા હતા.

જોતજોતાંમાં ગૅસગળતરનું પ્રમાણ એટલું બધું વધી ગયું હતું કે આખા પરિસરમાં ધુમાડો ફેલાવા લાગ્યો હતો. આ ગૅસ અતિશય જ્વલનશીલ હોવાથી સંબંધિત પરિસરમાં ગભરાટનું વાતાવરણ હતું. સદ્નસીબે આ ઘટના મધરાત બાદ બની હોવાથી હાઈવે પર વાહનોની અવરજવર ઓછી હતી, જેને પગલે મોટી દુર્ઘટના ટળી હતી. કહેવાય છે કે દિવસના સમયે આ ઘટના બની હોત તો જાનહાનિ સંભવ હતી.

દરમિયાન ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ, ફાયર બ્રિગેડ અને સંબંધિત યંત્રણા ઘટનાસ્થળે પહોંચી હતી. ડ્રાઈવરની સતર્કતાને કારણે આગ લાગી નહોતી કે ધડાકો પણ થયો નહોતો. સમયસરની કાર્યવાહીને કારણે આસપાસના નાગરિકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. ■


અવતાર મેહેર બાબા મુંબઈ કેંદ્ર
અવતાર મેહેર બાબાની ૧૩૨ મી જન્મ જયંતીની ઉજવણી
બુધવાર, ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫
સવારનો કાર્યક્રમ : સમય - સવારે ૯:૩૦ થી ૬:૩૦
કાર્યક્રમ - ભક્તિ ગીતો, ધૂન, ભગવાનના નામ, પ્રાર્થના, ધ્વજારોહણ, આરતી અને પ્રસાદનું વિતરણ.
સાંજનો કાર્યક્રમ : સમય - સાંજના ૫:૩૦ થી ૭:૩૦
કાર્યક્રમ - શ્રી. અમેય ગોખલે, એમ.ટેક (આઈઆઈટી, મુંબઈ) અને તેમની ટીમ સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કરશે.
કાર્યક્રમોનો સ્થળ : અવતાર મેહેર બાબા મુંબઈ કેંદ્ર, ૨૩-૨૬, એ વિંગ, નવયુગ નિવાસ સીએચએસ લિ., ૩જો માળ, ડૉ. ડી. ભડકમકર માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૭.
(www.avatarmeherbaba.in)
(Email: avatarmeherbababombaycentre@gmail.com)
સંપર્ક સાધો - શ્રી. સાયરસ ખંબાટા (મો. ૯૯૮૭૪ ૬૬૯૭૮)
|| સર્વ ઈશ્વર પ્રેમીઓને હાર્દિક આમંત્રણ ||


# મધ્ય રેલવેએ ઘણી ટ્રેનોના સમયમાં કર્યો ફેરફાર

મુંબઈઃ મધ્ય રેલવેએ તેની ઘણી મેઇલ અને એક્સપ્રેસ ટ્રેનોના ટાઈમ ટેબલમાં મોટા ફેરફારો કર્યા છે અને કેટલીક ટ્રેનોના ટર્મિનલ પણ બદલ્યા છે. આ નવું સમયપત્રક ૧૩ અને ૧૪ એપ્રિલથી તબક્કાવાર લાગુ કરવામાં આવશે. **મુખ્ય ટ્રેનોના સમયમાં ફેરફાર નીચે મુજબ છેઃ** નાગપુર દુરંતો એક્સપ્રેસ (૧૨૨૮૯): આ ટ્રેન હવે સીએસએમટીથી ૧૯.૫૫નેને બદલે ૨૦:૩૫ વાગ્યે ઉપડશે. પાછા ફરતી વખતે (૧૨૨૯૦) આ ટ્રેન સીએસએમટી સવારે ૦૮.૦૫ વાગ્યેને બદલે ૦૭.૫૦ વાગ્યે પહોંચશે. અમરાવતી એક્સપ્રેસ (૧૨૧૧૧): આ ટ્રેન હવે સીએસએમટીથી રાત્રે ૮:૦૫ વાગ્યેને બદલે રાત્રે ૮:૫૦ વાગ્યે ઉપડશે.

મહાનગરી એક્સપ્રેસ (૨૨૧૭૭): સીએસએમટીથી પ્રસ્થાનનો સમય હવે ૦૦:૧૫ (પહેલાં ૦૦:૧૦) રહેશે અને તે વારાણસી સવારે ૦૩:૪૫ વાગ્યે પહોંચશે. પાછા ફરતી વખતે (૨૨૧૭૮) આ ટ્રેન વારાણસીથી સવારે ૦૯:૪૫ વાગ્યે ઉપડશે. બેંગલુરુ એક્સપ્રેસ (૧૧૩૦૧): સીએસએમટીથી ઉપડવાનો સમય હવે સવારે ૦૭:૫૫ (અગાઉ ૦૮:૧૦) રહેશે. હુબલી એક્સપ્રેસ (૧૭૩૧૮): આ ટ્રેન હવે દાદરથી રાત્રે ૮:૦૫ વાગ્યે (અગાઉ રાત્રે ૮:૧૫ વાગ્યે) ઉપડશે. લાતુર-સીએસએમટી એક્સપ્રેસ (૨૨૧૦૮): આ ટ્રેન હવે સવારે ૭:૫૫ વાગ્યેને બદલે સવારે ૮:૦૦ વાગ્યે સીએસએમટી પહોંચશે.

સોલાપુર-સીએસએમટી એક્સપ્રેસ (૧૨૧૧૬): આ ટ્રેન મુંબઈ સવારે ૬:૩૫ વાગ્યે આવવાને બદલે સવારે ૬:૩૦ વાગ્યે પહોંચશે. આ ફેરફારો ૧૪ એપ્રિલથી દુરંતો અને વિદર્ભ એક્સપ્રેસ પર લાગુ થશે, જ્યારે ગરીબ રથ અને પુણે-નાગપુર એક્સપ્રેસ ૧૫ એપ્રિલથી નવા સમય મુજબ દોડશે. આ ફેરફાર મુંબઈ, થાણે, કલ્યાણ, ઇગતપુરી, સોલાપુર અને બિદર જેવા મહત્વપૂર્ણ સ્ટેશનોને પણ અસર કરશે. ■


ગુજરાતી ભાષા જીવશે, ગુજરાતી પુસ્તકો દ્વારા
ગોરેગાંવ (વેસ્ટ) માં
વિરાટ પુસ્તક મેળો
૧૦% થી ૪૦% વળતર
ગુજરાતી ભાષાના તમામ લેખકો અને પ્રકાશકોના પુસ્તકોનો મહાસાગર
તા. ૨૧-૨-૨૬ થી ૩-૩-૨૬ સુધી
દરરોજ સવારે ૧૧ થી રાત્રે ૯ સુધી




રંગમંચ
શુભારંભઃ આજે રાત્રે ૯ અસ્પી મલાડ, બુ./ટેલી બુ. આખો દિવસ Ph. 28050481, 8169845046
કાલે સાંજે ૭.૩૦ નહેરૂ વર્લી, બુ./ટેલી બુ. ૧૦-૬ 40245408, 9892629810
• આવતો રવિ: ૧ માર્ચ બપોરે ૩.૩૦ તેજપાલ
• મંગળ: ૩ માર્ચ ધૂળેટી રજા રાત્રે ૯ પ્રબોધન ઠાકરે -બોરીવલી
• રવિ: ૮ માર્ચ સાંજે ૪ અસ્પી -મલાડ
Online Booking Open bookmyshow
આસિફ પટેલ નિર્મિત
પ્રથમ ભટ્ટ-હિતેશ સોઢા લિખિત
દર્શન જરીવાલા દિગ્દર્શિત-અભિનિત
મસ્તીની પાઠશાળા
Show Cont. 9920169691 / 9653397989
Deepak Somaiya


# છગન ભુજબળ હૉસ્પિટલમાં દાખલ

મુંબઈઃ રાજ્યના ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન છગન ભુજબળને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ભુજબળ અચાનક અસ્વસ્થ થવા લાગ્યા. તેથી પ્રવાસ છોડીને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેમને અચાનક પેટમાં દુખાવો થવા લાગ્યો અને એપોલો હોસ્પિટલમાં સીટી સ્કેન કરાવ્યું. ભુજબળે નાશિકમાં તેમના બધા કાર્યક્રમો રદ કર્યા છે અને સારવાર માટે મુંબઈ જવા રવાના થયા હતા. અગાઉ ભુજબળે એશિયન હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં હૃદયની સર્જરી કરાવી હતી.

છગન ભુજબળ છેલ્લા કેટલાક દિવસોથી બીમારી સામે ઝઝૂમી રહ્યા છે. ગયા વર્ષના અંતમાં તેમનું હૃદય સર્જરી કરાવવામાં આવ્યું હતું. મુંબઈની એશિયન હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં તેમનું હૃદય સર્જરી કરાવવામાં આવ્યું હતું. ■

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## ક્રિકેટના મહાકુંભમાં નાના દેશોએ ગામ ગજાવ્યાં

### ટી-૨૦ વર્લ્ડ કપમાં નેપાળ, ઇટલી, અમેરિકા, નેધરલૅન્ડ્સ, નામિબિયા, સ્કૉટલૅન્ડે મોટાં રાષ્ટ્રોની ટીમોને ભારે સંઘર્ષ કરાવ્યા

એક સમય હતો જ્યારે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના અસોસિયેટ મેમ્બર્સ એટલે કે ક્રિકેટ રમતા નાના દેશોની મૅચોમાં કોઈ રસ નહોતું લેતું અને એના ખેલાડીઓને કોઈ ઓળખતું પણ નહોતું, પરંતુ આ વખતની ટી-૨૦ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટે એ બધાને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધા છે. નેપાળ, અમેરિકા, નેધરલૅન્ડ્સ, નામિબિયા, ઇટલી, સ્કૉટલૅન્ડ વગેરે ટીમોએ આ વિશ્વ કપમાં મોટા દેશોની ટીમોને જે લડત આપી, જે સંઘર્ષ કરાવ્યો અને એમના ખેલાડીઓને જે રીતે હંફાવ્યા એ જોતાં નાનામાં નાનો ક્રિકેટપ્રેમી કહી શકે કે જો મોટા દેશો જરા પણ નબળું રમ્યા હોત તો અપસેટ થયા હોત. જોકે એક સમયે ક્રિકેટ જગતમાં મોટા દેશોની ટીમો સામે જીતનાર ઝિમ્બાબ્વેની ગણના થોડા સમયથી નબળા દેશ તરીકે થતી હતી, પણ આ વર્લ્ડ કપમાં એણે બે મોટા અપસેટ સર્જ્યા. લીગ રાઉન્ડમાં ૧૩મી ફેબ્રુઆરીએ ઑસ્ટ્રેલિયાને હરાવ્યું અને એ પરાજય જ કાંગારુઓ માટે ટૂર્નામેન્ટની બહાર ફેંકાવા માટે નિમિત્ત બન્યો. ગુરુવારે શ્રીલંકા સામેની મૅચના પરિણામનો કોઈ મતલબ તો નહોતો એમ છતાં ઝિમ્બાબ્વેએ એ મૅચને સિરિયસલી લીધી અને શ્રીલંકાને હરાવીને સુપર-એઇટમાં શાનથી અપરાજિત રહીને પ્રવેશ કર્યો.

વાત એવી છે કે ક્રિકેટમાં ટચૂકડા ગણાતા દેશો પણ હવે સાવજ થઈને રમી રહ્યા છે.



વાનખેડેમાં એક મહિનામાં નેપાળના હજારો પ્રેક્ષકો છવાઈ ગયા.



ઇટલીનો મૅચ-વિનિંગ ઓપનર ઍન્થની મૉસ્કા

૨૦૨૪ના પાછલા ટી-૨૦ વર્લ્ડ કપમાં મોનાંક પટેલના સુકાનમાં અમેરિકાએ પાકિસ્તાનને પછડાટ આપી હતી, જ્યારે અફઘાનિસ્તાને ન્યૂ ઝીલૅન્ડને અને ઑસ્ટ્રેલિયાને પરાજિત કરીને સનસનાટી મચાવી હતી. આ વખતે ઝિમ્બાબ્વેએ આપેલા બે ઝટકાને બાદ કરતા ખાસ કોઈ અપસેટ નથી જોવા મળ્યા એમ છતાં ખાસ કરીને નેપાળ, ડેબ્યૂ કરનાર ઇટલી, અમેરિકા અને સ્કૉટલૅન્ડે મોટાં રાષ્ટ્રોની ટીમોને ધોળે દિવસે તારા જરૂર દેખાડ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો આ નાના દેશોએ હારતાં પહેલાં મોટા હરીફોને નાકે દમ લાવી દીધો હતો. યુએઇ, ઓમાન, નેધરલૅન્ડ્સ, આયરલૅન્ડ, નામિબિયા, કૅનેડાની ટીમમાંથી પણ ઘણા ખેલાડીઓની ટૅલન્ટ વિશ્વ કપના ફલક પર આવતી જોવા મળી. ૨૦૧૧માં ભારતને વન-ડેનો વર્લ્ડ કપ અપાવનાર ગૅરી કર્સ્ટન વર્તમાન ટી-૨૦ વર્લ્ડ કપમાં નામિબિયાના ક્રિકેટ કન્સલ્ટન્ટ તરીકે આવ્યા હતા. ૨૦૦૭માં ભારતે સૌપ્રથમ ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી ત્યારે લાલચંદ રાજપૂત ટીમ ઇન્ડિયાના મૅનેજર હતા અને આ વખતના ટી-૨૦ વર્લ્ડ કપમાં તેઓ યુએઇના કોચ હતા. કહેવાનો અર્થ એ છે કે નાના દેશોની રોમાંચક સફળતામાં કર્સ્ટન, રાજપૂત જેવા દિગ્ગજોનો પણ ફાળો હતો.

સાતમી ફેબ્રુઆરીએ વાનખેડેમાં ભારતે અમેરિકા સામે ભારે સંઘર્ષ કરીને ટૂર્નામેન્ટની શરૂઆત કરી હતી. આ સૌથી ટૂંકા ફૉર્મેટના વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્માએ શૂન્યની હૅટ-ટ્રિકની શરૂઆત એ મૅચથી જ કરી હતી. બૅટિંગ આપવામાં આવ્યા બાદ ભારતે હજી તો દાવની શરૂઆત કરી હતી અને અભિષેકે પહેલી વાર ક્રીઝમાં સ્ટાન્સ લીધું ત્યાં તો પેસ બોલર અલી ખાનના બૉલમાં લૉફ્ટેડ શૉટ મારવાના પ્રયાસમાં ડીપ કવરમાં ભારતીય મૂળના ફીલ્ડર સંજય ક્રિષ્નમૂર્તિને કૅચ આપી બેઠો હતો. ઇશાન કિશન (૨૦ રન) પણ લાંબું ન ટક્યો અને તિલક વર્મા (પચીસ રન)એ પણ થોડી ફટકાબાજીની ઝલક આપીને ચાલતી પકડી હતી. જોત જોતામાં ભારતની છ વિકેટ માત્ર ૭૭ રનના ટોટલમાં પડી ગઈ હતી. વાનખેડેમાં આ મુકાબલો જોવા આવેલા ૩૦,૦૦૦-પ્લસ પ્રેક્ષકોમાં સોપો પડી ગયો હતો. એ તો સારું થયું કે કૅપ્ટન સૂર્યકુમાર યાદવે નાની ભાગીદારીઓની મદદથી અણનમ ૮૪ રન કર્યા અને ૧૬૨ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ છેવટે ભારત ૨૯ રનના નાના માર્જિનથી જીત્યું.

જો ભારત સામેની મૅચમાં અમેરિકાની ફીલ્ડિંગ નબળી ન હોત તો મૅચનું પરિણામ જુદું જ હોત. એ જ રીતે નેધરલૅન્ડ્સ સામે પાકિસ્તાન બચી ગયું હતું. એક તબક્કે પાકિસ્તાને ૧૨૫ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી અને પાકિસ્તાને વિજય મેળવ્યો ત્યારે ફક્ત ત્રણ બૉલ બાકી રહ્યા હતા. નેધરલૅન્ડ્સના બોલર્સે સલમાન અલી આગાની ટીમને છેક સુધી હંફાવી હતી.

વર્ષો પહેલાં માત્ર ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) અને ઑસ્ટ્રેલિયાની બિગ બૅશ લીગ (બીબીએલ)ની બોલબાલા હતી. હવે તો વિશ્વભરમાં ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટનો રાફડો ફાટી નીકળ્યો છે. જોકે એનો લાભ ઘણા ઊભરતા ખેલાડીઓને મળ્યો છે અને એટલે જ આ વર્લ્ડ કપમાં અજાણ્યા ખેલાડીઓના રોમાંચક પર્ફોર્મન્સ જોવા મળ્યા. નેપાળના દીપેન્દ્રસિંહ ઍરીનું નામ તો સૌએ સાંભળ્યું જ હશે. માત્ર નવ બૉલમાં હાફ સેન્ચુરી ફટકારવાનો વિશ્વવિક્રમ તેના નામે છે. હા, યુવરાજ સિંહ (૧૨ બૉલમાં ૫૦) અને કૉલિન મન્રો (૧૪ બૉલમાં ૫૦)થી પણ તે આગળ છે. આઠમી ફેબ્રુઆરીએ તે ફક્ત ૪૪ રન કરી શક્યો હતો, પણ નેપાળની ટીમે ઇંગ્લૅન્ડ તરફથી મળેલા ૧૮૫ રનના ટાર્ગેટ સામે છ વિકેટે ૧૮૦ રન કરીને (લક્ષ્યાંકની લગોલગ પહોંચીને) બ્રિટિશરોને ચિંતામાં તો મૂકી જ દીધા હતા. ઇંગ્લૅન્ડ જરાક માટે નેપાળની નાગચૂડમાંથી બચી ગયું હતું.

એ મૅચ બાદ ઍરીએ બે હાફ સેન્ચુરી ફટકારી હતી. તમે જ વિચાર કરો કે ટી-૨૦ ઇન્ટરનૅશનલના રૅન્કિંગમાં અભિષેક શર્મા પછી બીજો ક્રમ ધરાવતા ફિલ સૉલ્ટ (એક રન)ને નેપાળે એ દિવસે માત્ર બે બૉલમાં વાનખેડેના પૅવિલિયન ભેગો કરી દીધો હતો. એક સમયનો શ્રેષ્ઠ હાર્ડ-હિટર જૉસ બટલર (૨૬ રન)ને પણ નેપાળના બોલર્સે પૂરા ૨૦ બૉલ પણ નહોતો રમવા દીધો. નેપાળે છેલ્લે ૧૭મી ફેબ્રુઆરીએ સ્કૉટલૅન્ડની અનુભવી ટીમને હરાવીને વિજય સાથે શાનથી વર્લ્ડ કપમાંથી વિદાય લીધી હતી. નેપાળની ચારેય લીગ મૅચ વાનખેડેમાં રમાઈ હતી અને હજારો નેપાળીઓએ દરેક મૅચમાં ભરપૂર મોજ માણી હતી. એક મૅચ દરમ્યાન કહેવાયું હતું કે 'વાનખેડેમાં સલામતી વ્યવસ્થાની જરૂર જ નથી, કારણકે હજારો ગુરખાઓ સ્ટેડિયમમાં મોજૂદ છે.'

ઇંગ્લૅન્ડે નસીબથી જ સુપર-એઇટ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે. નેપાળ પછી સ્કૉટલૅન્ડે પણ બ્રિટિશરોને ટેન્શનમાં લાવી દીધા હતા. ઇંગ્લૅન્ડે કોલકાતામાં ૧૫૩ રનનો લક્ષ્યાંક પાંચ વિકેટ ગુમાવીને મેળવ્યો ત્યારે માત્ર ૧૦ બૉલ બાકી હતા. નવાઈની વાત એ છે કે એ મૅચમાં પણ ફિલ સૉલ્ટ (બે રન) અને જૉસ બટલર (ત્રણ રન) ફ્લૉપ ગયા હતા. ઇટલીએ બે વખત ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બનેલા વેસ્ટ ઇન્ડિઝને ૧૬૫ રન સુધી સીમિત રાખ્યું અને પછી છેક ૧૮મી ઓવરમાં હાર સ્વીકારી હતી. ફૂટબૉલની રમતમાં લોકપ્રિય ઇટલીએ બે સગા ભાઈઓની ઓપનિંગ જોડી સાથે પોતાના સૌપ્રથમ વર્લ્ડ કપમાં ઝંપલાવ્યું અને ભારે પ્રશંસા સાથે આ ટૂર્નામેન્ટમાંથી વિદાય લીધી છે. ૩૧ વર્ષના જસ્ટિન મૉસ્કા અને તેના મોટા ભાઈ ૩૪ વર્ષીય ઍન્થની મૉસ્કાની ક્રિકેટમાં હવે ઉંમર ઘણી મોટી કહેવાય, પણ ક્રિકેટના વર્લ્ડ કપના ઇતિહાસમાં ઇટલીને સકારાત્મક પ્રવેશ અપાવવામાં તેમનું નામ હંમેશાં લેવાશે. નાના દેશો અંદરોઅંદર એકમેકથી ચડિયાતા પુરવાર થવા હરીફાઈમાં ઊતર્યા હતા અને એમાં લોકલાડીલા નેપાળની ટીમને વાનખેડેમાં ૧૨મી ફેબ્રુઆરીએ ઇટલીએ જસ્ટિન મૉસ્કા (૬૦ અણનમ) અને ઍન્થની મૉસ્કા (૬૨ અણનમ)ની ૧૨૪ રનની વિશ્વવિક્રમી ઓપનિંગ ભાગીદારીની મદદથી ૧૦ વિકેટે હરાવ્યું હતું. નેપાળની જેમ ઇટલીની ક્રિકેટ ટીમ પણ દેશમાં પાછા ગયા બાદ કહી શકી હશે કે તેઓ ખાલી હાથે પાછા નથી આવ્યા. ચારમાંથી એક મૅચ જીતીને આવ્યા છે.



અમેરિકાનો કૅપ્ટન મોનાંક પટેલ.

આઇપીએલને ભારતમાંથી જ દર વર્ષે અસંખ્ય નવા ખેલાડીઓ મળી રહેતા હોય છે. હવે આવનારાં વર્ષોમાં વર્લ્ડ કપના આ નાના દેશોના ખેલાડીઓ પણ આઇપીએલમાં રમવા દાવેદાર બનશે. એ જ રીતે, બીજી ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટોને પણ આવો ફાયદો થશે. બે પૈસા હવે વર્લ્ડ કપના નાના દેશોના ટૅલન્ટેડ ખેલાડીઓ પણ કમાશે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

## નોર્વેના ઓસ્લો એરપોર્ટ પર ધીરજની કસોટી...

**પ્રવાસ** કરવાનો પ્રકાર ભલે બદલાય, ફરવાની હવે કોઈ નવાઈ નથી રહી. એટલું જ નહીં, ફરવા માટેનાં કારણોનું લિસ્ટ છેલ્લા બે દશકોમાં ઘણું લાંબું બની ગયું છે. એવામાં થોડા થોડા સમયે તપાસી લઉં છું કે ફરવા માટેનું કોઈ કારણ એ તો નથી ને કે સોશ્યલ મીડિયા પર નવા ફોટા કે રીલ્સ શેયર કરવાનો સમય થઈ ગયો છે. છેલ્લાં બે વર્ષમાં તો એ પણ સાવ મર્યાદિત કરી દીધું છે. એઆઇ-સ્લોપને મારે મારી અંગત જિંદગીની તસવીરો નથી આપવી. અને બાકી હવે તમે જે પણ સ્મારક, પહાડ, બીચ પર જઈને કોઈ ફોટો પાડશો એ જ ફોટો એ જ દિવસે હજારો લોકોએ પાડ્યો જ હોય છે. તેમાં હવે કશું નવું નથી રહ્યું. તો ફોટો પાડવો હોય તો તે પણ પોતાના સંતોષ માટે કે પછી પોતાની ફોટોગ્રાફીની ટેક્નિક સુધારવા માટે કે અંગત યાદગીરી માટે હોઈ શકે. ફોટાની નવીનતાનો યુગ તો હવે ક્યાંય પૂરો થઈ ગયો છે. દરેક ટ્રિપના કમસેકમ દોઢ-બે હજાર ફોટા અને મોટી સંખ્યામાં વીડિયો પણ સંઘરાયા કરે છે. એમાંથી ક્યારેક દેશ મુજબ કે પછી પ્રસંગ મુજબ આલબમ્સ બનાવવાની વાતો તો થાય છે, પણ અંતે ગમે તે કરો જિંદગીમાં સમય ઓછો પડ્યા કરે છે. એ વાતની ચર્ચા ગંભીરતાથી કરવા માટે અમે ફરી એકવાર અમારા મનપસંદ ટ્રાવેલ પાર્ટનર જીગર, આનલ અને આર્યાને મળવા નોર્વે જઈ રહ્યાં હતાં.

આ ત્રણેયને લગભગ દર વર્ષે કોઈ ને કોઈ કારણસર દુનિયાના કોઈ ખૂણે મળવાનો પ્લાન થયા કરે છે. ફરવા માટેનું એ કારણ પણ મજાનું લાગે છે. ઇટાલીમાં કિયાન્ટીમાં આર્યા લોરેન્સમાં તેની ઢીંગલીની પ્રામને ધકેલતી કોબલ્ડ સ્ટ્રીટ્સ પર સાંકડી ફૂટપાથ પર ચાલતી હતી તે યાદ છે. હવે તો તે ટીનએજર થઈ ગઈ છે અને મજાની વાત એ છે કે નોર્વે જાણે હું એકદમ શાંત કોન્ફિડન્સ સાથે દુનિયાની ફિકર ન કરવાનું તેની પાસેથી શીખવા ગઈ હોય તેવું લાગતું હતું. જાપાનથી આવીને જરા ટ્રાવેલ ફેટીગ આવેલો. એવામાં લાંબો સમય ક્યાંય લાંબી ટ્રિપ માટે ન જવું એમ વિચારેલું. એ વિચાર બે મહિના ટક્યો. પછી અમે સમરમાં મિત્રો સાથે નોર્વે ખૂંદવા ઓસ્લો જતી ફ્લાઇટ માટે બુક્ડ હતાં. જોકે તે ટ્રિપનો પહેલો દિવસ તો જાણે તેને કાળો દોરો બાંધવાની જરૂર હોય તેમ શરૂ થયો હતો.












અમારી ફ્લાઇટ આમસ્ટરડામમાં ટચૂકડા લે-ઓવર સાથેની હતી, પણ કેએલએમએ આગલી રાત્રે મેસેજ કર્યો કે અમારી વહેલી સવારની ફ્લાઇટ કેન્સલ થઈ છે અને અમને લુફ્થાન્ઝાની ડાયરેક્ટ ફ્લાઇટમાં બુક કરી દેવામાં આવ્યાં છે. હવે એમાં તો અમને વાંધો ન હતો, પણ એરપોર્ટ પહોંચ્યા પછી ખબર પડી કે અમે પહેલાં જે ફ્લાઇટમાં ચેક-ઇન લગેજ ખરીદેલો તે આમાં નહીં મળે, અહીં ચેક-ઇન લગેજ અલગથી ખરીદવો પડશે. ફરવા નીકળો પછી આવું તો થયા કરે એમ વિચારીને અમે તે સ્ટેપ પર જરા પણ અકળાયા વિના આગળ ચાલ્યાં. લાઉન્જમાંથી જીગર લોકોની ફ્લાઇટ ચેક કરી. અમે બધાં એક સાથે ઓસ્લો એરપોર્ટ પર ત્યાંની સવારના સાડા દસ સુધીમાં પહોંચીને કાર રેન્ટ કરીને સ્ટાવાન્ગર તરફ આગળ ચાલીશું એવો પ્લાન હતો. હવે એ પ્લાન સાથે ઘણું બધું ખોટું થઈ શકે, પણ અમે હજી અંધારામાં હતાં. અમારી ફ્લાઇટ દસ વાગ્યે લેન્ડ થઈ, અને અમે રેન્ટલ કાર બૂથ પર પહોંચી ગયાં. નજીકમાં બ્રન્ચ માટેનાં કાફે સર્ચ કરી લીધાં અને જોયું કે તેમની ફ્લાઇટ ત્રણ કલાક લેટ છે.

અમારા માટે હવે લંચ ટાઇમ જ થઈ જવાનો હતો. અમે વેઇટિંગ એરિયામાં જઈને પાર્ક થયાં. કોફી અને સેન્ડવિચ સાથે અમે થોડું ફોન પર નેટફ્લિક્સ, થોડું વાંચવાનું, થોડું ઝોકાં ખાવાનું, બધું કરવામાં પૂરતું બેલેન્સ કરીને ટાઇમ પાસ કર્યો. ઓસ્લો એરપોર્ટ પર જેટલું પણ પીપલ-વોચિંગ થઈ શકે તે પણ અમે કર્યું. ત્યાં મોટી સંખ્યામાં ટૂરિસ્ટ પોતાની સાઇકલ ચેક-ઇન કરાવીને અથવા માટી હાઇકિંગ બેકપેક લઈને આવતાં દેખાયાં. અમે પણ હાઇકિંગ બેકપેક તો લાવેલાં જ. અહીંનો સમર આમ પણ ઘણો ટૂંકો અને માંડ હૂંફાળો હોય છે. એક સમયે તો અમે લોકોનાં વિન્ડશીટર રેન્ક કરવાની ગેમ પણ ચાલુ કરી ચૂક્યાં હતાં. ત્રણ કલાક આમ તો ક્યાંય પૂરા થઈ ગયા, પણ તે સમયે લાગ્યું હતું કે જાણે આખો દિવસ ત્યાં જ રહી ગયાં. આખરે મિત્રોની ફ્લાઇટ લેન્ડ થઈ હોવાનું નોટિફિકેશન આવ્યું. અમે ફરી પાછાં રેન્ટલ કાર પાસે જઈને કાર લેવાની પ્રોસેસ ચાલુ કરવાની તૈયારીમાં હતાં ત્યાં જીગરનો ફોન આવ્યો. એમની બેગ નથી આવી.

હવે અમે ફરી પાછાં અલગ જગ્યાએ પાર્ક થવા ગયાં. થોડી વારમાં તેનો ફરી ફોન આવ્યો, તેમની બેગ બીજું કોઈ લઈને જતું રહ્યું છે. જો એ લોકો બહાર નીકળી જશે તો એરપોર્ટ અને એરલાઇન તેમને તેમનાં એડ્રેસ પર બેગ મોકલી આપવાની જવાબદારી લેતું હતું, પણ એરલાઇન સ્ટાફે ઓલરેડી ટ્રેક કરી લીધું હતું કે એક ફેમિલી તેમની બેગના બદલે જીગરની બેગ લઈને જતું રહ્યું હતું. બંને બેગ્સ સરખી જ દેખાતી હતી. તેમની બેગ પર નોર્વેનો લોકલ ફોન નંબર પણ હતો એટલે ટ્રેક થઈ શક્યું કે એ લોકો હવે ઓસ્લોથી બર્ગેન જવા નીકળી ચૂક્યાં હતાં. તેમની ટ્રેનનું નેક્સ્ટ સ્ટેશન આવશે પછી એ વળતી ટ્રેન લઈને પાછાં એરપોર્ટ આવશે. હવે એ સમયે સ્ટાફ અમને બેગ અમારી હોટલ પર મોકલે તેના બદલે અમે એ જ નક્કી કર્યું કે હવે ભલે એરપોર્ટ પર વધુ થોડા કલાકો થાય, પૂરા સામાન સાથે જ આગળ જઈશું. એ લોકો બેગ ન આવે ત્યાં સુધી બહાર નીકળી શકે તેમ ન હતાં. અમે ફરી પાછાં પાર્ક થયાં અને વળી પાછાં નોર્વેના વાઇબને એરપોર્ટમાં બેઠાં બેઠાં કેચ કરવાની ટ્રાય કરવા લાગ્યાં.

આખરે વધુ બે કલાક પછી મિત્રો મળ્યાં અને પાંચ કલાકની એરપોર્ટની બેઠક યાદ પણ ન આવી. ઓસ્લો એરપોર્ટ એટલા કલાકોમાં ઘર જેવું લાગવા માંડ્યું હતું. અને સ્ટાવાન્ગર તરફ ગાડી ચાલી પછી તો થોડા દિવસોમાં આખું નોર્વે ઘર જેવું લાગવા માંડવાનું હતું. ■



# ઇન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

## ઘુંઘરુ

**ટીના દોશી**

**પગ ઘુંઘરુ બાંધ મીરાં નાચી રે...**

મધુર ગીતસંગીતના સૂર રેલાવાની સાથે રંગમંચ પર રંગરંગી રોશનીનાં વલય રચાયાં. નેપથ્યમાં શ્રીકૃષ્ણની વિશાળ કદની મૂર્તિ. અંગે પીળું પીતાંબર. માથે મુકુટ, મુકુટમાં મોરપીંછ અને હોઠે અડાડેલી વાંસળીમાંથી રેલાતા મધુર સ્વર... મૂર્તિની આગળ દૃશ્યમાન સાત રંગીન રોશનીના પ્રત્યેક વલયમાં એક એક મીરાં મૂર્તિની જેમ ઊભેલી. સાત વલય ને સાત મીરાંબાઈ. કેતકીએ વાદળી કોરવાળી, નંદિનીએ લીલી કોરવાળી, મોહિનીએ નીલી કોરવાળી, અંજલિએ જાંબલી કોરવાળી, સારંગીએ પીળી કોરવાળી, બંસરીએ નારંગી કોરવાળી ને જૂહીએ રાતી કિનારીવાળી એમ સાત રંગીન કોરવાળી શ્વેત સાડી પહેરેલી. એક હાથમાં ખંજરી ને બીજા હાથમાં તંબૂરો. ગળામાં સાડીના કિનારીવાળા રંગની માળા ને પગમાં ઘુંઘરુ.. દર્શકો મંત્રમુગ્ધ બનીને સાતેય મીરાંને નિહાળી રહ્યાં.

નૃત્ય કલામંદિરના રંગભવનમાં પગ ઘુંઘરુ શીર્ષક સાથે મીરાંબાઈના ગીતોભજનોના નવતર પ્રયોગ કહી શકાય એવા કાર્યક્રમનું આયોજન થયેલું. કાર્યક્રમમાં પગ ઘુંઘરુ ઉપરાંત છ ભજનનો સમાવેશ કરાયેલો. આરંભ થયો પગ ઘુંઘરુથી... અનિલે મૃદંગ પર હળવી થપાટ વગાડી, સૂરજે હાર્મોનિયમના સૂર ને જસરાજે સિતારનો તાર છેડ્યો. માલિનીએ મધુર રાગ છેડ્યો. : પગ ઘુંઘરુ બાંધ મીરાં નાચી રે... ગીતસંગીતના સૂર રેલાવાની સાથે જ રંગમંચ જીવંત થઈ ગયો. રંગીન રોશનીનું વર્તુળ કેતકી પર સ્થિર થઈ ગયું. અન્ય વર્તુળની રોશની બુઝાઈ ગઈ. પૂતળામાં પ્રાણ ફૂંકાયા હોય એમ કેતકીના પગ થરક્યા. ઘુંઘરુ બજી ઊઠ્યા. તંબૂરો વગાડતી કેતકીએ કૃષ્ણભક્તિમાં તન્મય થઈને નૃત્ય શરૂ કર્યું. માલિનીએ બીજી પંક્તિ પૂરી કરી : મૈં તો મેરે નારાયણ કી, આપ હી હો ગઈ દાસી રે... મુખડું પૂરું થયું એટલે કેતકીના પગ થંભી ગયા. ઘુંઘરુની રણઝણ પણ.

હવે જયમાલાએ ભજનની પંક્તિ લલકારી : મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ... નંદિનીએ નૃત્ય શરૂ કર્યું. થરકતા પગ સાથે ઘુંઘરુ નાદ કરતાં રહ્યાં. રંગીન રોશનીનું વર્તુળ નંદિની પર સ્થિર થઈ ગયું. મુખડું પૂરું થતાં નંદિનીના પગ પણ થંભી ગયાં. એ જ રીતે વારાફરતી મોહિનીએ 'જૂનું તો થયું રે દેવળ', અંજલિએ 'વાગે છે રે વાગે છે વનરાવન મોરલી વાગે છે', સારંગીએ 'રામ રાખે તેમ રહીએ ઓધવજી', બંસરીએ 'ગોવિંદો પ્રાણ અમારો રે' ને જૂહીએ 'ઝેર તો પીધાં જાણી જાણી' પર નૃત્ય કર્યું. ભજન બદલાયું ને નૃત્યાંગના બદલાવાની સાથે રંગીન રોશનીનાં ચકરડાં પણ ઘૂમતાં રહ્યાં. મુખડું પૂરું થતાં સહુના પગ થંભી ગયા અને ઘુંઘરુઓનો રણઝણાટ પણ. ન થમ્યો, ન થંભ્યો તો તાળીઓનો ગડગડાટ.

મુખડા પછી અંતરામાં પણ એ જ ક્રમનું પુનરાવર્તન થયું. રંગમંચની સાથે રંગભવન પણ કૃષ્ણભક્તિમાં લીન થઈ ગયું. અંતમાં રંગમંચ પર ચમત્કાર સર્જાયો. રંગબેરંગી વર્તુળો એકસાથે ઝબાક ઝબાક થવા લાગ્યાં. માલિની ને જયમાલાએ સૂર છેડ્યા ને સાતેય મીરાં સાતેય ગીત ને ભજનોના મુખડા પર એકસાથે નૃત્ય કરવા લાગી. ગીત, સંગીત ને નૃત્ય એકાકાર થઈ ગયાં. ઘુંઘરુઓના રણકાર વચ્ચે ભક્તિમય વાતાવરણમાં હળવે હળવે પરદો પડ્યો. તંદ્રામાંથી જાગેલા લોકોની તાળીઓથી રંગભવન ગુંજી ઊઠ્યું.

કેતકી, નંદિની, મોહિની, અંજલિ, સારંગી, બંસરી અને જૂહી પરદો ખસેડીને બહાર આવી. દર્શકોનું અભિવાદન ઝીલ્યું. વળી પરદા પાછળ સરકી ગઈ. રંગમંચની ડાબી બાજુએથી કલામંદિરની ભીતર લઈ જતો રસ્તો ફંટાતો. કલામંદિરને રંગભવન સાથે જોડતો આ રસ્તો નાનકડા કોરિડોર સમો હતો. આ કોરિડોર વટાવતાં કલામંદિરમાં પ્રવેશી શકાય. કલામંદિરમાં જમણી બાજુ વળીએ એટલે પાંચ કક્ષ નજરે ચડે. પહેલા ત્રણ કક્ષમાં અનુક્રમે નૃત્ય, સંગીત અને અભિનય શીખવવામાં આવે. ચોથો કક્ષ ચેન્જિંગ રૂમ કે ડ્રેસિંગ રૂમ તરીકે વપરાતો. પાંચમા ઓરડામાં નૃત્યનાં સાધનો અને વાજિંત્રો પડ્યાં રહેતાં.

કેતકી, નંદિની, મોહિની, અંજલિ, સારંગી, બંસરી અને જૂહી પહેલા ત્રણ ખંડ વટાવીને ચોથા કક્ષમાં દાખલ થઈ. સાતેય વસ્ત્રો બદલીને પાંચમા કક્ષમાં ગયાં. પોતાનો નૃત્યનો સરંજામ આ કક્ષમાં મૂકીને બહાર નીકળી એટલામાં તો કલામંદિર ચીસાચીસથી ગુંજી ઊઠયું : 'ખૂઉઉઉન...ખૂઉઉ..ન..ખૂન !'

સાતેય નૃત્યાંગનાઓ સહિત સહુ કોઈ અવાજની દિશામાં દોડ્યાં. અવાજ પહેલા કક્ષમાંથી આવી રહેલો. સહુ એ કક્ષમાં ઉતાવળે દાખલ થયાં. એમણે જોયું કે સેવક રઘુ થરથર કાંપી રહેલો. હાથમાં રહેલો ચાનો પ્યાલો છલકાઈ ગયેલો. અને હજુય એ ચીસ પાડી રહેલો. ખૂન...ખૂન..

સહુએ જોયું કે અભિનયશિક્ષક ગૌતમકુમાર એક ખુરસીમાં ઢળી પડેલો. એના માથા પરથી લોહી વહી રહેલું. વહી રહેલા લોહીથી એનો વાદળી રંગનો કુર્તો પણ ખરડેલો. સહુ સ્તબ્ધ થઈને આ વરવું દૃશ્ય જોઈ રહેલાં, ત્યારે જ કલામંદિરના સંસ્થાપક નૃત્યાચાર્ય શિવકૃષ્ણ ગુરુમૂર્તિ આવી પહોંચ્યા. ગૌતમકુમારનું ખૂન થયેલું જોઈને એમણે તરત જ પોલીસને ફોન કરી દીધો.

વળતી જ ક્ષણે પોલીસજીપમાં સવાર થઈને ઈન્સ્પેક્ટર કરણ બક્ષી એમના જુનિયરો જયરાજ જાડેજા અને દેવકી દીક્ષિત સાથે ઘટનાસ્થળે જવા નીકળી પડ્યો. પાંચેક કિલોમીટરનું અંતર કાપતાં જ કલામંદિરની ભવ્ય અને કલાત્મક ગોળાકાર ઈમારત નજરે પડી. કલામંદિરના ગુંબજ પર અત્યંત વિશાળ ઘુંઘરુઓનું નિર્માણ કરાયેલું. અત્યારે ખામોશીમાં ઘુંઘરુઓનો નાદ દૂર દૂર સુધી સંભળાઈ રહેલો.

ઘુંઘરુઓનો મધુર નાદ સાંભળતાં સાંભળતાં કરણ અને જુનિયરો જીપમાંથી ઊતર્યાં. પંદર પગથિયાં ચડીને વિશાળ પટાંગણમાં આવ્યા. ફરતે ગોળાકારમાં અને પટાંગણને કિનારે કિનારે અગિયાર ફૂટ ઊંચા ઘુંઘરુ. ઘુંઘરુમાં લાગેલી તાંબાની ઘૂઘરીઓ રણઝણ કરી રહેલી. પટાંગણમાં વચ્ચે નટરાજની એકવીસ ફૂટ ઊંચી પ્રતિમા. થોડું આગળ વધતાં કલામંદિરનું કમાનાકાર પ્રવેશદ્વાર દેખાય. પ્રવેશદ્વારમાં હાથમાં નાટ્યશાસ્ત્રની કૃતિ સાથે આશીર્વાદ આપતી મુદ્રામાં સત્તર ફૂટ ઊંચા ભરતમુનિ.

પોલીસત્રિપુટી પ્રવેશદ્વાર સુધી પહોંચી એટલામાં નૃત્યાચાર્ય સામે આવ્યા. પોતાનો પરિચય આપ્યો : 'ઈન્સ્પેક્ટર સાહેબ, હું કલામંદિરનો સંસ્થાપક શિવકૃષ્ણ ગુરૂમૂર્તિ...' પ્રાચીન ગ્રંથના પૃષ્ઠોમાંથી ચાલ્યા આવેલા ઋષિમુનિ જેવો દેખાવ. નાટ્યશાસ્ત્રના રચયિતા ભરતમુનિ જાણે. તાંબા જેવો રંગ. મસ્તક પર શ્વેત વાળની જટા. ભગવાં વસ્ત્રો ને શ્વેત દાઢીમૂછ. પગમાં ચાખડી ને હાથમાં દંડ.

'હું ઈન્સ્પેક્ટર બક્ષી..' પોતાનો પરિચય આપીને કરણે જુનિયરોની ઓળખાણ કરાવી : 'આ જયરાજ જાડેજા અને દેવકી દીક્ષિત.'

'સાહેબ, અમારા અભિનયશિક્ષક ગૌતમકુમારનું ખૂન થયું છે...' ગુરુમૂર્તિ ત્રિપુટીને જ્યાં ખૂન થયેલું એ ખંડ તરફ દોરી જતાં કહેવા લાગ્યા : 'આજે અમારે ત્યાં એક નૃત્યનો કાર્યક્રમ હતો. હું જરૂરી કામે બહાર ગયેલો. પાછો ફર્યો ત્યારે જોયું કે ગૌતમકુમારનું ખૂન થયું છે!'

ગુરુમૂર્તિનું વાક્ય પૂરું થયું ત્યાં તો કરણ અને જુનિયરો ખૂન જ્યાં થયેલું એ ખંડ સુધી પહોંચી ગયા. પોલીસત્રિપુટી તરત જ કામે વળગી. પ્રથમ નજરે જ ખબર પડી ગઈ કે ગૌતમકુમારના માથા પર આગળના ભાગમાં જમણી બાજુએ ત્રણેક ઈંચમાં ઊંડો ઘા થયેલો. બીજી નજરે જોતાં ઘામાં થોડી વિચિત્રતા જણાઈ. ત્રણ ઈંચના ઘેરાવામાં થયેલો એ ઘા એકસરખો નહોતો. ત્રણ ઈંચમાં સમાન અંતરે નરી આંખે ન દેખાય એવી જગ્યા પડતી. આ પ્રકારના કોઈ હથિયાર અંગે કરણ બક્ષીએ પહેલાં સાંભળ્યું નહોતું. એણે કમરામાં ચારેકોર નજર નાખી. ખૂણામાં પડેલા મેજ પર ધાતુની મૂર્તિઓ પડેલી. તાંબાની સરસ્વતીની, પિત્તળની લક્ષ્મીની અને સ્ટીલની પાર્વતીની...મૂર્તિઓને જોઈને કરણ બક્ષીના મનમાં ચમકારો થયો : ધાતુની કોઈ ચીજ વડે જ ગૌતમકુમારના મસ્તક પર ફટકો પડ્યો હોય એવું લાગે છે. કદાચ આમાંની કોઈ મૂર્તિથી જ ખૂન કરાયું હોય એમ પણ બને. જોકે ખૂન કરીને ખૂની હથિયાર ફરીને મેજ પર મૂકવા ન જાય. છતાં કોઈ મૂર્તિ પર લોહીના છાંટા અથવા લોહીના ડાઘ મળી આવે તો ખૂનનું હથિયાર નિશ્ચિત થઈ જાય. કરણે ઈશારો કર્યો એટલે હાથમોજાં ચડાવીને જયરાજ અને દેવકીએ મૂર્તિની તપાસ કરવા માંડી.

દરમિયાન કરણ બક્ષીએ તપાસ આદરી. ગુરુમૂર્તિને પૂછ્યું : 'તમને કોઈના પર શંકા છે... આ ખૂન કોણે કર્યું હોઈ શકે એ વિશે?'

'ના, ઈન્સ્પેક્ટર..' ગુરુમૂર્તિએ કહ્યું : 'મને તો ગૌતમકુમારનું ખૂન થયું એ જ માનવામાં આવતું નથી. ગૌતમ થોડો ગરમ સ્વભાવનો હતો એથી ક્યારેક કોઈની સાથે ખટપટ જરૂર થતી. પણ એ કારણસર કોઈ એનું ખૂન તો ન જ કરે.'

'ગૌતમની કોની સાથે ખટપટ થતી?' જયરાજે પૂછ્યું.

'ઈન્સ્પેક્ટર, પહેલાં તો હું મારા કર્મચારીઓ વિશે કહું....' ગુરુમૂર્તિ કહી રહ્યા : 'અમારે ત્યાં ગૌતમકુમાર ઉપરાંત કનકલતા, નયનતારા અને પત્રલેખા એમ ત્રણ નૃત્યશિક્ષિકાઓ છે. માલિની અને જયમાલા સંગીતશિક્ષિકાઓ. તબલાવાદક અનિલ, હાર્મોનિયમ વગાડનાર સૂરજ અને સિતારવાદક જસરાજ. એકાઉન્ટન્ટ સુનીલકુમાર અને ક્લાર્ક અશોક. રિસેપ્શન પર કંચન. સેવકોમાં કાશી અને રઘુ. ચોકીદાર બહાદુરસિંહ. એમાંથી કોઈ સાથે ક્યારેક ગૌતમકુમારની ચણભણ થઈ જતી. પણ પછી વાત આગળ ન વધતી. મામલો શાંત થઈ જતો.'

'પણ ચડભડ કયા મુદ્દે થતી?' દેવકી બોલી.

'એ તો તમે અમારા સ્ટાફને પૂછો તો સારું.' ગુરુમૂર્તિ નિસ્પૃહ ભાવે બોલ્યા : 'હું તો નજીવી બાબતો તરફ ઝાઝું ધ્યાન આપતો નથી.' કહીને કોઈના ફોનનો જવાબ આપવા શિવકૃષ્ણ ગુરુમૂર્તિ ચાખડી ચટકાવતા ચાલવા માંડ્યા. ગુરુમૂર્તિ પર શંકા કરવાનું કોઈ કારણ નહોતું. અનિલ, સૂરજ અને જસરાજને તો પોતપોતાના વાજિંત્રો પેક કરીને મોડા આવેલા. એથી શકમંદોમાંથી ત્રણેયના નામની બાદબાકી કરી. સાફસફાઈમાં પરોવાયેલી કાશીએ કહ્યું કે 'સુનીલકુમાર, અશોક અને બહાદુરસિંહે પોતાની જગ્યા છોડી નહોતી. એ બેય આવ્યા ત્યારથી જ કામમાં પરોવાઈ ગયેલા.' એ સહુનાં નામ પણ શકમંદોમાંથી બાદ કર્યા.

કરણ, જયરાજ અને દેવકીએ પૂછપરછનો આરંભ કર્યો માલિની અને જયમાલાથી. પૂછ્યું : 'તમારા બેયની ગૌતમકુમાર સાથે કોઈ બાબતે ટપાટપી થયેલી કે?'

માલિનીએ સ્પષ્ટ નનૈયો ભણ્યો. પણ જયમાલાએ કહ્યું : 'બે દિવસ પહેલાં મારા ગીતને ગૌતમે જાહેરમાં ઉતારી પાડેલું. એથી હું ખૂબ ગુસ્સે થઈ ગયેલી. એને બધાંની સામે એક લાફો ચોડી દીધેલો. પછી તો એણે મારી માફી માંગી લીધી ને વાત પૂરી થઈ ગઈ.' પછી વારો આવ્યો નૃત્યશિક્ષિકાઓ કનકલતા, નયનતારા અને પત્રલેખાનો. ત્રણેયને પુછાયેલો પહેલો પ્રશ્ન : 'ઘટના બની ત્યારે તમે ત્રણ ક્યાં હતા?'

કનકલતા અને નયનતારાએ કહ્યું : 'આજે અમારે ત્યાં પગ ઘુંઘરુના શીર્ષક સાથેનો કાર્યક્રમ હતો. એમાં ભાગ લેનારી વિદ્યાર્થિનીઓને અમે જ નૃત્ય શીખવેલું. એથી કાર્યક્રમ દરમિયાન અમે રંગમંચ પર હતા. પછી અમે અમારા કક્ષમાં ચાલ્યાં ગયાં. એની થોડી વારમાં જ ચીસો સાંભળીને અમે બહાર દોડી આવ્યાં.'

'સાહેબ...' પત્રલેખાએ કહ્યું : 'હું વિદ્યાર્થિનીઓને નૃત્ય શીખવી રહેલી. પણ તમે પૂછો એ પહેલાં હું જણાવી દઉં કે ચાર દિવસ પહેલાં મારો ને ગૌતમકુમારનો ઝઘડો થઈ ગયેલો. એણે મારાં વસ્ત્રો વિશે ટિપ્પણી કરેલી. મને ન ગમ્યું. એથી હું એના પર ગુસ્સે થઈ ગયેલી. પણ એવડી અમથી બાબત માટે હું એનું ખૂન તો ન જ કરું ને ?'

'ખૂન અંગે સૌ પ્રથમ કોને ખબર પડી?' કરણ બક્ષીએ મૂળ મુદ્દાનો પ્રશ્ન કર્યો.

'રઘુને. એ કલામંદિરમાં સેવક તરીકે નોકરી કરે છે..' કહીને પત્રલેખાએ રઘુને બોલાવ્યો. ને કહ્યું : 'તારે ચિંતા કરવાની જરૂર નથી. તેં જે જોયું હોય એ ઈન્સ્પેક્ટર સાહેબને જણાવ.'

'સાહેબ...' બે હાથ જોડીને રઘુ ઊભો રહ્યો. ચહેરા પર ભય વ્યાપેલો. એનો અવાજ ધ્રૂજી રહેલો : 'સાહેબ, ગૌતમકુમારને ચાનું વળગણ હતું. એમણે મારી પાસે ચા મંગાવેલી. પણ હું ચા આપવા ગયો ત્યારે..ત્યારે એ તો સ્વર્ગે સિધાવી ગયેલા.'

'રઘુ, હવે વિચારીને જવાબ આપજે કે ગૌતમકુમારે તને ચાનો ઓર્ડર આપ્યો ત્યારે કે તું ચા આપવા ગયો ત્યારે એમની સાથે કોઈ હતું ખરું? કરણ પૂછી રહ્યો : 'અથવા તો તું ચા આપવા ગયો ત્યારે કમરામાંથી કોઈ બહાર નીકળી રહ્યું હોય એવું કોઈ જોયેલું ?'

'સાહેબ એ તો...' રઘુ માથું ખંજવાળી રહ્યો. કહેવું ન કહેવુંની ગડમથલ દૂર થઈ હોય એમ બોલ્યો : 'સાહેબે મને ચાનો ઓર્ડર આપ્યો ત્યારે એમની સાથે કંચન બેઠેલી. મને એવું લાગ્યું કે બે વચ્ચે કોઈ બાબતે રકઝક થઈ રહેલી. પણ હું તો આંખ આડા કાન કરીને બહાર નીકળી ગયો. પાંચ-સાત મિનિટ પછી હું ચા આપવા ગયો ત્યારે મને ઝીણો ઝીણો રૂપાની ઘંટડી જેવો અવાજ સંભળાયો. પણ કમરાની ભીતર તો કોઈ નહોતું. એથી કદાચ મારો ભ્રમ પણ હોઈ શકે.'

'હં, આ મહત્ત્વનો મુદ્દો ખરો...' કરણ મનોમન ગણગણ્યો. કનકલતાને કહીને કંચનને બોલાવી. એ તો આવતાંવેંત એકશ્વાસે કહી રહી : 'મહિના પહેલાં મેં મજબૂરીના માર્યા ગૌતમકુમાર પાસેથી દસ હજાર રૂપિયા ઉધાર લીધેલા. એ પૈસા હજુ પાછા વાળી શકી નહોતી. એ બાબતે થોડી ખટપટ થઈ ગયેલી અમારી. પણ મારા પગારમાંથી ટુકડે ટુકડે પૈસા ચૂકવી દેવાની મેં વાત કરી. એથી ગૌતમકુમાર ટાઢા પડેલા. અમારી વચ્ચે સમાધાન થઈ ગયેલું. હવે આવી નજીવી બાબત માટે હું કાંઈ એમનું ખૂન કરું એવી મૂર્ખ થોડી છું?' શ્વાસ લઈને ફરી બોલી : 'એમ તો આજે સવારે કાર્યક્રમ શરૂ થાય એ પહેલાં નંદિની અને મોહિનીની ગૌતમકુમાર સાથે ઉગ્ર બોલાચાલી થયેલી. તો ખૂની તો એ બે પણ હોઈ શકે ને?'

'નંદિની અને મોહિનીને બોલાવો.' કરણ બક્ષીએ કહ્યું. બેય હાજર થઈ. પોલીસત્રિપુટીએ બંનેને નખશિખ નિહાળી. ખૂબસૂરત નહોતી, પણ લાવણ્યમયી તો હતી જ. બેચેન બની ગયેલી નંદિની બોલીઃ 'અમને શું કામ બોલાવ્યા છે?'

'ગૌતમકુમાર સાથે તમારી બોલાચાલી થયેલી, એ વાત સાચી?' કરણ આંખમાં આંખ પરોવીને બોલ્યો.

'જી સાહેબ...' આંખ ઢાળીને નંદિની બોલી : 'ગૌતમકુમાર કાયમ મને ટપારતા રહેતા કે મને અભિનય કરતાં આવડતું નથી. આજે કાર્યક્રમ પહેલાં એ મારી ઠેકડી ઉડાડવા લાગ્યા. એથી હું રોષે ભરાયેલી. ઊંધી જ ચોંટી. મેં ચોપડાવી દીધેલું કે એમને જ અભિનય શીખવતાં આવડતો નથી. સાંભળીને એ જોરજોરથી બડબડ કરવા માંડ્યા. પણ હું તો ત્યાંથી નીકળી ગઈ.'

'મોહિની, તમારે શું કહેવાનું છે ?' દેવકી બોલી.

'મારે ગૌતમકુમાર સાથે લડવાનું કારણ જુદું હતું..' મોહિનીના ગળે ડૂમો ભરાયો : 'ગૌતમકુમાર મારી પાછળ પડી ગયેલા. મેં એમને કહ્યું કે મારાં લગ્ન નક્કી થઈ ગયાં છે. એથી મારો પીછો છોડી દે. પણ એ સાંભળવા તૈયાર જ નહોતા. મને ધમકી આપતા કે મારા મંગેતરને મારી વિરુદ્ધ ઉશ્કેરશે. એ એવું કરે તો મારાં લગ્ન તૂટી જાય. એથી આજે સવારે તક મળતાં જ હું એમને અંતિમ વાર સમજાવવા ગયેલી. વાતચીત બોલાચાલીમાં પલટાઈ ગઈ. છતાં એ ન જ માન્યા. ને મારો કાર્યક્રમ હોવાથી હું નીકળી ગઈ.'

એટલામાં લક્ષ્મી, પાર્વતી અને સરસ્વતીની મૂર્તિની તપાસ કરીને આવેલા જયરાજ અને દેવકીએ કહ્યું : 'સર, અમે બિલોરી કાચથી મૂર્તિઓનું એકદમ ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું છે. ત્રણેય મૂર્તિઓ પરથી લોહીનો અંશ સુધ્ધાં મળ્યો નથી. એટલે ખૂનનું હથિયાર કોઈ ધાતુ હોય તો પણ આ મૂર્તિઓ તો નથી જ.'

'ધાતુ... પણ કઈ ધાતુ... કયું હથિયાર?' કરણ મૂંઝવણ અનુભવી રહ્યો. એવામાં એક વિદ્યાર્થિની પત્રલેખાને બોલાવવા ઘુંઘરુ રણઝણાવતી દોડી આવી. નૃત્યવર્ગ છોડીને આવેલી પત્રલેખા કરણ બક્ષીની રજા લઈને ચાલી ગઈ. ગુરુશિષ્યાને જતાં જોઈને કરણના મનમાં વીજળીનો ઝબકારો થયો. એણે નંદિની અને મોહિનીને પૂછ્યું : 'આજનો કાર્યક્રમ પગ ઘુંઘરુ. પગ ઘુંઘરુ એટલે મીરાંબાઈનું પાત્ર તમે ભજવ્યું હશે. ખરુંને?'

'હા જી ...અમે મીરાંબાઈનાં ગીતો ને ભજનો પર નૃત્ય કરેલું.' બંને એકસાથે બોલી. એટલે કરણે કહ્યું : 'નૃત્ય કરવા માટે તમે ઘુંઘરુ તો પહેર્યાં જ હશે.'

'જી સાહેબ... પગ ઘુંઘરુમાં ઘુંઘરુ વિના તો ચાલે જ નહીં ને ?'બંનેએ કહ્યું. એટલે કરણે પૂછ્યું : 'એ ઘુંઘરુ ક્યાં છે ?'

'અમે ઘુંઘરુ એને ઠેકાણે મૂકી દીધાં છે.' બંને કહી રહી.

'અમને બતાડો એ જગ્યા..' કરણ, જયરાજ અને દેવકીએ નંદિની અને મોહિનીને આગળ કર્યા. કનકલતા અને નયનતારાને પણ સાથે લીધી. સાતેય સાથે ચાલી નીકળ્યાં. કેતકી, બંસરી, સારંગી, અંજલિ અને જૂહી પણ પાછળ ચાલ્યાં. નૃત્યનાં સાધનો અને વાજિંત્રો પડ્યાં રહેતાં એ પાંચમા કક્ષ પાસે આવીને અટક્યાં.

'કક્ષની એક દીવાલને અડીને સ્ટીલના મોટા બોક્સ પડેલા. પ્રત્યેક બોક્સમાં ઘુંઘરુ, ખંજરી, માળા અને તંબૂરો પડેલાં. જયરાજ અને દેવકીએ દરેક બોક્સમાં મૂકેલા ઘુંઘરુની ફેરવીને તપાસ કરવા માંડી. થોડી વાર પછી દેવકીએ એક ઘુંઘરુ કરણ સામે ઝુલાવ્યું : 'સર, આ ઘુંઘરુની તાંબાની ઘૂઘરીઓ પર લોહીના ડાઘ છે.' ખૂનનું હથિયાર મળી ગયું. તાંબાની ધાતુના બનેલા ઘુંઘરુ!

'આ ઘુંઘરુ કોના છે ?' કરણના સ્વરમાં કરડાકી ભળી. પણ કોઈ કાંઈ બોલ્યું નહીં. એવામાં જયરાજે જોયું કે દરેક બોક્સમાં પડેલી માળાઓ જુદા જુદા રંગની હતી. દેવકીએ ઘુંઘરુ ઉપાડેલું એ બોક્સમાં નીલા રંગની માળા હતી. નયનતારાને એ વિશે પૂછતાં ખબર પડી કે સાડીની કિનારીના રંગની માળા સહુએ પહેરેલી.

'નીલી કિનારીવાળી સાડી કોણે પહેરેલી ?' કરણના અવાજમાં તીક્ષ્ણતા હતી, છતાં કોઈ કાંઈ બોલ્યું નહીં. કનકલતા અને નયનતારાને પણ યાદ નહોતું કે નીલી કોરવાળી સાડી કોણે પહેરેલી. એટલે જયરાજે જુદી રીતે એ જ સવાલ કર્યો : 'કોણે કયા રંગની કિનારીવાળી સાડી પહેરેલી?'

પાસા પોબાર. ફટાફટ જવાબ મળવા માંડ્યા. કેતકી બોલી, વાદળી કોરવાળી, નંદિની બોલી, લીલી કોરવાળી, અંજલિ બોલી, જાંબલી કોરવાળી, સારંગી કહે પીળી કોરવાળી, બંસરી કહે નારંગી કોરવાળી ને જૂહી બોલી, રાતી કિનારીવાળી.. છ વિદ્યાર્થીનીઓએ કયા રંગની કિનારીવાળી સાડી પહેરેલી એ ખબર પડી એટલે જેણે જવાબ ન આપ્યો એ સાતમી મોહિનીએ નીલી કોરવાળી સાડી પહેરેલી એ આપોઆપ સ્પષ્ટ થઈ ગયું. ખૂની મોહિની હતી !

મોહિની ભાંગી પડી : 'હા, મેં જ ખૂન કર્યું છે... ગૌતમકુમાર મારી જિંદગી બરબાદ કરવા બેઠેલો. એથી મેં એનું કાસળ કાઢવાનું વિચારી લીધેલું. આજે મોકો મળી ગયો. એ જ્યાં અભિનય શીખવે છે એની બાજુના આ ખંડમાં અમે વસ્ત્રો બદલવા આવેલાં. અભિનયકક્ષમાં કોઈ નહોતું. એટલે આ કમરાના છ ચેન્જિંગ રૂમમાં અન્ય વિદ્યાર્થીનીઓ કપડાં બદલવા ગઈ, ત્યારે હું ચૂપચાપ બહાર નીકળી. બાજુના ખંડમાં ગઈ. અને સામે બેઠેલા ગૌતમકુમારને કાંઈ ખબર પડે એ પહેલાં એના માથા પર ઘુંઘરુનો જોરદાર પ્રહાર કર્યો. બે ફટકામાં જ એ ઢળી પડ્યો. હું પાછી ચેન્જિંગ રૂમમાં ગઈ, ત્યારે કોઈ વસ્ત્રો બદલીને બહાર આવ્યું નહોતું.. એથી મને એમ થયું કે કોઈને મારા ખૂની હોવા અંગે ખબર નહીં પડે...'

'દરેક ગુનેગારને એવો જ ફાંકો હોય છે...'કરણ કહી રહ્યો : 'પણ ગુનો કરતી વખતે એ ભૂલી જાય છે કે કાનૂનના હાથ ખૂબ લાંબા હોય છે. એ ગમે તેટલા ચાલાક ગુનેગારને પાતાળમાંથી પણ પકડી જ લે છે !'

મોહિની શું બોલે? ધાતુની બનેલી હાથકડી પહેરવા એણે દેવકી સામે હાથ લંબાવી દીધો! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

# સૂર્યપ્રકાશ અનુસાર 'શિલ્પિત' ચીનનું સન ટાવર

**સ્થાપત્યનું વાઈ-ફાઈ**


હેમંત વાળા feedback@bombaysamachar.com

આ એક રસપ્રદ રચના છે જે સૂર્યની ગતિના સિદ્ધાંતને અનુસરે છે. આની રચના-નિર્ધારણમાં સૂર્ય અને સમુદ્રનું પ્રભુત્વ છે. આ બે પરિબળોને આધારે જ આ રચના આ રીતે સૂચિત થઈ છે. સ્થાપત્ય રચનાના મોટાભાગના નિર્ણયો આ બે પરિબળો દ્વારા જ લેવાયાં હોય તેમ જણાય છે. ચીનના ઉત્તર પૂર્વમાં આવેલા દરિયાકાંઠાના શહેર યાનતાઈની આ એક સૂચિત - નિર્માણાધીન રચના છે જે પૂર્ણતાને પામશે ત્યારે તેની ગણના વિશ્વના ઉલ્લેખનીય સ્થાપત્યમાં થશે તે વિશે કોઈ બેમત નથી.

આશરે ૫૦૦૦ ચોરસ મીટરના બાંધકામ તથા ૫૦ મીટરની ઊંચાઈવાળી, ઓપન આર્કિટેક્ચર નામની સ્થાપત્ય-સંસ્થા દ્વારા નિર્ધારિત કરાયેલ આ રચના હજી પૂર્ણ થઈ નથી પણ અત્યારથી જ તેણે ઘણી ચર્ચાને વેગ આપેલો છે. જાતજાતના પતરાં જડીને સ્થાપત્યને નિર્ધારિત કરવાનું જે વલણ પ્રચલિત છે તેની સામે આ એક નિખાલસ રજૂઆત છે.

અહીં જોવાં માટે ગેલેરી - ઓબ્ઝર્વેશન ડેક, પુસ્તકાલય, ઓપન એર થિયેટર, સામાન્યજન માટેની વેધશાળા, જરૂરિયાત મુજબ ઓફિસ, જાહેર તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટેની સુવિધા, વ્યક્તિગત સ્વતંત્રતા માટેના સ્થાન અને સામાન્ય ખાણીપીણીની સવલતો ઉભી કરાઈ છે. મકાનની વિવિધ ઉપયોગીતાને વધુ રસપ્રદ બનાવવા અહીં જે તે સ્થાને છીછરા હોજ અને કલાત્મક ફુવારા ગોઠવાયા છે. અહીંની અર્ધ-ખુલ્લી વ્યૂઇંગ ગેલેરી ઉપરના એક વિશાળ છિદ્ર - ઓક્યુલસમાંથી વરસાદનું પાણી આવી શકે તેવી વ્યવસ્થા છે જે તેની નીચે આવે એક શાંતિ-પુલમાં એકત્રિત થાય છે. આને કારણે આ સ્થાનની અનુભૂતિ રોમાંચક બની રહે છે. સમુદ્રના ઘુઘવાટની વાત કરીએ તો, અહીં સમુદ્રની સન્મુખ ટાવરનો અંતર્મુખ આંતરિક શેલ સમુદ્રના અવાજને વિસ્તૃત કરે છે, જેનો પડઘો તેની આગળના ભાગમાં રચાયેલ એમ્ફી થિયેટર સુધી પહોંચે છે. આ એક અનેરો અનુભવ કહેવાય. આનાથી જ્યારે સમુદ્ર દ્રષ્ટિથી દૂર હોય ત્યારે પણ તેની હાજરીની પ્રતીતિ થતી રહે.

આ ટાવરનો સૌથી મહત્ત્વનો હેતુ કુદરત સાથે સંપર્ક સાધવાનો છે, સૂર્યની મહત્તાને સમજવાનો છે, સમુદ્રના અસ્તિત્વને માન આપવાનો છે.




સાંપ્રત સમયમાં આમ પણ માનવી કુદરત સાથે સકારાત્મકતા અનુભવે તે જરૂરી છે. તેથી જ સમગ્ર રચનામાં વિષુવવૃતનું આગવું મહત્ત્વ છે. અહીં સૂર્યને જેટલી ગંભીરતાથી લેવામાં આવ્યો છે તેટલી જ ગંભીરતાથી સમુદ્રને પણ સ્થાન અપાયું છે. અહીં સમુદ્ર અને સૂર્યનું જોડાણ ભવ્યતાને પામે છે. અહીં સૂર્યોદયનું પણ મહત્ત્વ છે અને સૂર્યાસ્તનું પણ.

સમુદ્રની કોઈ છીપના આકાર પરથી પ્રેરણા લઈ આ મકાનની રચના કોંક્રીટના જાડા સ્તર વડે કરાઇ છે. આ બાહ્ય આવરણની વચ્ચે બધાંને પરસ્પર જોડવાં દાદર અને લિફ્ટ સાથે રેમ્પ અર્થાત ઢાળિયા રસ્તાનો પણ ઉપયોગ થયો છે. અહીંયાં વિશાળ બાંધકામ હોવાં છતાં બંધનની અનુભૂતિ નથી થતી. એ ઉપરાંત આ મકાનનો આકાર શંખ જેવો હોવાથી તેમાં ધ્વનિની રમત પણ આપમેળે શક્ય બની છે. સ્થાપત્યની પરિકલ્પનામાં માળખાકીય રચનાને ઉપયોગિતા સાથે સાંકળી લઇ વિશેષ પ્રકારની પ્રતિકાત્મક અનુભૂતિ સ્થાપિત કરવાનો આ સફળ પ્રયોગ છે. અહીં સમુદ્ર સાથે એક વિશેષ પ્રકારનો સંવાદ છે જેમાં વ્યક્તિગતતા અને સામૂહિકતા, બંનેને જાણે ન્યાય અપાયો છે. આમ જોવા જઈએ તો સમુદ્રની વિશાળતા સામે મકાન ક્ષુદ્ર ગણાય, પણ અહીં એમ નથી થતું. અહીં સમુદ્ર પોતાની ઓળખ જાળવી રાખે છે અને મકાન પોતાની ઓળખ ઊભી કરે છે. અહીં સમુદ્રનું મહત્ત્વ જળવાઈ રહે છે અને મકાન પણ પોતાના અસ્તિત્વની મહત્તા સ્થાપિત કરે છે.

સમુદ્રના વિવિધ સ્વરૂપને જેમ આ મકાનમાં પ્રતિભાવ અપાયો છે તેમ જુદી જુદી ઋતુમાં, જુદા જુદા સમયે આ મકાનમાં સૂર્યપ્રકાશની ભિન્ન ભિન્ન અદ્‌ભુત અનુભૂતિ થઈ શકે તે પ્રમાણેનું આયોજન કરાયું છે. આ માટે સ્થપતિએ સંવેદનશીલતાથી પ્રયત્ન કરેલો છે. આ રચનામાં સૂર્યના માર્ગની ભૌમિતિક સમજને આધારે સ્થાન-નિર્ધારણ કરાયું છે. સૂર્ય સાથે ઈચ્છનીય સંપર્ક સ્થપાય તે માટે વ્યવસ્થિત આયોજન કરી બારીઓ, ગોળાકાર છિદ્રો, પ્રેક્ષક ગેલેરી, ઊંચાઈમાં વધઘટ, આવનજાવનનો માર્ગ વિગેરે નિર્ધારિત કરાયા છે. જ્યારે વ્યક્તિ સમુદ્ર સાથે રસપૂર્વકનો દૃશ્ય સંપર્ક સ્થાપિત ત્યારે તેની અનુભૂતિમાં સૂર્યકિરણની હાજરી સહાયભૂત બનતી રહેતી હોય તેમ જણાય છે. સમુદ્ર અને સૂર્યની યથાર્થ સમજ થકી આ શક્ય બને. અહીં જેટલું મહત્ત્વ સૂર્યના માર્ગનું છે એટલું જ મહત્ત્વ સમુદ્રની સન્મુખતાનું છે.આ બંનેના સમન્વયથી ક્યારેક આ ટાવર દીવાદાંડી સમાન ભાસે છે.

આકર્ષક આકાર, યોજનાપૂર્વકનું વિભાગીકરણ, પ્રતિકાત્મક રજૂઆત, પરિસ્થિતિ સાથેનો ગાઢ સંબંધ, એક વિશાળ આકારમાં લાવવામાં આવેલી વિવિધતા, ઋતુ પ્રમાણે વ્યૂહાત્મક સ્થાનની ઉપયોગિતામાં રહેલી ભિન્ન ભિન્ન સંભાવના, બાંધકામ-યુક્ત અને બાંધકામ-મુક્ત વચ્ચેની વિભાવનાનું સંતુલન, સૂર્યની ગતિ સમજવામાં ભૌમિતિક ગણતરીની ચોકસાઇ, અનુભૂતિની વિવિધ પ્રકારની સંભાવનાનો સમાવેશ, માનવીની માનસિકતા માટે જરૂરી શાંતિને અપાયેલું મહત્ત્વ, આવન જાવનના માર્ગની અનુભૂતિમાં રહેલી વિવિધતા અને સમગ્રતામાં સ્થપાતી સુસંવાદિતતાને કારણે આ મકાન ઉલ્લેખનીય બને છે. સાંપ્રત સમયમાં અન્ય બધા જ આધુનિક મકાનો માટે કહેવાતું હોય છે તેમ અહીં પણ ઊર્જાની બચત, પર્યાવરણની અનુકૂળતા અને આધુનિક ટેકનોલોજી માટે દાવા કરાય છે. ■

પત્રકાર-નવલકથાકાર અનિલ રાવલની નવી નવલકથા દર રવિવારે



એક નજર ઈધર ભી...

# જયાં જયાં ફરે ગુજરાતી, ત્યાં ત્યાં પ્યોર વેજ ફૂડ!

## સ્વિટ્ઝર્લેન્ડ હોય કે યુકે અથવા નેધરલેન્ડ્સ હોય, બધે આપણું ખાણું ઉપલબ્ધ છે

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

કવિ અરદેશર ફરામજી ખબરદારની વિખ્યાત કાવ્ય પંક્તિ 'જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' ફક્ત સાહિત્યિક કૃતિ નથી. એ એક એવી ભાવના છે, જેમાં દરેક સ્થળે ગુજરાતીપણું ઊભું કરવાની કોશિશ નજરે પડે છે. ન્યૂયોર્કના ટાઈમ્સ સ્કવેરમાં દેશી ચણિયા ચોળી અને કેડિયા સાથે નવરાત્રિના રાસ - ગરબા હોય કે એમ્સ્ટર્ડમમાં પ્યોર ગુજરાતી ભાણું હોય, 'ઈસ્ટ ઓર વેસ્ટ, ગુજરાતી ફૂડ ઈઝ ધ બેસ્ટ'ના પડઘા સાંભળવા મળે.

એકવીસમી સદીમાં તો સહેલ સપાટાના પ્રમાણમાં ખાસ્સો ઉછાળો આવ્યો છે. તમે 'મુંબઈ સમાચાર' નિયમિત વાંચતા હશો તો એમાં ફોરેન ટુર્સની ઢગલાબંધ જાહેરખબર નજરે પડતી હશે અને એ પણ અલગ અલગ ટુર ઓપરેટર્સની. દરેક ટુર ઓપરેટર્સની વિશેષતાની યાદીમાં એક બ્રહ્મવાક્યની હાજરી હોય, હોય અને હોય જઃ સંપૂર્ણ ટુર દરમિયાન સ્વાદિષ્ટ ભોજન - વેજ+ જૈન મળશે. આ એક સગવડથી મધમાખી જેમ મધપૂડા પાસે ખેંચાઈ આવે એમ બજેટની ફિકર ન હોય એવા ફોરેન ટુર કરવા ઉત્સુક ગુજરાતીઓ જોડાઈ જાય. નવ દિવસ+ દસ રાત્રીના પેકેજમાં એકાદ જગ્યા ઓછી જોવા મળે કે કોઈ સ્થળેથી વહેલા નીકળી જવું પડે તો 'ઈટ્સ ઓકે', પણ દરેક ટંક પ્રોપર ગુજરાતી ફૂડ મળવું જ જોઈએ. જો એમાં ચૂક થઈ તો 'ફેરવે બરાબર, પણ ફૂડમાં લોચા' એવા મતલબનો અભિપ્રાય વહેતો થઈ જાય. એટલે જ કદાચ ફોરેન ટુરના આયોજનના પ્રારંભ કાળમાં 'પેરિસમાં પાતરાં અને રોમમાં રસપુરી'નું પ્રોમિસ પ્લસ પોઈન્ટ ગણાતો હતો. છેક ૧૯૯૭માં નેપાળની ટુર વખતે કાઠમંડુની હોટેલમાં પ્યોર વેજ - જૈન ફૂડ ખાવા મળ્યું હતું. આજે તો પ્યોર વેજ+ જૈન ફૂડનો મહિમા એટલો વધ્યો છે કે વિદેશના મહત્ત્વના ટુરીસ્ટ સ્પોટ કે શોપિંગ મોલમાં ટેસ્ટી ગુજરાતી - ભારતીય ખાણું ખરીદીને ખાઈ શકાય છે.

### નેધરલેન્ડ્સમાં ઓથેન્ટિક સાઉથ ઈન્ડિયન વરાયટી

યુરોપના દેશોમાં ફરવા જવાની વાત નીકળે તો પહેલું નામ સ્વિટ્ઝર્લેન્ડનું આવે. પછી ફ્રાન્સ, ઈટલી કે જર્મની, નોર્વે, ટર્કી કે યુકેનો સુધ્ધાં ઉલ્લેખ થાય. દરેકને પોતીકું સૌંદર્ય કે ગ્લેમર છે. પ્રત્યેકની ખાસિયત છે. જોકે, નેધરલેન્ડ્સ યુરોપનો એવો દેશ છે જેની પાસે ફ્રાંસ - ઈટલી જેવું ગ્લેમર નથી કે નથી સ્વિટ્ઝર્લેન્ડ જેવું નખશિખ સૌંદર્ય, પણ તેમ છતાં એ અદ્ભુત દેશ છે જ્યાં સૌંદર્ય છલકાય છે. ડચ લોકો ભોજનમાં ડેરી પ્રોડક્ટ તરફ ઝુકાવ ધરાવે છે. નેધરલેન્ડ્સના રોકાણ દરમિયાન ઉતરેક્ત નામના શહેરમાં 'ઓથેન્ટિક સાઉથ ઈન્ડિયન વરાયટી' ખાવાનો મોકો મળ્યો. સંપૂર્ણપણે ભારતીય મેનેજમેન્ટ અને ભારતીય સ્ટાફથી ચાલતી 'કૃષ્ણ વિલાસ' નામની રેસ્ટોરાંમાં રૂટિન આઈટમ ઉપરાંત પોડી ડોસા, અપ્પમ, મૈસુર બોન્ડા, લેમન રાઈસ, પાલ પાયસમ આરોગવાની લિજ્જત અનેરી હતી. અમારા ગ્રુપમાં એક ખવૈયા ઉસ્તાદ હતો જેણે આ આઈટમને 'ઓથેન્ટિક' યાને કે અધિકૃત દક્ષિણ ભારતીય વાનગીનું પ્રમાણપત્ર આપી દીધું. ગુજરાતીઓ ખાવાની વાનગી સાથે 'પ્રોપર' અને 'ઓથેન્ટિક' વિશેષણ જોડવામાં પાવરધા છે. દિવસ દરમિયાન ઉતરેક્તમાં નિહાળેલા ડોમ ટાવર, રેલવે મ્યુઝિયમ, ઐતિહાસિક રિટફેલ્ટ શ્રોડર હાઉસ, કેનાલ રાઈડના વૈભવની વાત થઈ એટલા જ રસથી ઓથેન્ટિક ખાણીપીણીનો ઉલ્લેખ થયો. વિદેશમાં અસ્સલ ભારતીય ભોજન મળે એનો આનંદ કોને કહેવાય એ તો ગુજરાતીના મોઢે જ જાણવું જોઈએ.



સાઉથ ઈન્ડિયન આઈટમ માણતી ડચ મહિલા




ચાય, ગરમ ચાય વેચતી એમા

### માદામ તુસો - મસાલા ચાય

માદામ તુસોના વેક્સ મ્યુઝિયમ વિશ્વવિખ્યાત છે. ચાર ખંડના ૨૦ ઠેકાણે આવેલા આ વેક્સ મ્યુઝિયમમાં સેલેબ્રિટી, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી વ્યક્તિ તેમ જ સ્થાનિક હસ્તીઓની પ્રતિકૃતિ જોવા મળે છે. લંડન સ્થિત મ્યુઝિયમ જોવાનો મોકો મળ્યો ત્યારે સચિન તેંડુલકર, આલ્ફ્રેડ હિચકોક, ઓડ્રિ હેપબર્ન, બારાક ઓબામા, પેલે સહિત અનેક મહાનુભાવ સાથે મ્યુઝિયમની અંદર 'મુલાકાત' થઈ. જોકે, મ્યુઝિયમની બહાર નીકળ્યા પછી બેલ્જિયમની એમા નામની ફૂટડી કિશોરી સાથેની કેટલીક મિનિટોની મુલાકાત કાયમ માટે સ્મૃતિપટ પર અંકિત થઈ ગઈ. એમા મ્યુઝિયમની બહાર હોટ બેવરેજીસ (ચા, કોફી, હોટ ચોકલેટ જેવા ગરમ પીણાં) વેચતા સ્ટોલમાં કામ કરતી હતી. અમે કુતૂહલવશ એ સ્ટોલ પાસે પહોંચ્યા ત્યારે અમે ભારતીય છીએ એનો અણસાર આવી જતા એ લહેકામાં બોલી 'ચાય, ગરમ ચાય, મસાલા ચાય.' અમારા બધાના કાન સરવા થયા. 'ગુડ મોર્નિંગ' કરી મીઠડાં સ્મિત સાથે પૂછવા લાગી 'હેવ મસાલા ચાય, ઈન્ડિયન્સ લવ ઈટ.' એટલું કહી તેણે બોર્ડ સામે આંગળી ચીંધી જેમાં સૌથી ઉપર કોફીની વરાયટી, ત્યારબાદ હોટ ચોકલેટ અને પછી ટી એટલે કે ચાયનો ઉલ્લેખ હતો. ભારતીયોને રસ પડે એવી ચાર આઈટમ હતીઃ ઈન્ડિયન મસાલા ચાય, જીંજર ચાય (આદુંવાળી ચા), કરક ચાય (કડક ચા) અને કાર્ડેમમ ચાય (એલચીવાળી ચા) હતી. એમાના સૂચનથી અમે બે મસાલા અને બે કડક ચાનો ઓર્ડર આપ્યો. અતિશયોક્તિ વગર કહું છું કે મુંબઈમાં ટપરી પર ચા પિતા લિજ્જત આવી હોય એવી અસ્સલ તો નહીં પણ લગભગ એના જેવી મજા આવી. લંડનમાં માદામ તુસોના વેક્સ મ્યુઝિયમની બહાર ઠંડકમાં આવી ચા મળે તો કોને મજા ન આવે. એમાએ આપેલી જાણકારી અનુસાર ઈન્ડિયન સ્ટાઈલની ચા વેચવાનું શરૂ કર્યા પછી ઘરાકી સારી રહે છે.




ધોધ માણ્યા પછી સમોસા - વડા પાંઉની લિજ્જત


### ર્‍હાઈન ફોલ્સ સમોસા-વડા પાંઉ

ઊંચાઈ પરથી પાણી ધોધ બની છલાંગ લગાવે એ દૃશ્ય મનભાવન હોય છે. ગીતકાર શૈલેન્દ્રએ 'મધુમતી' માટે લખેલા ગીતની પંક્તિ યાદ આવી જાયઃ 'યે ગોરી નદીયોં કા ચલના ઉછલકર કે જૈસે અલહડ ચલે પિ સે મિલકર'. ધોધ કે વોટરફોલની વાત નીકળે એટલે બધાને સૌથી પહેલા તો કેનેડા - યુએસનો નાયગ્રા ફોલ યાદ આવી જાય. જોકે, સ્વિટ્ઝર્લેન્ડના શફોઝેન વિસ્તારમાં આવેલો ૪૫૦ ફૂટ પહોળો અને ૭૫ ફૂટ ઊંચો ર્‍હાઈન ફોલ યુરોપનો સૌથી મોટો ધોધ છે, સહેલાણીઓ માટે અનેરું આકર્ષણ છે. દર વર્ષે ૧૦ લાખ સહેલાણી આ જગ્યાનું સૌંદર્ય માણવા આવે છે. ધોધ સુધી પહોંચવામાં અને ધોધની મસ્તીને, એના સૌંદર્યને અલગ અલગ ઠેકાણેથી નિહાળવા માટે ખાસ્સું ચાલવું પડ્યું હતું. મન તરબતર થયા પછી પાછા વળવાનો સમય થયો ત્યારે કકડીને ભૂખ લાગી હતી. એક સ્ટોલ પર નજર પડી જેમાં સમોસા, વડા પાંઉ, પાંઉ ભાજી જેવી આઇટમોનો ઉલ્લેખ હતો. અલબત્ત, સ્વાદ વિશે શંકા હતી જે ખાધા પછી સદંતર ખોટી સાબિત થઈ. સ્વિટ્ઝર્લેન્ડમાં ર્‍હાઈન ફોલ પાસે સ્વાદિષ્ટ શાકાહારી વાનગી મળી જાય એ મહદંશે ગુજરાતીઓના પ્રતાપે જ ને.

ભાત ભાત કે લોગ

# AI પણ માતૃભાષાના વિકાસ માટે ઉપયોગી સાબિત થઇ શકે?

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com



વિશ્વમાં કુલ કેટલી ભાષાઓ બોલાય છે? ચોક્કસ જવાબ મળવો મુશ્કેલ છે. વિશ્વભરની ભાષાઓ વિશેનો ડેટા ભેગો કરીને એના પરથી જાતજાતનાં તારણો કાઢતી Ethnologue નામની સંસ્થા કહે છે કે આજની તારીખે વિશ્વમાં ૭૦૦૦ જેટલી ભાષાઓ બોલાય છે. એમાં બોલીઓનો સમાવેશ નથી કર્યો. સાત હજાર પૈકી લગભગ ૩૦૦૦ જેટલી ભાષાઓ ખતરામાં છે.

ભાષા સામેનો ખતરો આપણા માટે પરિસંવાદો કે સાંસ્કૃતિક કાર્યક્રમોના એક વિષયથી વિશેષ કશું નથી એ દુખની બાબત છે. વિદ્વાનો અરણ્ય રુદન કરતા રહે છે કે ગુજરાતી ભાષા ખતરામાં છે. જેન ઝી તરીકે ઓળખાતી જનરેશન એવી છેલ્લી પેઢી છે, જે ગુજરાતી ભાષા બોલી, વાંચી અને લખી શકે છે. હવે પછીની જનરેશન ગુજરાતી શીખવાની જ નથી!

'કેટલા મુંબઈગરા પોતાનાં સંતાનોને ગુજરાતી માધ્યમમાં ભણાવે છે?' એવો 'અઘરો' પ્રશ્ન પૂછીને દુખી થવા જેવું નથી. નિષ્ણાંતો માને છે કે જ્યારે કોઈ ભાષાનો ઉપયોગ કરનારા એકાદ હજાર લોકો જ પૃથ્વીના પટ પર બાકી રહે, ત્યારે એ ભાષાને લુપ્તપ્રાયઃ જાણવી. એ હિસાબે ગુજરાતીઓએ હજી બીજા પંદરેક વર્ષ ચિંતા કરવાની જરૂર નથી. થેન્ક ગોડ... (ગુજરાતીમાં આભાર, પ્રભુ!)

હવે જરા જુદો એન્ગલ વિચારીએ. ૧૯૯૫ પછી ભારતમાં આઈટી ક્ષેત્રે અચાનક બૂમ આવી ગયેલો. આજે જેમ આપણને વિશ્વગુરુ બનવાનો થનગનાટ છે એમ એ વખતે વિશ્વનું આઈટી હબ બનવાનો થનગનાટ હતો. એ વખતે બેંગલોર ટુ બોસ્ટન બી-ટુ-બીનો પવન બહુ જોરમાં ફૂંકાયો, કારણ કે અમેરિકા અને યુરોપમાં ભારતીય આઈટી નિષ્ણાતો માટે બહુ તકો પેદા થયેલી. એ સમયે ઈન્ટરનેટ પર માત્ર અંગ્રેજી ભાષા જ ઉપલબ્ધ હતી. બીજી ભાષાઓ ય હશે, પણ એ માત્ર કોમ્યુનિટી પેજીસ પૂરતી જ સીમિત. મોટા ભાગના વ્યવહારો અંગ્રેજીમાં થતા એટલે આપણને એવું લાગતું હતું કે કટ્ટર પ્રતિસ્પર્ધી એવા ચીનને આઈટી ક્ષેત્રે આસાનીથી ઓવરટેક કરી શકાશે, કારણકે ચીની યુવાનો કરતાં ભારતીય યુવાનો ખાસ કરીને દક્ષિણ ભારતીય યુવાનોનું અંગ્રેજી ઘણું સારું હતું.

હવે આજે પરિસ્થિતિ શું છે? ચીન આઈટી, AI અને રોબોટિક્સમાં એટલું આગળ નીકળી ગયું છે કે ચીની રોબોટને પોતાનો ગણાવીને આપણી યુનિવર્સિટી આંતરરાષ્ટ્રીય સમિટમાં ઈજ્જતના ધજાગરા ઉડાવી રહી છે. ભારતની પ્રગતિ ય સારી જ છે, પણ અંગ્રેજીના જોરે ચીનને માત આપવાનું આપણું સપનું રોળાઈ ગયું છે.

આવું કેમ થયું? કારણ છે ઉપભોક્તાવાદ. ચીની બજારો સુધી પહોંચવા માટે આખા ચીનને અંગ્રેજી શીખવવા કરતાં ફોરેનર કંપનીઝ પોતાની વેબસાઈટ્સના ચાયનીઝ વર્ઝન શરૂ કરે, એ વધુ પ્રેક્ટિકલ માર્ગ ગણાય. અને એમ જ થયું. પછી તો ચીન પોતે જ પ્રોડક્શનમાં એટલું આગળ વધી ગયું કે આવી કોઈ ચર્ચા માટે કોઈ અવકાશ ન રહ્યો.

ખેર, મુદ્દો એ છે કે આપણે વિદેશી ભાષાઓની ગુલામીમાંથી બહાર આવીને જો માતૃભાષાને મહત્ત્વ આપતા શીખીશું તો આજના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના જમાનામાં ગુજરાતી સહિતની ભારતીય ભાષાઓને બહુ સરળતાથી બચાવી શકાશે.

જો તમે ગ્રોક, ચેટ જીપીટી કે ગુગલ જેમિની જેવાં AI ટૂલ્સ વાપરતા હશો તો તમને ખ્યાલ હશે જ કે આ ટૂલ્સ ગુજરાતીમાં વાર્તાલાપ કરતા શીખી ગયા છે. આ AI ટૂલ્સને તમે ગુજરાતીમાં પ્રશ્ન પૂછશો તો એ તમને ગુજરાતીમાં લાંબોલચક જવાબ આપશે. હા, એમાં વ્યાકરણની અથવા વાક્યરચનાની ભૂલ હોવાની શક્યતા ખરી, પણ ગુજરાતી વિષય સાથે સ્નાતક થયેલા અનેક યુવક-યુવતીઓ પાસે એ જ લખાણ લખાવશો તો AIની સાપેક્ષે વધુ ભૂલો જોવા મળી શકે છે! અલબત્ત, દિવસે દિવસે સ્માર્ટ થઇ રહેલી AI પોતાની ભૂલો ઘટાડી રહ્યું છે એટલે AI કોઈ પણ ભાષાના શિક્ષણને વધુ વ્યક્તિગત અને અસરકારક બનાવી શકે છે, જેમ કે સેલ્ફ લર્નિંગ, રોબોટ્સ દ્વારા વાતચીત અને ઉચ્ચારણની તાલીમમાં સુધારો. સાથે જ તે ડેટા પ્રોસેસિંગ અને ટ્રાન્સલેશન ટૂલ્સ દ્વારા લુપ્ત થતી ભાષાઓને સંરક્ષિત કરવામાં મદદ કરી શકે છે. એક મર્યાદા એવી છે કે AI હજુ અર્થ અને સંદર્ભને સંપૂર્ણપણે સમજી નથી શકતું આથી ભાષામાં સાંસ્કૃતિક ઊંડાણને અવળી અસર થઇ શકે છે, પણ ભવિષ્યમાં આ પરિસ્થિતિ સુધરશે એમાં કોઈ શંકા નથી.

આવનારાં વર્ષોમાં આમે ય AI આધારિત શિક્ષણનું મહત્ત્વ વધતું જવાનું છે ત્યારે અંતરિયાળ વિસ્તારો સુધી જો માતૃભાષામાં શિક્ષણ મળતું થાય તો માતૃભાષા ય બચશે અને શિક્ષણનો વ્યાપ પણ વધશે. એનાથી શિક્ષકોની નોકરીને અસર થવાની છે, પણ એ જોખમના નિવારણ માટે અન્ય પગલાં વિચારવા જોઈએ. અને હવે થોડી સરકારી છતાં જાણવા જેવી કેટલીક વાત,જેમકે...


ઓગસ્ટ ૨૦૨૨માં ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે ભારત સરકારે 'ભાષિણી' પ્રોજેક્ટ લોન્ચ કર્યો. કેન્દ્ર સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયનો આ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ હેઠળ ૨૨ જેટલી ભારતીય ભાષામાં - જેમ કે ગુજરાતી, હિન્દી, તમિલ, તેલુગુ, મરાઠી, બંગાળી, કન્નડ વગેરે - ટેક્સ્ટ-ટુ-ટેક્સ્ટ અનુવાદ, સ્પીચ-ટુ-ટેક્સ્ટ (ASR), ટેક્સ્ટ-ટુ-સ્પીચ (TTS) અને વોઇસ-ટુ-વોઇસ અનુવાદનું કામ થઇ શકે છે. આ પ્રોજેક્ટ દ્વારા દેશના અંતરિયાળ વિસ્તારોમાં વસતા લોકો સુધી એમની માતૃભાષામાં જરૂરી માહિતી પહોંચાડવાનો ઉપક્રમ છે. આ બધા કામમાં AIનો ભરપૂર ઉપયોગ થવાનો છે. હજી વધારે વાસ્તવિક રીતે કહેવું હોય તો AI વિના આ બધું લગભગ અશક્ય હતું.

હવે જરા વિચાર કરો. આપણે હાયર એજ્યુકેશન માટે અંગ્રેજી ભાષાને મહત્ત્વ આપીએ છીએ પણ એની સામે દેશનો વિશાળ વર્ગ જે જરૂર પૂરતું જ શિક્ષણ મેળવી શકે છે, એને પોતાની માતૃભાષામાં જ જીવનવ્યવહાર કરવા મળી જાય તો એ ક્યારેય પોતાની માતૃભાષા નહિં છોડે. એ સંજોગોમાં દર ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસે ભાષાની ચિંતા કરીને અડધા થઇ જવાને બદલે લેટેસ્ટ ટેકનોલોજીના ઉપયોગ વડે માતૃભાષા માણી શકાશે. આપણી સંકુચિત વિચારસરણીને કારણે કુંઠિત થઇ રહેલી ભાષા જો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ થકી નવસંસ્કરણ પામે, તો એથી રૂડું બીજું શું? ■

મસ્તરામની મસ્તી

# ચુનિયો ચાઈનીસ કૂતરું લાયવો...

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com




ગયા અઠવાડિયે મહોલ્લામાં ચર્ચાઓનું બજાર ગરમ હતું. એક બાજુ આપણા ચુનીલાલ ઉર્ફે ચુનિયાએ ચાઈનીઝ શીખવા માટે નૂડલ્સનો જે ઘાણ કાઢ્યો હતો એની વાત હતી તો બીજી બાજુ સમાચારમાં પેલી 'ગપગોળા યુનિવર્સિટી' એના AI ના જૂઠાણાને લીધે ઉઘાડી પડી ગઈ હતી!

ચુનિયો અત્યારે આખા મહોલ્લામાં 'ચાઈનીઝ એક્સપર્ટ' તરીકે ફરતો હતો. એણે નક્કી કર્યું કે જો ચીન સાથે ધંધો કરવો હોય તો ચાઈનીઝ ભાષા આવડવી જોઈએ અને તે માટે પહેલાં પેટમાં ચાઈનીઝ ખોરાક હોવો જોઈએ. સવાર-સાંજ મન્ચુરિયન અને નૂડલ્સ ઝાપટીને ચુનિયાની આંખો ઝીણી થઈ ગઈ હતી અને પેટ ફૂલીને ઢોલ જેવું થઈ ગયું હતું.

ભાભીનો મને ફોન આવ્યો કે 'મિલનભાઈ, આને થયું છે શું? છેલ્લા દસ દિવસથી ચાઈનીઝ ફૂડ જ ખાય છે. હવે તો ડોળા કાઢતા હોય ત્યારે ઝીણી આંખે જોતા હોય તેવી આંખો થઈ ગઈ છે. પેલા ચીનાઓની જેમ એની ઊંચાઈ પણ ઘટી ગઈ હોય તેવું લાગે છે...તાત્કાલિક ઘરે આવો.'

હું તરત ઘરે પહોંચ્યો. જોયું તો ચુનિયો ચોપસ્ટિકથી બિસ્કિટ પકડવાની કોશિશ કરતો હતો. ચોપસ્ટિક સાથે જ મારું સ્વાગત કર્યું.

મેં કીધું 'અરે ચુનિયા! આ નૂડલ્સ ખાઈને તારું મોઢું જ ચાઈનીઝ જેવું થઈ ગયું છે, હવે ભાષા શીખવાની ક્યાં જરૂર છે? પણ આ બધું તું કોના માટે કરે છે?'

ચુનિયો ગર્વથી કહે, 'ભાઈ, મેં ઓનલાઇન એક હાઈ-ટેક ચાઈનીઝ કૂતરું મંગાવ્યું છે. એને સમજવા માટે મારે 'ચાઈનીઝ' થવું પડે ને!'

થોડી વારમાં કુરિયર આવ્યું. બોક્સ ખોલ્યું તો અંદરથી રુંવાટીનો એક સફેદ ગોળ દડો નીકળ્યો. ચુનિયાએ એનું નામ રાખ્યું 'સીંગ-તેલ'. મેં કહ્યું આવું નામ કેમ રાખ્યું તો કહે 'આપણે બીજું કાંઈ રાખી અને ભૂલી જઈએ તો? તેના કરતાં રોજબરોજનો જે પનારો છે તે જ રાખ્યું 'સીંગ - તેલ.'

જોકે મુસીબત એ થઈ કે એ કૂતરું એટલું બધું ગોળ અને રૂ જેવું હતું કે એનું મોઢું કઈ બાજુ છે અને પૂંછડી કઈ બાજુ, એની કોઈને ખબર જ ન પડે!

ચુનિયો આખું અઠવાડિયું એની પ્રદક્ષિણા કરતો રહ્યો. હું રોજ પૂછું 'કેમ ચુનિયા, આજે મોઢાના દર્શન થયા કે હજી પૂંછડીને જ નમસ્કાર કરે છે?'

પૂરું એક અઠવાડિયું તપાસ ચાલી. છેવટે આઠમા દિવસે જ્યારે સીંગ-તેલે જોરથી છીંક ખાધી, ત્યારે ચુનિયો રાડ પાડી ઊઠ્યો, 'ઓય મિલનમસ્ત! જલદી આવો, આ બાજુ નાક છે! હું તો અત્યાર સુધી બીજી બાજુ બિસ્કિટ ધરીને બેઠો હતો!'

બીજે દિવસે સવારમાં ચુનિયો પેલા સીંગ-તેલને પોતાની નવી શીખેલી ચાઈનીઝ ભાષામાં ઓર્ડર આપતો હતો, 'ચૂં-પાં-ચા...' (કદાચ એનો અર્થ 'હાથ મિલાવ' થતો હશે). પણ પેલા ગોળ દડા જેવા કૂતરાએ સીધો ચુનિયાના અંગૂઠામાં ઘા કર્યો!

ચુનિયો કૂદ્યો ત્રણ ફૂટ ઊંચો! 'ઓય બાપ રે! મિલનભાઈ, આ તો માલિકને જ કરડ્યું?'

મેં કીધું 'ચુનિયા, આમાં કૂતરાનો વાંક નથી. આ 'ચાઈનીઝ માલ' છે અને ટ્રેનિંગ કદાચ પેલી ગપગોળા યુનિવર્સિટીમાં લીધી લાગે છે! જ્યાં પાયો જ જૂઠાણાનો હોય, ત્યાં કૂતરું હોય કે ટેકનોલોજી છેવટે માલિકને જ કરડે!'

ચુનિયાને તો ડખો પણ એ થયો કે આપણા કૂતરા કરડે તો પાંચ ઇન્જેક્શનમાં પતી જાય, પરંતુ આ ચાઈનીઝ કૂતરા કરડે તો શું કરવું તે જણાવવામાં google પણ ગોટે ચડી ગયું. ગપગોળા યુનિવર્સિટીએ પણ કેટલા મીડિયા રૂપી ઇન્જેક્શન લીધા હશે રામ જાણે.

અમારે ચુનિયાને તો એકવાર સબક મળે પછી તે વિષયનો તે સલાહકાર થઈ જાય. સ્વ અનુભવ પરથી... આવું કહીયે ને સલાહ માથા પર ઠોકે.

મને કહે : 'ઘણું શીખવા મળ્યું જેમ કે, ચાઈનીઝ કૂતરું લેતી વખતે એનું મોઢું ક્યાં છે એનો 'મેપ' સાથે મંગાવવો...'

ચાઈનીઝ ભાષા શીખવા માટે અળસિયા જેવા હક્કા નૂડલ, દેશી મુઠિયા જેવા મંચુરિયન કે ફ્રાઇડ રાઈસ જેવી કોઈપણ વાનગી ખાવી જરૂરી નથી.

ગપગોળા યુનિવર્સિટી પણ અત્યારે એ જ વિચારતી હશે કે AI મંડળીમાં ભાગ શું કામ લીધો?

બધું 'પતી' ગયા પછી જ પસ્તાવા રૂપી જ્ઞાનની સરવાણી ફૂટે છે તેમજ ચુનિયાએ સીંગતેલને દસમા દિવસે તો સોસાયટીમાં રમતું મૂકી દીધું. મને કહે 'હું તેને કરડી તો ના શકું પણ મારી સોસાયટીના કૂતરા એને કેવી રીતે સમજાવશે કે ચાઇના લગી તેના સગાં વહાલાઓને કહેશે કે 'ગમે તે દેશમાં જાવું,ગમે તેમ કરવું પણ ભારતમાં જઈ અને ચુનિલાલને ન કરડવું. આપણી સાત પેઢીનો આકાર ફેરવી નાખે એવી હાલત આ સોસાયટીના ડાઘીયાઓ કરી નાખશે.'

ગપગોળા યુનિવર્સિટી વિચારતી હશે કે ચાઈનીઝ કૂતરાથી છેટું રહેવું. ચાઈનીઝ કૂતરાઓ વિચારતા હશે કે ચુનિયાથી છેટું રહેવું. ■

**વિચારવાયુ**

*જસ્ટ પુછિંગ...*
*ચાઈનીઝ આઈટમનો વિરોધ અને તેનો ઉપયોગ બંને સાથોસાથ થઈ રહ્યું હોય તેવું કેમ લાગી રહ્યું છે?*

# આજથી સુપર-એઈટના સુપર-મુકાબલાઃ કોલંબોમાં વરસાદ

## પહેલા જંગમાં પાકિસ્તાન કોલંબોમાં કિવીઓની રાહ જુએ છેઃ મેઘરાજા પણ ઝલક બતાવશે તો નવાઈ નહીં

કોલંબોઃ પાકિસ્તાન સરકાર અને પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત સામેની મૅચનો બહિષ્કાર કરવાની જાહેરાત સાથે અનેક નાટક કર્યા પછી કરોડો રૂપિયાનું ભંડોળ ગુમાવવું પડી શકે એવી ભીતિ બદલ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) સામે ઘૂંટણિયા ટેકવ્યા ત્યાર બાદ હવે સલમાન અલી આગાના નેતૃત્વમાં રમતી એની ક્રિકેટ ટીમ માટે ખરાખરીનો ખેલ આજે શરૂ થઈ રહ્યો છે.

આઠ દેશ વચ્ચેના સુપર-એઇટ રાઉન્ડમાં આજે પાકિસ્તાનનો પ્રથમ મુકાબલો (સાંજે ૭.૦૦ વાગ્યાથી) ન્યૂ ઝીલૅન્ડ સામે છે. કોલંબોમાં ગઈ કાલે સારો વરસાદ પડ્યો અને શનિવારે પાકિસ્તાન-ન્યૂ ઝીલૅન્ડની મૅચ પહેલાં તથા મૅચ દરમ્યાન પણ વરસાદ પડવાની આગાહી છે.

આ બન્ને દેશ સુપર-એઇટના ગ્રૂપ-ટૂમાં છે. આ ગ્રૂપની ટીમો વાય-૧, વાય-૨, વાય-૩ અને વાય-૪ તરીકે ઓળખાય છે.

એવી જ રીતે ગ્રૂપ-વનમાં ચાર ટીમ એક્સ-વન, એક્સ-ટૂ, એક્સ-થ્રી અને એક્સ-ફોર તરીકે ઓળખાશે. એમાં ભારત એક્સ-વન છે.

### તારિક સામે કિવીઓની પરીક્ષા

બન્ને દેશ સ્પિનર્સ પર મદાર રાખવાના આશયથી ટીમમાં બને એટલા સ્પિનર્સને સમાવશે. પાકિસ્તાન પાસે સ્ટૉપ-સ્ટાર્ટની વિચિત્ર બોલિંગ-ઍક્શનવાળો ઉસ્માન તારિક તેમ જ અબ્રાર અહમદ, શાદાબ, સઇમ અયુબ અને મોહમ્મદ નવાઝ છે. કિવીઓની ફોજમાં ઇશ સોઢી જોડાશે તો ટીમની સ્પિન-ક્ષમતા ઘણી વધી જશે. સોઢીને આ વખતના વર્લ્ડ કપમાં હજી સુધી નથી રમવા મળ્યું. કિવી પાસે કૅપ્ટન મિચલ સૅન્ટનરના રૂપમાં મુખ્ય સ્પિનર તેમ જ પાર્ટ-ટાઇમ સ્પિનરો રચિન રવીન્દ્ર અને ગ્લેન ફિલિપ્સ પણ છે.

### આ જ મેદાન પર ભારત સામે પાકિસ્તાન હારેલું

લીગ રાઉન્ડમાં ન્યૂ ઝીલૅન્ડની મૅચો ચેન્નઈ અને અમદાવાદમાં રમાઈ હતી, જ્યારે પાકિસ્તાને તમામ મૅચો કોલંબોમાં રમી હોવાથી કોલંબોના હવામાન વિશે પાકિસ્તાનની ટીમને ઘણી જાણકારી છે. જોકે પાકિસ્તાન ચારમાંથી ત્રણ મૅચ કોલંબોના એસએસસી ગ્રાઉન્ડમાં રમ્યું હતું અને આજની મૅચ કોલંબોના જ આર. પ્રેમદાસા ગ્રાઉન્ડ પર રમાવાની છે જ્યાં પાકિસ્તાને ભારત સામે ૧૧૪ રનમાં આઉટ થઈને જોરદાર પછડાટ ખાવી પડી હતી. ■



સુપર-એઈટની આઠ ટીમના કૅપ્ટન શાઇ હોપ, સૂર્યા, માર્કરમ, બ્રૂક, શનાકા, સૅન્ટનર, સિકંદર અને સલમાનની એઆઇ તસવીર.

### સુપર-એઈટમાં કોની મૅચ ક્યારે?

| ક્યારે | હરીફો | સ્થળ | સમય |
|---|---|---|---|
| શનિ/૨૧ ફેબ્રુ. | પાકિસ્તાન-ન્યૂ ઝીલૅન્ડ | કોલંબો | સાંજે ૭.૦૦ |
| રવિ/૨૨ ફેબ્રુ. | શ્રીલંકા-ઇંગ્લૅન્ડ | પલ્લેકેલ | બપોરે ૩.૦૦ |
| રવિ/૨૨ ફેબ્રુ. | ભારત-સા.આફ્રિકા | અમદાવાદ | સાંજે ૭.૦૦ |
| સોમ/૨૩ ફેબ્રુ. | ઝિમ્બાબ્વે-વેસ્ટ ઇન્ડિઝ | વાનખેડે | સાંજે ૭.૦૦ |
| મંગળ/૨૪ ફેબ્ર. | પાકિસ્તાન-ઇંગ્લૅન્ડ | પલ્લેકેલ | સાંજે ૭.૦૦ |
| બુધ/૨૫ ફેબ્રુ. | શ્રીલંકા-ન્યૂ ઝીલૅન્ડ | કોલંબો | સાંજે ૭.૦૦ |
| ગુરુ/૨૬ ફેબ્રુ. | વેસ્ટ ઇન્ડિઝ-સા.આફ્રિકા | અમદાવાદ | બપોરે ૩.૦૦ |
| ગુરુ/૨૬ ફેબ્રુ. | ભારત-ઝિમ્બાબ્વે | ચેન્નઈ | સાંજે ૭.૦૦ |
| શુક્ર/૨૭ ફેબ્રુ. | ઇંગ્લૅન્ડ-ન્યૂ ઝીલૅન્ડ | કોલંબો | સાંજે ૭.૦૦ |
| શનિ/૨૮ ફેબ્રુ. | પાકિસ્તાન-શ્રીલંકા | પલ્લેકેલ | સાંજે ૭.૦૦ |
| રવિ/૧ માર્ચ | ઝિમ્બાબ્વે-સા.આફ્રિકા | દિલ્હી | બપોરે ૩.૦૦ |
| રવિ/૧ માર્ચ | ભારત-વેસ્ટ ઇન્ડિઝ | કોલકાતા | સાંજે ૭.૦૦ |

નોંધઃ ૪-૫ માર્ચે સેમિ ફાઇનલ રમાશે અને ૮ માર્ચે ફાઇનલ મુકાબલો થશે.

# ઝિમ્બાબ્વેના કોચનો આત્મવિશ્વાસ સાતમા આસમાનેઃ ભારત ઉપરાંત સાઉથ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝને ખતરો

કોલંબોઃ ઍન્ડી ફ્લાવર, ગ્રાન્ટ ફ્લાવર, હીથ સ્ટ્રીક, હેન્રી ઑલોન્ગા વગેરે ભૂતપૂર્વ ખેલાડીઓને કારણે ક્રિકેટ જગતમાં ઝિમ્બાબ્વેથી સૌકોઈ પરિચિત છે અને થોડાં વર્ષો સુધી અજ્ઞાતવાસમાં રહ્યા બાદ આ દેશ ક્રિકેટના ફલક પર ફરી ગાજવા લાગ્યો છે જેમાં આ મહિને એણે ઑસ્ટ્રેલિયા અને શ્રીલંકાને ટી-૨૦ વર્લ્ડ કપમાં હરાવી દેતાં ઝિમ્બાબ્વેના સહાયક કોચ ડિઑન ઇબ્રાહિમે ભરપૂર આત્મવિશ્વાસ બતાવ્યો છે.

ઇબ્રાહિમે કહ્યું છે કે તેમની ટીમે લીગ રાઉન્ડમાં બે અપસેટ સર્જ્યા એમ છતાં તો તેમની ટીમને હજી પણ અન્ડરડૉગ માનવામાં આવતી હોય તો એ સામે તેમને કોઈ વાંધો નથી.

ગ્રૂપ-બીમાં અપરાજિત રહીને સુપર-એઇટમાં પહોંચનાર ઝિમ્બાબ્વેએ ૧૩મી ફેબ્રુઆરીએ ઑસ્ટ્રેલિયાને ૨૩ રનથી અને ૧૯મી ફેબ્રુઆરીએ શ્રીલંકાને છ વિકેટે હરાવી દીધું હતું. જેમ ૨૦૨૪ના વર્લ્ડ કપમાં અમેરિકા સામેની હાર પાકિસ્તાનને સૌથી વધુ ભારે પડી હતી એમ આ વખતે ઘમંડી મિચલ માર્શના નેતૃત્વમાં રમનાર ઑસ્ટ્રેલિયાની ટીમે ઝિમ્બાબ્વેની હારને લીધે જ આ વર્લ્ડ કપમાંથી વહેલી વિદાય લેવી પડી છે. આ શાનદાર પ્રદર્શન બાદ હવે ઝિમ્બાબ્વેના કોચ ઇબ્રાહિમ તેમ જ કૅપ્ટન સિકંદર રઝા અને તેના સાથી ખેલાડીઓનો જુસ્સો બુલંદ થયો છે.





ઝિમ્બાબ્વેના સહાયક કોચ ડિઑન ઇબ્રાહિમ (ડાબે) અને ઝિમ્બાબ્વેના ખેલાડીઓ (જમણે)

હવે સુપર-એઇટમાં ઝિમ્બાબ્વેનો પહેલાં વેસ્ટ ઇન્ડિઝ સામે, ત્યાર બાદ ભારત સામે અને છેલ્લે સાઉથ આફ્રિકા સાથે ટક્કર છે. ઇબ્રાહિમ કહે છે, 'રૅન્કિંગને આધારે અમને અન્ડરડૉગ (છુપા રુસ્તમ) કહેવામાં આવી રહ્યા છે. અમને એ સામે કોઈ વાંધો નથી. અમને આવી છાપ સાથે જ રમવું ગમે છે. અમારી ટીમે હવે ત્રણેય મોટા દેશ સામે રમવાનું હોવાથી પાક્કી તૈયારી કરી લીધી છે. અમારા ખેલાડીઓ જરા પણ ગભરાયા વગર રમે એ જરૂરી છે. અમારી ટીમના કૅપ્ટન સિકંદર રઝાએ થોડા દિવસ પહેલાં જ કહ્યું હતું કે અન્ડરડૉગ હોવાનો સૌથી મોટો ફાયદો એ છે કે અમારા ખેલાડીઓ કોઈ પણ પ્રકારના માનસિક દબાણ વિના અને અપેક્ષાના બોજ વગર રમી રહ્યા છે. ખાસ કરીને ભારત સામેની મૅચ દરમ્યાન અમારા ખેલાડીઓએ ભારતીય ટીમના હજારો ફૅન્સના પ્રચંડ પ્રેશરનો સામનો કરવો પડશે એટલે એ પડકાર સારી રીતે ઝીલવો પડશે. આ ફૉર્મેટમાં અમારા પ્લેયર્સ પોતાના પર્ફોર્મન્સમાં ધીમો, પરંતુ જડબેસલાક સુધારો લાવી રહ્યા છે.' ■

# ભારત-પાક મેચને મળી રેકોર્ડ-બ્રેક ડિજિટલ વ્યુઅરશિપ! જાણી લો કેટલા કરોડ લોકોએ મેચ જોઈ

મુંબઈઃ આઇસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના ગ્રૂપ સ્ટેજમાં ૧૫ ફેબ્રુઆરીના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ હતી, આ મેચમાં વ્યુઅરશિપના ઘણાં રેકોર્ડ તૂટ્યા હતાં. ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના ડિજિટલ અને બ્રોડકાસ્ટિંગ રાઇટ ધરાવતી જાણીતી ઍપ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે એના પ્લૅટફોર્મ ભારત-પાકિસ્તાન મેચને ૧૬૩ મિલિયન (૧૬.૩ કરોડ)ની ડિજિટલ રીચ મળી છે, જે આઇસીસીના ટી-૨૦ ફોર્મેટની ઇવેન્ટની કોઈ મેચને મળેલી અત્યાર સુધીની સૌથી વધુ રીચ છે.

આઈસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન મેચની વ્યુઅરશીપ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાયેલી આઇસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ફાઇનલની મેચની વ્યુઅરશીપને વટાવી ગઈ.



ભારત-પાકિસ્તાનની ૧૫મીએ રમાયેલી મૅચના સ્થળ કોલંબોના ગ્રાઉન્ડમાં આજે પાકિસ્તાન-ન્યૂ ઝીલૅન્ડની મૅચ છે, પણ ગઈ કાલે ખૂબ વરસાદ પડ્યો હતો.

આ મેચમાં આઇસીસી મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માં રમાયેલી ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચ કરતા ૫૬% વધુ રીચ મળી. મોબાઇલ પર આ મેચને કોઈપણ આઇસીસી ટી-૨૦ ઇવેન્ટની લીગ સ્ટેજમાં રમાયેલી મેચ કરતા વધુ રીચ મળી.

આ ચૅનલના જણાવ્યા મુજબ આ મેચને તમામ સ્ક્રીન મળીને કુલ ૨૦ અબજ મિનિટ સુધી જોવામાં આવી હતી, આ અગાઉની ભારત વિરુદ્ધ પાક મેચ કરતા ૪૨% વધુ છે. ■

# મહિલા ટી-૨૦માં ભારતીય ટીમ ફાઇનલમાં: બંગલાદેશ સામે થશે મુકાબલો

બૅંગકૉકમાં મહિલા ક્રિકેટમાં વિમેન્સ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ નામની ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ભારતે શ્રીલંકાને સેમિ ફાઇનલમાં કૅપ્ટન રાધા યાદવ (૧૯ રનમાં ચાર વિકેટ અને અણનમ ૧૯)ના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સની મદદથી પાંચ વિકેટે હરાવીને ફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. શ્રીલંકાએ ૧૧૮ રન કર્યા બાદ ભારતીય ટીમે ૧૩.૩ ઓવરમાં પાંચ વિકેટે ૧૧૯ રન કરીને વિજય મેળવી લીધો હતો. બીજી સેમિમાં બાંગ્લાદેશે આઠ વિકેટે ૧૧૦ રન કર્યા પછી પાકિસ્તાનને માત્ર ૫૬ રનમાં ઑલઆઉટ કરીને ૫૪ રનથી જીત મેળવી લીધી હતી અને હવે રવિવારે ફાઇનલમાં ભારત વિરુદ્ધ બાંગ્લાદેશ વચ્ચે ટક્કર થશે. ■

# ઑસ્ટ્રેલિયાને અંતિમ જીતનું આશ્વાસનઃ નિરાશા સાથે વર્લ્ડ કપમાંથી વિદાય


૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપ વિજેતા ઑસ્ટ્રેલિયાએ શુક્રવારે પલ્લેકેલમાં ઓમાન સામેની આખરી લીગ મૅચ ૬૨ બૉલ અને નવ વિકેટ બાકી રાખીને જીતી લીધી હતી. એ સાથે, કાંગારુઓની ટીમે વર્લ્ડ કપમાંથી વિલા મોઢે વહેલી વિદાય લીધી છે. ખાસ કરીને ઝિમ્બાબ્વે સામેના લીગ મૅચના પરાજયને લીધે ઑસ્ટ્રેલિયા વર્લ્ડ કપની બહાર થયું છે. ઓમાનની ટીમ ઝૅમ્પાની ચાર તેમ જ બાર્ટલેટ અને મૅક્સવેલની બે-બે વિકેટને લીધે ૧૬.૨ ઓવરમાં ફક્ત ૧૦૪ રન પર આઉટ થઈ ગયું હતું. ઑસ્ટ્રેલિયાએ કૅપ્ટન મિચલ માર્શ (૬૪ અણનમ, ૩૩ બૉલ, ચાર સિક્સર, સાત ફોર) અને ટ્રૅવિસ હેડ (૩૨ રન, ૧૯ બૉલ, છ ફોર)ના યોગદાનની મદદથી ફક્ત ૯.૪ ઓવરમાં ૧/૧૦૮ના સ્કોર સાથે વિજય હાંસલ કરી લીધો હતો. ઑસ્ટ્રેલિયા ચારમાંથી બે લીગ મૅચ હાર્યું હતું. ગુરુવારે અફઘાનિસ્તાને (૪/૨૦૦) કૅનેડા (૮/૧૧૮)ને ૮૨ રનથી હરાવીને આ સ્પર્ધામાંથી વિદાય લીધી હતી. ■

# ભારત-પાકિસ્તાન વચ્ચે સેમિ ફાઈનલમાં ટક્કર સંભવ છે, જાણો આખું ગણિત...

મુંબઈઃ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે લીગ મૅચોમાં અપરાજિત રહીને સુપર-એઇટ રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે અને પાકિસ્તાને જોરદાર વાપસી સાથે ટોચના આઠ દેશના રાઉન્ડમાં એન્ટ્રી કરી છે એટલે હવે ક્રિકેટપ્રેમીઓના મનમાં એ સવાલ થઈ રહ્યો છે કે શું ફરી એક વાર ચેમ્પિયન બનવા માટે ફેવરિટ ગણાતા ભારત અને 'બી' ગ્રેડની ટીમ લઈને વર્લ્ડ કપમાં ઊતરેલા પાકિસ્તાન વચ્ચે આ ટૂર્નામેન્ટમાં ફરી એક વખત મુકાબલો થશે કે નહીં?

જો ભારત પોતાના ગ્રૂપમાં પ્રથમ સ્થાન પર અને પાકિસ્તાન પોતાના ગ્રૂપમાં બીજા સ્થાન પર રહેશે તો આ બંને દેશ વચ્ચે સેમિ ફાઇનલમાં ટક્કર થઈ શકે. ભારત જો પોતાના ગ્રૂપમાં બીજા ક્રમે રહેશે અને પાકિસ્તાન પોતાના ગ્રૂપમાં અવ્વલ રહેશે તો પણ ભારત-પાકિસ્તાન વચ્ચે સેમિ ફાઇનલ થઈ શકે. જો ભારત અને પાકિસ્તાન અલગ અલગ સેમિ ફાઇનલમાં પહોંચશે અને પોતપોતાની સેમિ જીતશે તો ફાઇનલમાં બંને વચ્ચે મુકાબલો થઈ શકે. ■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પદ્મ | રીત |
| પદ્ધતિ | કમળ |
| પદ્ય | અવદશા |
| પનો | કવિતા |
| પનોતી | કાપડની પહોળાઈ |

### જાણવા જેવું

ભારતની ઉત્તર દિશાએ આવેલા ભારતના સૌથી મોટા પર્વત હિમાલય વિશે કાલેલકર લખે છે કે, હિમાલય આર્યોનું આદ્યસ્થાન, તપસ્વીઓની તપોભૂમિ, પુરુષાર્થી લોકોને માટે ચિંતન કરવાનું એકાંત સ્થાન, થાક્યાં પાક્યાંનો વિસામો, નિરાશી જનોનું સાંત્વન, ધર્મનું પિયેર, મુમુક્ષુઓની અંતિમ દિશા, સાધકોનો આધાર, મહાદેવનું ધામ અને અવધૂતની પથારી છે.

### ગુજરાત મોરી મોરી રે

રાજશ્રી પ્રોડક્શનની પ્રદીપ કુમાર - મીના કુમારીની 'આરતી' ફિલ્મ ક્યા ગુજરાતી નાટક પર આધારિત હતી એ જાણો છો?

અ) ગાડાનો બેલ
બ) સર્જનહાર
ક) મેના ગુર્જરી
ડ) સંસ્કાર લક્ષ્મી

### નોંધી રાખો

બરાબર સમજી લેજો કે તકલીફ આવે ત્યારે પ્રામાણિક, સંપત્તિ મળે ત્યારે સરળ અને અધિકાર મળે ત્યારે વિનમ્ર રહેવું સહેલું નથી.

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ૫ | ૬ | | ૭ |
| | | ૮ | | | ૯ | | | | |
| ૧૦ | | | ૧૧ | | | | | | |
| | | ૧૨ | | | | | ૧૩ | | ૧૪ |
| ૧૫ | | | ૧૬ | | ૧૭ | ૧૮ | | | |
| | | | ૧૯ | | | ૨૦ | ૨૧ | | |
| ૨૨ | | ૨૩ | | | ૨૪ | | | | |
| | | | | ૨૫ | | ૨૬ | | ૨૭ | ૨૮ |
| ૨૯ | | | | ૩૦ | | | ૩૧ | | |
| ૩૨ | | | | | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. વંશપરંપરાથી ચાલતું (૫)
૫. પૂરેપૂરું ભરેલું, પુષ્કળ (૪)
૮. જેનાં પર વહેમ હોય તેવું (૪)
૧૦. કાયા, દેહ (૨)
૧૧. ભજન (૩)
૧૩. આશરે ત્રણ (૩)
૧૫. ખોટા તડાકા, ગપ (૪)
૧૭. રાઈનાં --- રાતે ગયા (૨)
૧૯. માછલી (૨)
૨૦. ટકટક, નકામી માથાફોડ (૪)
૨૨. જેનો ધર્મ પ્રજાનું સંરક્ષણ કરવાનો છે તે વર્ણનો પુરુષ (૩)
૨૫. બાંધેલો લોટ (૩)
૨૭. --- પકડવો=હઠ લેવી, જિદ્ પકડવી (૨)
૩૦. સાથે મળીને થતી વિચારણા (૪)
૩૨. સમતા, સરખા ગુણધર્મ (૪)
૩૩. બેપરવાઈ (૫)

**ઊભી ચાવી**

૧. --- સે મજબૂર (૩)
૨. કુળ (૨)
૩. હાર (૩)
૪. મજબૂત, લઠ (૪)
૬. જરાકજ, થોડુંક (૪)
૭. વાનર (૨)
૯. ક્રિકેટની રમતમાં --- નું ખૂબ મહત્ત્વ હોય (૨)
૧૨. આઠ (૨)
૧૪. દૈવયોગે (૩)
૧૫. જાળિયું (૩)
૧૬. ઊણપ, ઓછપ (૨)
૧૮. કસ, સત્ત્વ (૨)
૨૧. લોચન, નયન (૨)
૨૩. આશ્રય આપનાર, મહેમાનગતિ કરનાર (૪)
૨૪. ટૂંડાં (૪)
૨૫. --- ખાઓ ઔર ગમ ખાઓ (૨)
૨૬. વાળ રંગવાની એક બનાવટ (૩)
૨૮. બરબાદી (૩)
૨૯. ખડ, ચાર (૨)
૩૧. દૂધની મલાઈ (૨)


**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગો | ૨ લા | બા | ૩ રૂ | ૪ દ | | ૫ ચિ | ચિ | ૬ યા | ૭ રી |
| ૮ વા | ગ | | ૯ ક્ષ | મા | પ | ન | | ૧૦ ચ | લ |
| ળ | | ૧૧ આ | | મ | | ૧૨ ગા | ૧૩ ય | ક | |
| | ૧૪ આ | ળ | ૧૫ સ | | ૧૬ વા | રી | જ | | ૧૭ નિ |
| ૧૮ છા | | | ૧૯ ખ | ૨૦ જુ | ર | | ૨૧ ન | ખ | રાં |
| ૨૨ વ | હે | ૨૩ લ | | ૨૪ લ | તા | ૨૫ ડ | | | ત |
| ણી | | ૨૬ ક | ૨૭ દ | મ | | ૨૮ ખો | ૨૯ ટી | પો | |
| | ૩૦ ક | વા | ર | | ૩૧ જુ | | લું | | ૩૨ સ |
| ૩૩ કા | મ | | ૩૪ વા | રં | વા | ૩૫ ર | | ૩૬ ધા | મ |
| ૩૭ કા | ર | સ્તા | ન | | ૩૮ ન | ગ | ર | પ | તિ |

### ઓળખાણ પડી?

લોર્ડ્સમાં બંને ઈનિંગ્સમાં સેન્ચુરી ફટકારનાર પ્રથમ વેસ્ટ ઈન્ડિઝ બેટ્સમેન ઓળખાયા? 'બ્લેક બ્રેડમેન' તરીકે નામના મળી હતી.

અ) ગેરી સોબર્સ
બ) જ્યોર્જ હેડલી
ક) ફ્રેન્ક વોરેલ
ડ) ક્લાઈડ વોલ્કોટ



### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

સ્વાદમાં અનાનસ જેવું લાગતું અને વાઈટ સ્ટ્રોબેરી તરીકે પણ ઓળખાતું આ અનોખું ફળ અન્ય કયા નામથી પણ પરિચિત છે?

અ) બિવા બ) મલબેરી ક) પાઈનબેરી ડ) બ્લૂબેરી

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૬, ૪૦, ૬૪, ૯૮, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૯૮ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૧૧ બ) ૧૨૬ ક) ૧૩૮ ડ) ૧૪૨

### સુડોકુ-૯૨૨૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | ૯ | ૧ | | |
| ૨ | | | ૩ | ૮ | | | | |
| | ૩ | | ૬ | | ૭ | | ૯ | |
| ૫ | ૪ | | | | | ૬ | | |
| ૬ | | | | | | | | ૧ |
| | | ૨ | | | | | ૮ | ૯ |
| | ૮ | | ૭ | | ૨ | | ૫ | |
| | | | | ૪ | ૬ | | | ૭ |
| | | ૭ | ૮ | | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૬ | ૩ | ૫ | ૪ | ૭ | ૮ | ૨ |
| ૪ | ૩ | ૮ | ૨ | ૬ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૫ | ૨ | ૭ | ૧ | ૮ | ૯ | ૪ | ૩ | ૬ |
| ૭ | ૬ | ૩ | ૫ | ૯ | ૮ | ૨ | ૪ | ૧ |
| ૮ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૩ | ૭ | ૯ |
| ૯ | ૧ | ૨ | ૪ | ૭ | ૩ | ૫ | ૬ | ૮ |
| ૩ | ૫ | ૧ | ૯ | ૪ | ૬ | ૮ | ૨ | ૭ |
| ૨ | ૭ | ૯ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૪ |
| ૬ | ૮ | ૪ | ૭ | ૨ | ૫ | ૧ | ૯ | ૩ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પણે | ત્યાં |
| પતાકા | ધ્વજ |
| પત્તો | સરનામું |
| પથિક | મુસાફર |
| પદવી | દરજ્જો |

ગુજરાત મોરી મોરી રે:
હંસાકુમારી

ઓળખાણ પડી?
આયુષ મ્હાત્રે

માઈન્ડ ગેમ :
૧૨૫

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
કોર્જેટ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) ભરત કજરિયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) શ્રદ્ધા આશર (૧૦) હર્ષા મહેતા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) મીનળ કાપડિયા (૧૫) કિરીટ છેડા (૧૬) ચેતના છેડા (૧૭) ભાવના કર્વે (૧૮) પ્રવીણ વોરા (૧૯) કમલ માતલિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) જયવંત પદમશી ચિખલ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) અરવિંદ કામદાર (૩૪) ડાયના સંતોકે (૩૫) અલકા વાણી (૩૬) વિણા સંપટ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) મહેશ દોશી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ધીરેન્દ્ર ઉદ્દેશી

## ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ**
(નવું બિલ્ડિંગ) ત્રણ બેડરૂમ (૧૦૦૦ કાર્પેટ) (હાયર ફલોર) (પાર્કિંગ) ૬૫૦ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૧૮)

**વાલકેશ્વર ભાડેથી**
કન્વર્ટેડ બે બેડરૂમ (૬૫૦ કાર્પેટ) (પાર્કિંગ) ૧૩૫૦૦૦ ભાડૂ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૧૯)

**ચોપાટી**
જૂના ભાડે (૩૦૦૦ કાર્પેટ) પાંચ બેડરૂમ (સીવ્યુ) ૧૬ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૧૨૦)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કિંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૫૦ લાખ (નેગોશીએબલ) 7045336155. (એસડીબી-૩૧૨૧)

**છેડા નગર - RISING CITY**
**૨ બેડરૂમ, હોલ, કિચન, 625' કારપેટ, ૧ પાર્કિંગ, 1,50,00,000/- નેગોશીએબલ - ''રાજ એસ્ટેટ''- 9821051136, 8591132359. (૮૪૫-એ)**

**ઘાટકોપર ઈસ્ટ**
**વેચાણ/ ભાડે 1 BHK 60' ફીટ રોડ ઓનર:- "7208290291" (૮૪૭-એ)**

**અંધેરી/ પાર્લા**
1 બી.એચ.કે. 45 થી 60 હજાર, ૨ બીએચકે 75 હજારથી 1 લાખ, 3 બીએચકે 1 લાખથી 1.50 લાખ ભાડેથી લેવા. 8356857995/ 7506776398. (એસડીબી-૩૧૨૮)

**ઘાટકોપર (વેસ્ટ)**
**વેચાણથી ''ન્યુ માણેકલાલ એસ્ટેટ'', 2.5 બીએચકે, 800' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વાઈટ ગુડ્સ સાથે, બિલ્ડિંગમાં દેરાસર, જાગૃતિ નગર મેટ્રો સ્ટેશનની બાજુમાં. સંપર્ક:- ઓનર 9819081909. (૮૪૬-એ)**

**BKC**
Kalpataru Magnus 3 BHK available on rent @2.50 Lakh 9167723483. (818-A)

**LEAVE & LICENCE**
Brech Candy 3 BHK 1150' Carpet 2 Lac Sea View Peddar Road 4 BHK 1400 CP 1 Garage. 2.50 Lac 9892710071 / 9619048555. (B-17134)

**"PRITHVI"**
Offers for Sale, a 4 BHK wd 2 Car Parks in Labh Shrivalli on Bajaj Rd, Vile Parle West for 7.25 Crs. Vacant Possession, Clear Title & Jain Derasar in the Bldg. 9820149838 / 9869070183. (JP/4546-D)

**SOUTH MUMBAI**
Residence / Commercial Properties available for Rent Sale Atul: 9820070445. (B-17076)

**JUHU GULMOHAR**
**3 / 4 BHK for Sale- Prime Location, Carpet Area: 1240 Sq. Ft./ 2363 Sq. Ft. Price: Rs. 6.75 Cr/ Rs. 13.75 Cr. All Inclusive Price (Stamp Duty & Registration Included). Call for Site Visit. Rahul - 9967489498. (SDB-3094)**

LEASE TARDEO 1 B H K, Fully Furnished with White Goods 2 Bathrooms, Veg Gujrati, Marwari Family only. Ready Possession. Dipak Damania - 9833676067, 9322661350. (525-D)

**PRABHADEVI:**
For Immediate Sale 3 BHK Well Ventilated, Higher Floor, Ready Possession 5.50 Cr. Call: Veekay Associates 9870042299. (840-A)

**KANDIVALI WEST**
Mahavir Nagar, Chiku Wadi. Ready Possession./ Under-Construction Furnished / Unfurnished 1/2/3/4 BHK Jodi Flats for Sale and Rental available details Jigna Property 9819226771 Dhimant Shah. (838-A)

**BORIVALI WEST**
1/2/3/4 BHK Jodi Flats. Available for Sale / Rental. Malad to Dahisar Jigna Property 9819226771 Dhimant Shah. (832-C)

**MALAD WEST**
Sale 1 BHK, Link Road, 440' sqft. Rs. 1.10 Crore, Rajendra Vihar CHS, Evershine Nagar, Higher Floor with Lift. Sudhir 7400112347, Shyam 9821270809. (B-17139)

## ૧૮. જગ્યા જોઈએ છે

**''અંધેરી બાંદ્રામાં''**
ઈસ્ટ - વેસ્ટમાં: સેમી/ ફુલ્લી ફર્નિશ્ડ 3 બેડનો ફ્લેટ ભાડેથી (૩ વર્ષ માટે) (ગુજરાતી ફેમિલીને જોઈએ છે - 9821066337. (બી-૧૭૧૬૪)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ-વાલીવફાટા**
**ધૂરી ઈન્ડસ્ટ્રી, પહેલે માળે, 3300' કારપેટ, 3300' લોફ્ટ લીફ્ટ નથી. 25 ફૂટ હાઈટ, ભાડેથી/વેચાણથી આપવાની. 9821632427. (૮૩૫-એ)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૦૭૭)

**ઈન્ડસ્ટ્રીઅલ ગાળો**
વિરાર ઈસ્ટમાં, 3000'નો HDIL ઈન્ડસ્ટ્રીઅલ પાર્કમાં 1લે માળે + માળીયા સાથે વેચવાનો છે. સંપર્ક: 9029020027. (૮૪૨-એ)

**ઈન્ડસ્ટ્રીઅલ ગાળો**
જોગેશ્વરી વેસ્ટમાં એસ. વી. રોડ, વીણા દલવાઈ, ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં 358'નો ગાળો બીજે માળે + માળીયા સાથે તુરંત વેચવાનો છે. સંપર્ક: 9029020027. (૮૪૨-સી)

**FACTORY BUILDINGS**
Lease/Sale-Charkop Kandivali 2850' Ground, 4500' 1st floor | Goregaon to Andheri & Miraroad 7000' to 13000' Ground floor. Milan Kamdar 9820017603. (KP-2535-C)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઓફિસ વેચવાની છે.**
માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) સ્ટેશન સામે, નવા બિલ્ડીંગ, ઝેડ અરેનામાં. ૨જે માળે. એરીયા ૩૦૦ કાર્પેટ. સંપર્ક: ડો. પારેખ ૯૩૨૨૨૩૨૫૬૦. (બી-૧૭૧૩૮)

**ઘાટકોપર વેસ્ટ**
**LBS માર્ગ, પાઈપલાઈન પાસે, સેમી ફર્નિશ્ડ ઓફિસ, Approx. 2700', ગ્રાઉન્ડ ફ્લોર, લોરી/ટેમ્પો ટચ, 1 કાર પાર્ક, વેચાણથી, સંપર્ક કોઠારીભાઈ: 99202 98333. (૮૨૫-એ)**

**નાની ઑફિસ**
વિલેપાર્લે, ઈસ્કોન-જૂહુ નજીક
ગ્રાઉન્ડ ફ્લોર ઉપર કોમ્પ્યુટર, AC, રેડી ફર્નિચર સાથે ઓફિસ ભાડેથી આપવાની છે.
C.A., એડવોકેટ, આર્કીટેક્ટ, કન્સલટન્ટ ઈત્યાદિ માટે શ્રેષ્ઠ
સંપર્ક : ૯૮૩૩૫૩૫૫૨૦
(બી-૧૭૦૮૮)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાષ પ્લાઝા, 400 સ્કવેર ફિટ કારપેટ દુકાન, ગ્રાઉન્ડ ફ્લોર, રેમન્ડ શોરૂમની બાજુમાં, ભાડેથી આપવાની છે. ''ઓનર'':- "9821224684". (૮૪૬-સી)**

**ON LEASE / RENT**
Shops & Offices With OC
Shop - 1057 sq ft.
Office - 1000 sq ft to 2250 sq. ft.
Sidheshwar Royale Opp Jain Temple, CHEMBUR
Mob - 9869252759
(B-17128)

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**
**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોર્પોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૮૨૨-સી)**

**BANK ATM**
**100 ફૂટ જગ્યા ગ્રાઉન્ડ ફ્લોરમાં સંપૂર્ણ મુંબઈમાં ATM માટે જોઈએ છે. 9969089169. (૮૧૨-સી)**

**વિલેપાર્લે (પૂર્વ)**
કોમર્શિયલ ઓફિસ - કારપેટ ૮૦૦ યુઝેબલ, ૧લે માળે, ડિમાન્ડ ૩.૫૦ કરોડ. સંપર્ક : ૯૯૨૦૦૫૩૫૩૯ / ૭૬૬૬૩૯૬૬૨૪. (બી-૧૭૦૮૬)

## ૨૦. ધંધાદારી જગ્યા

**અંધેરી (વેસ્ટ)માં**
વેચાતામાં સ્ટેશન - ફિદાઈ બાગ પાસે કમર્શિયલ ફર્નિશ્ડ ઓફિસ ૯૬૦' (કારપેટ), લિફ્ટ પ્લસ પાર્કિંગ લેવા. રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૧૨૭)

**SOUTH MUMBAI**
Residential / Commercial Properties available for Rent / Sale 9892710071 / 9619048555. (B-17135)

**ANDHERI EAST**
Available Office Premises on Lease / Outright area 1000 sqft onwards 9869070123 / 9167723483. (818-C)

**DAHISAR EAST, S.V. ROAD**
AVAILABLE COMMERCIAL PREMISES
220 Sq. Ft.
(1st & 2nd Floor)
95 Lacs (All inclusive)
READY POSSESSION
Aayush - 7718862111
Brokers welcome
(B-17158)


**REQUIRE**
Industrial Gala / Plot / Office at Andheri 9869070123 / 9167723483. (818-D)

AVAILABLE ON LEAVE & License Agreement for Office & Godown on Ground Floor 2500 Sqft and 1st Floor 500 Sqft at 16, Naviwadi, Dadi Seth Agiary Lane, Chira Bazar, Mobile No. 9820028706 / 7574894998. (B-17144)

LEASE PREMIUM RETAIL Shops 800 to 4900 sq.ft. Wide Frontage, Goregaon East, Proximity to Major business hubs like Nirlon, NESCO, Hotels "Ginger & Fern ". Ideal for Cafe | Restaurant | 2/4-Wheeler Display Showroom | Diagnostic Centre | Boutiques | Salon | Cloud Kitchen / 24*7 Business. Showroom 2600 sq.ft. / 40' Frontage, Borivali West, LT Road. Milan Kamdar 9820017603. (KP-2535-A)

## ૨૧. હોટલ

**THE KINARA VILLAGE LONAVALA**



DELICIOUS FOOD | HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17068)

## ૨૩. મનોરંજન

**બજેટથી પ્રાર્થનાસભા**
**લગ્નગીત, સાંજી, સંગીત સંધ્યા, ભજન, ANNIVERSARY. મનસુખભાઈ- 9326801860/ 8169552801. (૮૨૨-એફ)**

**પ્રાર્થના - 6,500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૮૧૦-એ)

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

■ તમારી મનગમતી પેટ્રોલ- ડિઝલ- ટોયાટો- હુંડાઈ- હોન્ડા- મારૂતિ ગાડી લેવા-વેંચવા. શ્રીજી મોટર- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૦૭૪)

## ૨૫. શૈક્ષણીક

**JOB ABROAD**
10th, 12th, Fail can Do Job India - Abroad. 7039618990. (812-A)

## ૨૯. મશીનરી

**MACHINERY**
For Sale Running condition Plastic Injection Moulding Machine 2015 Toshiba 180 ton in Mumbai. Contact: 9821177235. (SDB-3109)

## ૩૧. નાણાંકીય

**ખોવાઈ ગયેલા**
શેરો પાછા મેળવવા અને ફિઝિકલ શેર ડિમેટ કરવા સંપર્ક- 9820197333. (જેપી-૪૫૪૦-ઈ)

**ફાઈનાન્સ**
ચાલુ રનિંગ ડ્રાઈફ્રુટના ધંધામાં ભાગીદારીથી અથવા ફીકસથી, 11 થી 15 લાખનું રોકાણ. 8169659550. (૫૨૬-સી)

## ૩૧. નાણાંકીય

**FUNDING FOR**
NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 years exp. financenetwork.in / 9819878744. (718-A)

## ૩૨. જમીન - મિલકત

**દેવલાલી**
નાસીક રોડ, આકર્ષક રેડી બંગલા, પ્લોટ્સ ફ્લેટ્સ મળશે. ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ તક. ''હોમલેન્ડ કન્સલ્ટન્ટ્સ'' 9588642414. (એસડીબી-૩૧૧૧)

■ ડોંબિવલી (પૂર્વ) રેલ્વેસ્ટેશન નજીક ૬,૦૦૦ ચોરસ ફૂટ કોમર્શિયલ જગ્યા (૩જા - ૪થા માળ, ૨ ટેરેસ સહિત) વેચાણ માટે ઉપલબ્ધ - રોકાણની એક ઉત્તમ તક. ઓફિસો, કોચિંગ ક્લાસ અને અન્ય કોમર્શિયલ પ્રવૃત્તિઓ માટે યોગ્ય. ફક્ત જેમની પાસે સાધન છે તેઓએ જ સંપર્ક કરવો જોઈએ. સંપર્ક : 8356053485, 9869129134. (બી-૧૭૧૨૭)

**બંગલો વેચાણથી**
**'પાબળ' જિલ્લો પુનામાં, ગ્રાઉન્ડ + ૨ માળ, એરીયા ૫૩૩૫ સ્કવેરફીટ, મણીભદ્ર તીર્થસ્થાન મંદિર પાસે, સંપર્ક: 9820547686. (૮૩૭-એ)**

**ડેવલપર્સ માટે**
વિરારમાં 2 લાખ ફુટ કોર્નર FSI SALE & JV:- 8007342828. (૮૩૩-એ)

## ૩૩. ધંધાદારી

**બિલ્ડીંગ રીપેરીંગ - શ્રીજી**
આઉટસાઈડ વોલ પ્લાસ્તર, પોલીમાર, પેઈન્ટીંગ, ટેરેસ વોટરપ્રૂફિંગ, ટાઈલિંગ, બંગલો, ફ્લેટ ઈન્ટીરીઅર વર્ક. 98200 55343, 98210 67546. (એસડીબી-૩૧૧૦)

**ઈન્સ્યુરન્સ**
**મેડીક્લેમ, લાઈફ, પર્સનલ, એક્સીડેન્ટ, વાહન ઈન્સ્યુરન્સ, જરૂર પ્રમાણે કવર મેળવી ચિંતામુક્ત બનો. જયેશ શાહ: 9867398311. (૮૧૨-ઈ)**

**ગીફ્ટ ડીડ**
**રીલીઝ ડીડ**
**સેલ ડીડ**
**વસીયત**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૧૬૨)

**100,000,00/-**
અનલીમીટેડ મેડીકલેમ 21127, લાઈફ ઈન્સ્યોરન્સ 42372, સીનીયર સીટીઝન ટોપઅપ 9500000 ફકત 17886, ભાનુભાઈ 8451922872. (૮૧૦-ડી)

**એકાઉન્ટ**
**કોઈપણ પ્રકારના એકાઉન્ટ બેલેન્સ શીટ સુધી GST સાથે અમારા કમ્પ્યુટર પર લખી આપસું આખા વર્ષ માટે ફક્ત Tallyમાં. જો જરૂરી હોય તો અમે એકાઉન્ટ રાઈટિંગ માટે કન્સલ્ટન્સી પણ આપી શકીએ છીએ. સંપર્ક: 7738240426. (બી-૧૭૧૦૨)**

**■ આયુર્વેદિક કંપનીમાં બેરોજગાર મહિલા/ પુરુષ/ ગૃહિણી ઘરે બેઠા ઔષધ પેકિંગ કરીને દર મહિને ભરપૂર પૈસા કમાવો. સંપર્ક- 9153791752/ 8337081262. (૮૩૨-એ)**

**DHIRAJ**
Old Antique Shop
VALUE GIVEN IS MORE THAN MARKET RATE
We also collect Goods & give free Home Service
Old Furniture, Watches, Old Fountain Pens, Kerba, Old Crockery, Old Resham Kore And Zari, Old Toys, Old Camera, Old Notes And Coins, German Silver.
CONTACT: DHIRAJ
9819774578, 8369666193
Kemps Corner, Kwality Hours Shop No. 112, Mumbai - 36.
(327)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**રાજમળી જ્યોતિષ**
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ) (બી-૧૭૧૪૧)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૦૨૭)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

# સરહદી વિસ્તારોમાંથી સ્થળાંતર રોકવા, ઘૂસણખોરી અટકાવવા માટે વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ: અમિત શાહ

નાથનપુર: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે આસામના કછાર જિલ્લામાંથી દેશભરમાં વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામના બીજા તબક્કાની શરૂઆત કરી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ સરહદી વિસ્તારોમાંથી સ્થળાંતર રોકવા અને ઘૂસણખોરી રોકવામાં મદદ કરશે.

નાથનપુર ગામમાં કાર્યક્રમને સંબોધતા શાહે કોંગ્રેસ પર દેશની સરહદો ખુલ્લી રાખવાનો પણ આરોપ લગાવ્યો હતો, જેના કારણે આસામમાં ઘૂસણખોરી થઈ અને દાવો કર્યો હતો કે મુખ્ય પ્રધાન હિમંત બિસ્વા શર્માના નેતૃત્વ હેઠળની ભાજપ સરકારે આ સમસ્યાનો અસરકારક રીતે સામનો કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસે રાજ્યમાં તેના શાસન દરમિયાન કોઈપણ વિકાસ કાર્યક્રમ શરૂ કર્યો ન હતો, પરંતુ 'હવે દરરોજ ૧૪ કિલોમીટર રસ્તા બનાવવામાં આવી રહ્યા છે, જે દેશમાં સૌથી વધુ છે.'

દેશના સરહદી ગામડાઓનો વિકાસ વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે પ્રાથમિકતા હોવાનું ભારપૂર્વક જણાવતા શાહે કહ્યું કે વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ (વીવીપી)ના બીજા તબક્કામાં પાકિસ્તાન અને બાંગ્લાદેશની સરહદે આવેલા ૧૭ રાજ્યના ૩૩૪ બ્લોક હેઠળ ૧૯૫૪ ગામોને આવરી લેવામાં આવશે.

સરહદી ગામડાઓમાંથી સ્થળાંતર અટકાવવા અને આ આંતરરાષ્ટ્રીય સરહદો દ્વારા ઘૂસણખોરી અટકાવવા માટે આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, તેવું અમિત શાહે જણાવ્યું.

તેમણે કહ્યું કે, અગાઉ સરહદી વિસ્તારોને છેલ્લા ગામો ગણવામાં આવતા હતા, અને ઉમેર્યું હતું કે આ ગામો માત્ર સ્થાનની દૃષ્ટિએ છેલ્લા જ નહીં, પરંતુ વિકાસ, રોજગાર, શિક્ષણ, વીજળી જોડાણ, રસ્તા અને ટેલિફોન કનેક્ટિવિટીમાં પણ પાછળ છે.

વડા પ્રધાને નિર્ણય લીધો હતો કે બધા સરહદી ગામોનો વિકાસ થવો જોઈએ અને સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને તેમની આજીવિકા વધારવા માટે તમામ સુવિધાઓ પૂરી પાડવી જોઈએ, તેવું તેમણે કહ્યું હતું. ■

# ભારત અમેરિકા વેપાર કરારનો અમલ એપ્રિલથી

નવી દિલ્હી: વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર પર માર્ચમાં હસ્તાક્ષર કરવામાં આવે તેવી શક્યતા છે અને એપ્રિલમાં તેનો અમલ થવાની શક્યતા છે. આ મહિનાની શરૂઆતમાં ભારત અને અમેરિકાએ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને જાહેરાત કરી હતી કે વચગાળાનો વેપાર કરાર માટેનું માળખું અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાના મુસદ્દાને અંતિમ સ્વરૂપ આપવા માટે બંને દેશોના મુખ્ય વાર્તાકારો આવતા અઠવાડિયે વોશિંગ્ટનમાં મળશે. બંને પક્ષો વચ્ચે ત્રણ દિવસીય બેઠક ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થશે. ગોયલે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર પર માર્ચમાં હસ્તાક્ષર કરવામાં આવે તેવી શક્યતા છે અને એપ્રિલમાં તેનો અમલ થઈ શકે છે. અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીર કરાર પર હસ્તાક્ષર કરવા માટે માર્ચમાં ભારતની મુલાકાત લઈ શકે છે. ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે અહીં આયોજિત 'એઆઈ ઇમ્પેક્ટ સમિટ'ના એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ભારત-અમેરિકા વેપાર કરાર પર ટૂંક સમયમાં હસ્તાક્ષર થઈ શકે છે.

આ મહિનાની શરૂઆતમાં બંને દેશો દ્વારા અલગથી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં કરારની રૂપરેખા રજૂ કરવામાં આવી હતી. ■

## દુર્લભ ખનીજો-એઆઈ સપ્લાય ચેઈન માટે...
# અમેરિકાનાં નેતૃત્વ હેઠળના 'પૅક્સ સિલિકા'માં ભારતની એન્ટ્રી

નવી દિલ્હી: ભારત શુક્રવારે અમેરિકાના નેતૃત્વ હેઠળના સ્ટ્રેટેજિક એલાયન્સ પૅક્સ સિલિકામાં જોડાયું હતું. જેનો ઉદ્દેશ્ય જરૂરી દુર્લભ ખનીજો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માટે એક મજબૂત સપ્લાય ચેન બનાવવાનો છે.

એઆઇ ઇમ્પેક્ટ સમિટમાં એક સમારોહમાં ગઠબંધનમાં જોડાવવા માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ તકે કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી પ્રધાન અશ્વિની વૈષ્ણવ, અમેરિકાના આર્થિક બાબતોના અંડર સેક્રેટરી ઓફ સ્ટેટ જેકબ હેલબર્ગ અને ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ ગઠબંધન સાથે જોડાવાનો નિર્ણય બંને પક્ષો દ્વારા પ્રસ્તાવિત વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા અને ગંભીર તણાવ બાદ દ્વિપક્ષી સંબંધોને મજબૂત બનાવવા માટે અન્ય ઘણા પ્રયાસોને લઇને આગળ વધવાના પ્રયાસો વચ્ચે લેવામાં આવ્યો છે.

ગોરે તેના સંબોધનમાં જણાવ્યું કે વેપાર કરારને લઇને પૅક્સ સિલિકા અને ડિફેન્સ કો-ઓપરેશન સુધી આપણા બંને દેશો માટે સાથે મળીને કામ કરવાની સંભાવના ખરેખર અમર્યાદિત છે. ■

# સાઉદી અરેબિયા અણુશસ્ત્રો બનાવી શકે છે: નિષ્ણાતોની ચેતવણી

દુબઈ: કોંગ્રેસના દસ્તાવેજો અને એક શસ્ત્ર નિયંત્રણ જૂથ સૂચવે છે કે સાઉદી અરેબિયા અમેરિકા સાથે પ્રસ્તાવિત પરમાણુ કરાર હેઠળ રાજ્યની અંદર યુરેનિયમ સંવર્ધનનું કોઈ સ્વરૂપ ધરાવી શકે છે, જે ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ ગતિરોધ ચાલુ હોવાથી પ્રસાર અંગે ચિંતા ઊભી કરે છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને જો બાઈડન બંનેએ અમેરિકાની ટેક્નોલોજી શેર કરવા માટે એમની સાથે પરમાણુ કરાર કરવાનો પ્રયાસ કર્યો. કેટલાક નિષ્ણાતો ચેતવણી આપે છે કે સાઉદી અરેબિયાની અંદર કોઈપણ સ્પિનિંગ સેન્ટ્રીફ્યુજ રાષ્ટ્ર માટે સંભવિત શસ્ત્ર કાર્યક્રમ માટે દરવાજા ખોલી શકે છે, જે તેના ક્રાઉન પ્રિન્સે સૂચવ્યું છે કે જો તહેરાન પરમાણુ બોમ્બ મેળવે તો તે આગળ વધી શકે છે.

ગયા વર્ષે ઇઝરાયલે હમાસ અધિકારીઓને લક્ષ્ય બનાવતા કતાર પર હુમલો કર્યા પછી, સાઉદી અરેબિયા અને પરમાણુ સશસ્ત્ર પાકિસ્તાને પરસ્પર સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને ત્યારબાદ કહ્યું હતું કે જો જરૂર પડે તો તેમના દેશના પરમાણુ કાર્યક્રમને સાઉદી અરેબિયાને ઉપલબ્ધ કરાવવામાં આવશે. વોશિંગ્ટન સ્થિત આર્મ્સ કંટ્રોલ એસોસિએશનમાં અપ્રસાર નીતિના ડિરેક્ટર કેલ્સી ડેવનપોર્ટે લખ્યું છે કે, ટ્રમ્પ વહીવટીતંત્રે સાઉદી અરેબિયા સાથેના તેના પ્રસ્તાવિત પરમાણુ સહયોગ કરાર દ્વારા ઉભા થતા પ્રસાર જોખમો અથવા આ કરાર દ્વારા સ્થાપિત કરી શકાય તેવા દાખલાને કાળજીપૂર્વક ધ્યાનમાં લીધો નથી.'' ■

# બાંગ્લાદેશ ભારતીયોને વિઝા આપવાનું શરૂ કરશે

## નવી સરકાર સત્તારૂઢ થયા પછી અગાઉના ભારત-વિરોધી નિર્ણયો રદ કર્યા

ઢાકા/નવી દિલ્હી: બાંગ્લાદેશમાં તારિક રહેમાનની સરકાર સત્તારૂઢ થવાની સાથે જ અગાઉની વચગાળાની સરકારે લીધેલા ભારત-વિરોધી નિર્ણયો ઊલટાવવાની શરૂઆત કરી છે. ઢાકાએ નવી દિલ્હી સાથેના સંબંધો સુધારવાની દિશામાં મહત્ત્વનો નિર્ણય લીધો છે. નવી સરકારના ગઠન પછી સૌથી પહેલા ભારત સાથેની વિઝા સર્વિસ ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

ભારત અને બાંગ્લાદેશના બદલાતા સંબંધોના સંકેત આપતા દિલ્હી સ્થિતિ બાંગ્લાદેશ હાઈ કમિશને ભારતીય નાગરિકો માટે તમામ વિઝા સુવિધા ફરી શરૂ કરવામાં આવી છે, જે લગભગ બે મહિનાથી બંધ હતી. આજે સવારે કાઉન્સિલર સેવા ફરી શરૂ કરવામાં આવી હતી. ભારતીય માટે હવે તમામ પ્રકારની વિઝા સેવા શરુ કરી છે.

ડિસેમ્બરમાં બિઝનેસ અને વર્ક વિઝા પર રોક લગાવી હતી, પરંતુ હવે મેડિકલ અને ટૂરિઝમ સહિત અન્ય કેટેગરી ફરી શરુ કરવામાં આવશે. વિઝા સર્વિસ સિવાય સ્પોર્ટસમાં ક્રિકેટ ક્ષેત્રે સંબંધોમાં કડવાશ આવી હતી. તારિક રહેમાનની નવી સરકાર બન્યા પછી સૌથી પહેલું અને મહત્ત્વનું પગલું ભરવામાં આવ્યું છે, જેનાથી બંને દેશના સંબંધો ઝડપથી સુધરી શકે છે. આ અગાઉ એક દિવસ પહેલા ભારતીય દૂતાવાસના અધિકારીએ કહ્યું હતું કે નવી દિલ્હી પણ બાંગ્લાદેશમાં તમામ વિઝા સેવા ફરી શરૂ કરશે. ડિસેમ્બરમાં બંને દેશના સંબંધો વધુ બગડવાને કારણે પહેલા વાણિજ્ય દૂતાવાસ અને વિઝા સેવા સ્થગિત કરવામાં આવી હતી. એના પછી પણ હિંદુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં મોબ લિંચિંગના પણ બનાવ બન્યા હતા. ■

## એ.આર.રહેમાન સુપ્રીમ કોર્ટમાં ઝૂક્યા:
# 'વીરા રાજા વીરા'માં ડાગર બંધુઓને ક્રેડિટ અપાશે

નવી દિલ્હી: પ્રખ્યાત સંગીતકાર એ.આર. રહેમાને શુક્રવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ એક મહત્ત્વપૂર્ણ નિર્ણયમાં સંમતિ વ્યક્ત કરી હતી કે ફિલ્મ ''પોન્નિયિન સેલ્વન ટૂ''ના ''વીરા રાજા વીરા'' ગીતમાં ડાગર પરંપરાના પ્રખ્યાત સંગીતકારો જૂનિયર ડાગર બ્રધર્સનું નામ અને યોગદાન સત્તાવાર રીતે ગીતના ક્રેડિટમાં ઉમેરવામાં આવશે.મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ એમ. પંચોલીની બેન્ચે નિર્દેશ આપ્યો હતો કે સુધારેલા ક્રેડિટ્સ પાંચ અઠવાડિયાની અંદર તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઓટીટી સેવાઓ પર અપડેટ કરવામાં આવે જેથી ડાગર ભાઈઓને તેમના કામને યોગ્ય ઓળખ મળી શકે.

એક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડાગર ભાઈઓના ઉત્તરાધિકારી ઉસ્તાદ ફૈયાઝ વસિફુદ્દીન ડાગર દ્વારા રહેમાન અને ફિલ્મના નિર્માતાઓ સામે દાખલ કરાયેલા કોપીરાઈટ ઉલ્લંઘનનો દાવો કર્યો હતો. કોર્ટને જાણ કરવામાં આવી હતી કે રહેમાન અને ફિલ્મના નિર્માતાઓએ ગીતના ક્રેડિટ્સમાં નીચેની પંક્તિનો સમાવેશ કરવા માટે સંમતિ આપી છે 'ડાગરવાની પરંપરા ધ્રુપદથી પ્રેરિત રચના, જે સૌપ્રથમ સ્વર્ગસ્થ ઉસ્તાદ નાસિર ફૈયાઝુદ્દીન ડાગર અને ઉસ્તાદ નાસિર ઝહીરુદ્દીન ડાગર દ્વારા શિવ સ્તુતિ તરીકે રેકોર્ડ કરવામાં આવી હતી, જે જૂનિયર ડાગર ભાઈઓ તરીકે જાણીતા છે,' એમ જણાવાયું હતું.

રહેમાન તરફથી હાજર રહેલા સિનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ બેન્ચને માહિતી આપી હતી કે રહેમાન જૂનિયર ડાગર ભાઈઓના પરફોર્મન્સને માનવા માટે તૈયાર થયા છે. આ વિવાદ ૨૦૨૩નો છે, જ્યારે ઉસ્તાદ ફૈયાઝ વસીફુદ્દીન ડાગરે દાવો કર્યો હતો કે તેમના પરિવારની જૂની ધ્રુપદ રચના ''શિવ સ્તુતિ''નો ઉપયોગ ''વીરા રાજા વીરા'' ગીતમાં પરવાનગી વિના કરવામાં આવ્યો હતો. ડાગરે આરોપ લગાવ્યો હતો કે ગીતની તાલ અને લય અને ભાવના મૂળ સૂર સાથે મેળ ખાય છે, જે અગાઉ તેમના પિતા ઉસ્તાદ નસીર ફૈયાઝુદ્દીન ડાગર અને કાકા ઉસ્તાદ નસીર ઝહીરુદ્દીન ડાગર દ્વારા રેકોર્ડ કરવામાં આવી હતી. ■

# બૅન્ક અને મેટલ શૅરોની આગેવાનીમાં સેન્સેક્સમાં ૩૧૬ પૉઈન્ટનુ અને નિફ્ટીમાં ૧૧૬ પૉઈન્ટનું રિબાઉન્ડ

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે કડાકો બોલાઈ ગયા બાદ આજે અમેરિકા સાથેની ટ્રેડ ડીલમાં પ્રગતિ થઈ રહી હોવાના અને ભારતની પેક્સ સિલિકામાં સહભાગિતા થવાના આશાવાદ વચ્ચે ખાસ કરીને મેટલ અને બૅન્કિંગ ક્ષેત્રના શૅરોમાં લેવાલી નીકળતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૧૬.૫૭ પૉઈન્ટનું અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૧૬.૯૦ પૉઈન્ટનું રિબાઉન્ડ જોવા મળ્યું હતું. જોકે, એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦,૦૧૦.૧૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૦,૯૪૪.૬૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૯૩૪.૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૪,૯૦૧.૯૦ કરોડની ખરીદી સામે રૂ. ૧૨,૨૬૪.૭૫ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૨૬૩૭.૧૫ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. આમ સ્થાનિક સંસ્થાકીય ખરીદીનો પણ બજારને ટેકો મળ્યો હતો. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૨,૪૯૮.૧૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૨,૨૭૨.૪૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૨,૨૦૬.૨૧ અને ઉપરમાં ૮૩,૧૩૨.૦૮ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૮ ટકા અથવા તો ૩૧૬.૫૭ પૉઈન્ટ વધીને ૮૨,૮૧૪.૭૧ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૪૫૪.૩૫ના બંધ સામે ૨૫,૪૦૬.૫૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૫,૩૭૯.૭૫થી ૨૫,૬૬૩.૫૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા અથવા તો ૧૧૬.૯૦ પૉઈન્ટ વધીને ૨૫,૫૭૧.૨૫ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે બીએસઈ ખાતે કુલ ૪૩૪૯ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૮૮૨ શૅરના ભાવ વધીને, ૨૩૦૩ શૅરના ભાવ ઘટીને અને ૧૬૪ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૮૨ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૨૦૪ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને છ શૅરોમાં નીચલી સર્કિટ લાગી હતી.

ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં મોટું કરેક્શન જોવા મળ્યા બાદ આજે રોકાણકારોએ મિડકેપ શૅરોના પ્રીમિયમ વૅલ્યુએશનની સરખામણીમાં ઓછું જોખમ ધરાવતા લાર્જકેપ શૅરો પર પસંદગી ઉતારતા બજારમાં રિબાઉન્ડ જોવા મળ્યું હતું. વધુમાં અમેરિકા સાથેના વેપાર કરારના સંકેતો અને ભારતનો પેક્સ સિલિકામાં પ્રવેશ થતાં એઆઈ, સેમીકન્ડક્ટર અને મહત્ત્વના ખનીજોમાં પુરવઠાચેઈનની સલામતી મજબૂત થવાના આશાવાદે બજારના સુધારાને વધુ ટેકો પૂરો પાડ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ્સ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે આજે બૅન્કિંગ અને મેટલ શૅરોમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે આઈટી શૅરોમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, જાપાનના ફુગાવાના ડેટા હળવા આવ્યા હોવાથી વૈશ્વિક સ્તરે સુસંગત નાણાનીતિ અપનાવવામાં આવે તેવો આશાવાદ પ્રવર્તી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. એકંદરે આજે વૈશ્વિક મિશ્ર વલણને ધ્યાનમાં લેતા બજારમાં બેતરફી વધઘટ જોવા મળી હતી તેમ છતાં ઈન્ડેક્સ હેવીવેઈટ શૅરોમાં લેવાલી ઉપરાંત એનર્જી, મેટલ અને બૅન્કિંગ ક્ષેત્રના શૅરોમાં લેવાલીને ટેકે બજાર સકારાત્મક બંધ રહેવામાં સફળ રહ્યું હોવાનું રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ હેડ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

# ક્રૂડતેલની તેજી સાથે ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધુ અડધા ટકાનો ઉછાળો આવ્યો હોવાના અહેવાલ અને ડૉલર ઈન્ડેક્સમાં પણ સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો એક તબક્કે ૯૧ની સપાટી કુદાવી ગયા બાદ ગત બુધવારના બંધ સામે ૨૬ પૈસા ગબડીને ૯૦.૯૪ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના ૯૦.૬૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦.૯૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૦૪ અને ઉપરમાં ૯૦.૯૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૨૬ પૈસા ગબડીને ૯૦.૯૪ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે બજાર છત્રપતિ શિવાજી મહારાજ જયંતી નિમિત્તે બંધ રહી હતી તે પૂર્વે બુધવારે ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૭૧ ડૉલરની સપાટી પાર કરી ગયા હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો, પરંતુ અમુક અંશે ઈક્વિટી માર્કેટના સુધારાએ ટેકો આપ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૦.૭૦થી ૯૧.૩૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

### યુરોપિયન બૉન્ડની યિલ્ડમાં ઘટાડો અને અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવથી વૈશ્વિક સોનાચાંદીમાં આગેકૂચ

# સ્થાનિકમાં ચાંદી ₹ ૫૫૪૨ ચમકી અને સોનામાં ₹ ૪૯૬નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવ અને યુરોપિયન બૉન્ડની યિલ્ડમાં ઘટાડો આવતાં આજે લંડન ખાતે સત્રના આરંભમાં સોના અને ચાંદીમાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હતી. જોકે, આજે મોડી સાંજે અમેરિકાના ફુગાવાના ડેટા જાહેર થવાના હોવાથી અમુક અંશે રોકાણકારોનો સાવચેતીનો અભિગમ પણ જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા નબળો પડ્યો હોવાથી સ્થાનિકમાં પણ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૫૫૪૨ ઊછળી આવ્યા હતા, જ્યારે સોનામાં રૂ. ૪૯૪થી ૪૯૬નો ધીમો સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૫૫૪૨ના ઊછાળા સાથે રૂ. ૨,૫૦,૩૧૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૯૪ વધીને રૂ. ૧,૫૪,૪૪૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૯૬ વધીને રૂ. ૧,૫૫,૦૬૬ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૫૦૩૨.૪૯ ડૉલર આસપાસ અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૧ ટકા વધીને ૫૦૫૨.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૨.૮ ટકા વધીને ઔંસદીઠ ૮૦.૫૭ ડૉલર આસપાસના મથાળે ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે વૈશ્વિક સ્તરે વધી રહેલા ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા યુરોપિયન બૉન્ડની યિલ્ડ અથવા તો ઊપજમાં સતત બીજા સપ્તાહે ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હોવાથી આજે લંડન ખાતે સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાનને તેનાં ન્યૂક્લિયર પ્રોગ્રામ અંગે ડીલ કરવા માટે ૧૦થી ૧૫ દિવસની મુદ્દત આપી હોવાથી ભાવવધારાને વધુ ટેકો મળ્યો હોવાનું ક્વૉન્ટિટિવ કૉમૉડિટીનાં રિસર્ચ એનાલિસ્ટ પીટર ફર્ટિગે જણાવ્યું હતું.

## પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 276-2025-26 થી 281-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 276-2025-26 | ઢસા – મહુવા વિભાગના મંજૂર કરાયેલા કામ મુજબ ટ્રેકનું કામ અને પાંચ સ્ટેશનો પર ટ્રેક મશીન સાઈડિંગ માટે સાઇડિંગ સુવિધાઓની રચના. | 3,11,90,855.04 | 3,06,000.00 |
| 2 | 277-2025-26 | ઢસા – મહુવા વિભાગના મંજૂર કરાયેલા કામ મુજબ ટીએમ સાઈડિંગના કામ માટે વિવિધ પુલોનું વિસ્તરણ તથા પાંચ સ્ટેશનો પર ટ્રેક મશીન સાઇડિંગ માટે સાઈડિંગ સુવિધાઓની રચના. | 3,93,70,563.17 | 3,46,900.00 |
| 3 | 278-2025-26 | ભાવનગર મંડળ: એડીઈએન-અમરેલી અધિકારક્ષેત્ર હેઠળની મોટી અને નાની રેલવે કોલોનીઓમાં સુધારો. | 4,64,99,608.63 | 3,82,500.00 |
| 4 | 279-2025-26 | ભાવનગર મંડળ: ડીઈએન (પૂર્વ) અધિકારક્ષેત્ર હેઠળ સ્ટ્રક્ચરલ ખામીઓ દૂર કરીને પોઈન્ટ્સ અને ક્રોસિંગનું માનકીકરણ. | 20,24,786.93 | 40,500.00 |
| 5 | 280-2025-26 | કનાલુસ-પોરબંદર વિભાગના સંદર્ભમાં પુલ મજબૂતીકરણ અને સબસ્ટ્રક્ચરનું કામ: પુલ નંબર 57,86,93,96 અને 119 (20 સ્પાન) પર 12.20 m સુધીના સ્પાન માટે PSC સ્લેબ દ્વારા હાલના સ્ટીલ ગર્ડર્સને બદલવાનું. | 7,36,11,193.91 | 5,18,100.00 |
| 6 | 281-2025-26 | જામજોધપુર: સ્ટેશનનું અપગ્રેડેશન. | 1,92,59,881.71 | 2,46,300.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 02/03/2026 **બિડિંગ બંધ થવાની તારીખ:** 16/03/2026 NIT ને રેલવે **વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ - 19/02/2026** ના રોજ અપલોડ કરવામાં આવેલ છે BVP 277

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ખપપૂરતી માગે ખાંડમાં ₹ ચારથી ૨૦નો ઘટાડો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં ભાવ ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૩૭૫૦ના મથાળે ટકેલા રહ્યા હતા. જોકે, ગત બુધવારે ટેન્ડરોમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો, પરંતુ ગઈકાલે સ્થાનિક બજાર છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે બંધ રહી હોવાથી મથકો પર ગત બુધવારે જોવા મળેલા ઘટાડાની અસર તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારથી રૂ. ૨૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ મથકો પાછળ નાકા ડિલિવરીમાં પણ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. ગત ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં ગત ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં ૫૨૦.૪૭ લાખ ટન શેરડીનું પિલાણ થયું છે.

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. AE/SWM/૯૬૮૬/L તા. ૨૦.૦૨.૨૦૨૬

**હિતની અભિવ્યક્તિ નોટીસ**

**વિષય:** L વોર્ડમાં સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન (SMPA)ના કામ માટે રસ ધરાવતી અને લાયક સંસ્થા તરફથી હિતની અભિવ્યક્તિ.

આસી. કમિશનર MCGM 'L' વોર્ડ, L વોર્ડમાં ઉપરોક્ત વિષય કામ માટે હિતની અભિવ્યક્તિ મંગાવે છે.

| અ. ક્ર. | EOI નં. | વોર્ડ | EOI ડીપોજીટ (બારડી) (રૂ.) | EOI દસ્તાવેજની કિંમત (રૂ.) (નોન રીફંડેબલ) | કોરા EOI દસ્તાવેજનું વેચાણ | EOI સુપ્રતિની પાકતી તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | MDM/P/૫૮૨૫ તા.૧૮.૦૨.૨૦૨૬ | L | ------- | ૧૪૫૨/- +૧૮% GST એટલે કે રૂ. ૧૭૧૪/- | ૨૧.૦૨.૨૦૨૬થી ૦૨.૦૩.૨૦૨૬ સ. ૧૦.૩૦ ક.થી બ. ૩.૦૦ ક. સુધી | ૦૪.૦૩.૨૦૨૬ સાં. ૫ સુધી |

EOI ના દસ્તાવેજનો સંપૂર્ણ સેટ ઈચ્છુક પાર્ટીઓ દ્વારા સ. ૧૦.૩૦ ક.થી બ. ૩.૦૦ ક. સુધી કામના કોઈપણ દિવસે નોન રીફંડેબલ ફી રૂ. ૧૪૫૨/- + GST એટલે કે રૂ. ૧૭૧૪/- સેટ દીઠની ચૂકવણી પર C.F.C. ખાતે A.E. (S.W.M.) 'L' વોર્ડની ઓફિસ ખાતે ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે.

આસી. એન્જી. (SWM) 'L' વોર્ડની ઓફિસ,<br>
૨જા માળે, L વોર્ડ ઓફિસ બિલ્ડિંગ,<br>
યાદવ મંડઈ માર્કેટ, S. G. બર્વે માર્ગ,<br>
કુર્લા (વે), મુંબઈ-૪૦૦૦૭૦.

લેકરથી સીલ કરેલ EOI પાકતી તારીખના કે તે પહેલા સાં. ૫ ક. પહેલા સુપ્રત કરવા જરૂરી છે.

સહી/-<br>
આસી. એન્જીનીયર (SWM) 'L' વોર્ડ

PRO/3051/ADV./2025-26

**વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો**

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ચી.એ. / ૧૯૪૨૯ / બ્રીજીસ તારીખ ૧૮/૦૨/૨૦૨૬

ટેન્ડર ID: ૨૦૨૬_MCGM_૧૨૭૯૬૧૬

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) પ્રતિષ્ઠિત, મલ્ટિડીસીપ્લીનરી એન્જિનિયરિંગ સંસ્થાઓ એટલે કે જાણીતી પેઢી, માલિકી / ભાગીદારી પેઢીઓ / ખાનગી મર્યાદિત કંપનીઓ / પબ્લિક લિમિટેડ કંપનીઓ / કંપનીઓ ભારતીય કંપની અધિનિયમ ૨૦૧૩ હેઠળ નોંધાયેલ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) સાથે નોંધાયેલ કોન્ટ્રાક્ટરો ઉપરોક્ત કામ (જેઓ બ્લેક લિસ્ટેડ અથવા જેમની સામે FIR દાખલ કરવામાં આવી છે તેમને સહિત) માટે **નવી નોંધણી નિયમો મુજબ વર્ગ I (C) અને તેથી વધુ** અથવા જેઓ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર / અર્ધ સરકારી સંસ્થા / કેન્દ્ર અથવા રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાંથી સમક્ષ અથવા વધુ કામનો અનુભવ ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી ઉપરોક્ત દર્શાવેલ કામ માટે કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવા માટે **ટકાવારી રેટ ધોરણે** પેકેટ 'A', પેકેટ 'B', પેકેટ 'C'માં નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | ક્લાસ | રૂ.માં અંદા. કિંમત | રૂ.માં બારડી | કોન્ટ્રાક્ટ મુદત | રૂ.માં ટેન્ડર સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|---|---|
| ૧ | પૂર્વિય પરાંના ઝોન -VI (N & T) વોર્ડમાં બ્રિજોના વિવિધ પ્રકારોનું મેજર અને માઈનર રિપેર્સ વર્કસ. ID: -૨૦૨૬_MCGM_૧૨૭૯૬૧૬ | II | ૪,૪૨,૯૦,૩૬૨/- | ૪,૪૩,૦૦૦ /- | ૧૨ મહિના (EM) | રૂ. ૧૮૧૫૦/- + ૧૮% GST |

| | |
|---|---|
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૧.૦૨.૨૦૨૬ ૧૧:૦૦ ક.થી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૦૪.૦૩.૨૦૨૬ ૧૨:૦૦ ક. સુધી |
| પેકેટ 'A', 'B' & પેકેટ 'C' ની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૪.૦૩.૨૦૨૬ ૧૬:૦૦ ક. સુધી |
| પેકેટ 'A' ખૂલશે | ૦૫.૦૩.૨૦૨૬ ૧૬:૧૦ ક. પછી |
| પેકેટ 'B' ખૂલશે | ૦૫.૦૩.૨૦૨૬ ૧૬:૧૫ ક. પછી |
| પેકેટ 'C' ખૂલશે | ૧૮.૦૩.૨૦૨૬ ૧૫:૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | ચી.એ. (બ્રિજીસ), BMC, ઝીરો ફ્લોર એન્જિનિયરિંગ હબ બિલ્ડિંગ, ડૉ. ઈ. મોઝેસ રોડ, વર્લી નાકા, વર્લી, મુંબઈ-૧૮ની ઓફિસ. |

ઈ-ટેન્ડર મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) પર ઉપલબ્ધ છે.

**નોંધ:** બિડરે નોંધ લેવી કે દરેક વિષયના કામ માટે રૂ. ૧૮૧૫૦/- + **GST**ની ટેન્ડર સ્ક્રુટીની ફી પરિપત્ર નં. **CA/FRG/૧૭** તા. ૧૭.૦૩.૨૦૨૫ મુજબ પેકેટ **'A' & પેકેટ 'B'** ખોલ્યા પછી તરત જ અને પેકેટ **'C'** ખોલતા પહેલા ચૂકવવા પાત્ર રહેશે.

સહી/-<br>
Dy. Ch. Eng. (બ્રિજીસ) E.S.

PRO/3035/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 24 વર્ષ 2025-26 તારીખ: 19.02.2026**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-189-2025-26 | ડિવિઝનલ એન્જિનિયર (નોર્થ)-અમદાવાદના અધિકાર ક્ષેત્રમાં મહેસાણા ગુડ્સ શેડ ખાતે હાઈ લેવલ પ્લેટફોર્મ, કવર શેડ અને અન્ય સંબંધિત કામોનું પ્રાવધાન. | 16,10,27,256.67 | 9,55,100.0 |
| 2 | DRM-ADI-190-2025-26 | મહેસાણા-પાટણ-ભીલડી સેક્શનમાં ડીઈએન (ઉત્તર)-એડીઆઈના અધિકાર ક્ષેત્રમાં કવર્ડ એપ્રોચ સાથે રોડ અન્ડર બ્રિજ બનાવી લેવલ ક્રોસિંગ (એલસી નં. 21, 32 અને 47) ને નાબૂદ કરવું. | 32,54,24,620.29 | 17,77,100.00 |
| 3 | DRM-ADI-191-2025-26 | પાલનપુર-સામાખ્યાલી સેક્શનમાં ડીઈએન (ઉત્તર)-એડીઆઈના અધિકાર ક્ષેત્રમાં કવર્ડ એપ્રોચ સાથે રોડ અન્ડર બ્રિજ બનાવી લેવલ ક્રોસિંગ (એલસી નં. 50, 54 અને 58) દૂર કરવું. | 33,08,60,274.62 | 18,04,300.00 |
| 4 | DRM-ADI-192-2025-26 | અમદાવાદ મંડળમાં સિનિયર ડીઈએન (એસ)-એડીઆઈના અધિકાર ક્ષેત્રમાં દિવ્યાંગજન સુવિધાઓમાં જોવા મળેલી ખામીઓનું નિરાકરણ. | 4,09,66,486.91 | 3,54,800.00 |
| 5 | DRM-ADI-193-2025-26 | અમદાવાદ મંડળ:- સોનાસણ, તલોદ, રખિયાલ, આંબલિયાસણ અને ડભોડા ખાતે સ્ટાફ માટે ઓ એચ ટાંકી દ્વારા પાણી ની વ્યવસ્થા, બોરવેલ અને સમ્પ પ્રદાન કરવું. | 1,51,97,859.09 | 2,26,000.00 |
| 6 | DRM-ADI-194-2025-26 | નરોડા ગુડ્સ શેડ: કવર શેડની જોગવાઈ | 17,14,89,002.44 | 10,07,500.00 |
| 7 | DRM-ADI-195-2025-26 | અમદાવાદ મંડળ: સિનિયર ડીઈએન (NW) - એડીઆઈ હેઠળ સ્ટાફ કોલોની ભીમાસર, ચિરાઈ, ભુજ, સમાખ્યાલી અને વોંધ સ્ટેશનો પર ભૂગર્ભ/ખુલ્લા નાળા, ઓએચ ટાંકી, સમ્પ અને ટાઈલ્સની જોગવાઈ. | 4,29,16,676.07 | 3,64,600.00 |
| 8 | DRM-ADI-196-2025-26 | ડિવિઝનલ એન્જિનિયર (નૉર્થ)-એડીઆઈ ના અધિકાર ક્ષેત્ર હેઠળ મહેસાણામાં સ્ટાફ ક્વાર્ટર 16 યુનિટ સિંગલ/ડબલ સ્ટોરી (ટાઈપ II-12 યુનિટ, ટાઈપ III-03 યુનિટ અને ટાઈપ IV-01 યુનિટ) ના બાંધકામના બાકી કામ, અને પાટણમાં સાઈડિંગ સાથે OHE બિલ્ડિંગ અને ટાવર વેગન શેડના બાકી કામ અને અન્ય સંબંધિત કામો.(કોમ્પોઝિટ ટેન્ડર) | 5,04,48,996.49 | 4,02,300.00 |
| 9 | DRM-ADI-197-2025-26 | અમદાવાદના ડિવિઝનલ એન્જિનિયર (વર્ક્સ) ના અધિકાર ક્ષેત્ર હેઠળ નવા પાર્સલ ઓફિસ સાથે સંબંધિત અન્ય કામોનું બાંધકામ અને ગાંધીનગરમાં પાર્સલ ઓફિસને જોડતા બંને છેડાં પર પાર્સલ મૂવમેન્ટ માટે માર્ગ અને અન્ય સહાયક કામો. | 6,85,78,503.73 | 4,92,900.00 |
| 10 | DRM-ADI-198-2025-26 | ડિવિઝનલ એન્જિનિયર (વર્ક્સ)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વટવા (ZMC) અને અમદાવાદ (DMC): IOH/POH માટે સુવિધાઓનું અપગ્રેડેશન, તેમજ ટેસ્ટિંગ સુવિધાઓનું અપગ્રેડેશન અને મશીનોના IOH/POH નું વિસ્તરણ સાથે અન્ય સહાયક કાર્યોનો સમાવેશ.(કોમ્પોઝિટ વર્ક) | 2,53,42,339.04 | 2,76,700.00 |
| 11 | DRM-ADI-199-2025-26 | અમદાવાદ મંડળમાં TMS (ટ્રેક મેનેજમેન્ટ સિસ્ટમ) યુઝર્સ માટે HSIA (હાઈ સ્પીડ ઈન્ટરનેટ એક્સેસ) ડેટા કાર્ડનું પ્રાવધાન ADENs, SSE/SES, JEs માટે (બે વર્ષ માટે).(પુનઃ આમંત્રિત) | 21,60,736.70 | 43,200.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 17/03/2026, સમય 15:00 કલાકે. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)-અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ: www.ireps.gov.in** ADI 277

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**ઈલેક્ટ્રિકલ કાર્ય**

**ઈ-ટેન્ડર - નોટીસ નંબર Sr DEE/ADI/44(25-26)** **તારીખ: 19.02.2026**

**ટેન્ડર નંબર: EL-50-1-ADI-T-54-2025-26**

**કાર્યનું નામ:** પાલનપુર-સામાખ્યાલી ખંડ પર અડેસર - લખપતનગર સ્ટેશનો વચ્ચે રેલવે કિલોમીટર 186/8-9 પર હાલના આરઓબી નંબર (142 એ) નું બાંધકામ, વટવા યાર્ડમાં સીપીઓએચ, ઝેડએમસી અને રનિંગ રૂમ સાથે જોડવા માટે RUB, SDRH-GIMB ના ઓપરેશન થિયેટરમાં એર કન્ડિશનિંગની વ્યવસ્થા, ગાંધીધામમાં એસી લોકોમોટિવની લઘુ અનુસૂચિ નિરીક્ષણ માટે ટ્રિપ નિરીક્ષણ/અગ્રિમ નિરીક્ષણ કેન્દ્રની સુવિધાઓનું અપગ્રેડેશન, ચાંદલોડિયા અને અસારવામાં અમૃત સ્ટેશનના વિકાસ સંબંધિત દિવ્યાંગો અને મુસાફરો માટે સુવિધાઓમાં સુધારો અને લાઇન નં. 08 અને 09 વચ્ચે આવેલા પ્લેટફોર્મ પર સંપૂર્ણ લંબાઇવાળા કવારશેડનાં વિકાસ સંબંધિત ઈલેક્ટ્રિકલ કાર્ય

**કાર્યનો અંદાજિત ખર્ચ:** ₹ 3,50,87,324/-

**અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 3,25,400/-

**ટેન્ડર જમા કરાવવાની અંતિમ તારીખ અને સમય:** 18.03.2026 ના રોજ 15:00 વાગ્યે

**ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 18.03.2026 ના રોજ 15:30 વાગ્યે

**ઓફિસ સરનામું:** સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345

**વેબસાઈટ: www.ireps.gov.in** ADI 280

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ

**ઈન્ટરલોક્ડ એલ.સી. ગેટ્સ પર ખરાબ/ જૂના સિગ્નલિંગ ગિયર અને સાધનોને બદલવા**

ભારતના રાષ્ટ્રપતિ વતી કાર્યરત DRM/S&T, 2025-26 ના ટેન્ડર નં. DRM-SnT-ADI-Sig 25 માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. અંતિમ તારીખ 12.03.2026, 15:00 છે. બિડર્સ તેમની મૂળ/સુધારેલી બિડ ફક્ત અંતિમ તારીખ સુધીમાં જ સબમિટ કરી શકે છે. આ ટેન્ડર માટે મેન્યુઅલ ઓફરની મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે.

**ટેન્ડર આમંત્રણ સૂચના નં. DRM-SnT-ADI-Sig 25 ઓફ 2025-26**

**કાર્યનું નામ:** અમદાવાદ મંડળના ઈન્ટરલોક્ડ એલ.સી. ગેટ્સ પર ખરાબ/જૂના સિગ્નલિંગ ગિયર અને સાધનોને બદલવા સંબંધિત સિગ્નલિંગ સામગ્રીની આંશિક સપ્લાય, સ્થાપન, પરીક્ષણ અને અમલમાં મૂકવાનું કાર્ય.

**કાર્યનો અંદાજિત ખર્ચ:** ₹ 3,89,47,281.86/- (રૂપિયા ત્રણ કરોડ નેવ્યાસી લાખ સુડતાલીસ હજાર બસો એકયાસી અને છ્યાસી પૈસા માત્ર)

**અર્નેસ્ટ મની ડિપોઝિટ:** ₹ 3,44,700/- (રૂપિયા ત્રણ લાખ ચુંમાલીસ હજાર સાતસો માત્ર)

**બંધ થવાની તારીખ અને સમય:** 12.03.2026 ના રોજ 15:00 વાગ્યા સુધી તે પછી નહીં

**ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 12.03.2026 ના રોજ 15:30 વાગ્યે ખોલવામાં આવશે.

**ઈ-ટેન્ડરિંગ ની વેબસાઈટ: www.ireps.gov.in** ADI 278

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

**પબ્લિક હેલ્થ વિભાગ**

જંતુનાશક શાખા

પેસ્ટ કંટ્રોલ ઓફિસ A વોર્ડ

પેસ્ટ કંટ્રોલ ઓફિસર A વોર્ડની ઓફિસ, ૭૪મો મિન્ટ રોડ, ફોર્ટ, મુંબઈ-૦૧.

PCO/A/૧૦૭૧/SR તારીખ - ૨૦.૦૨.૨૦૨૬

**નોટિસ**

A વોર્ડમાં સાત (૭) મહિનાની મુદત માટે જંતુનાશક સારવાર આપવા માટે સ્વયંસેવકોની જોગવાઈ માટે રજિસ્ટર્ડ સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ M.C.G.M. પોર્ટલ http://portal.mcgm.gov.in પરથી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈએ અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસ, 'A' વોર્ડ, ૭૪, મિન્ટ રોડ, ફોર્ટ, મુંબઈ- ૪૦૦૦૦૧ ટેલિ. નં. (ઓફિસ): ૦૨૨ ૨૨૬૯ ૫૦૯૧ની ઓફિસમાં સંપર્ક કરો.

પેસ્ટ કંટ્રોલ ઓફિસર 'A' વોર્ડની ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ: તા. ૦૬/૦૩/૨૦૨૬ કામકાજના દિવસોમાં સાં. ૪.૦૦ કલાકે.

સહી/-<br>
આસિસ્ટન્ટ કમિશનર<br>
'A' વોર્ડ

PRO/3040/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

## BRIHANMUMBAI MAHANAGARPALIKA

**હેલ્થ વિભાગ**

K.B. ભાભા હોસ્પિટલ, R.K. પાટકર માર્ગ, બાંદ્રા (પ), મુંબઈ- ૪૦૦૦૫૦.

નં. HO/૧૧૧૫૨/ KBB તા. ૨૦.૦૨.૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનરના કમિશનર (MCGM) આ લાઈનમાં કામ કરતા લાયક વિક્રેતાઓ પાસેથી બીડ/ઈ-ટેન્ડર મંગાવે છે. ઈ-ટેન્ડર વિગતો નીચે મુજબ છે.

| ક્ર.નં. | પરિમાણો | વિગતો |
|---|---|---|
| ૧. | ઈ-ટેન્ડર/બીડ નં. | ૨૦૨૬_MCGM_૧૨૭૩૦૭૬ |
| ૨. | વિભાગ | પેરિફેરલ હોસ્પિટલ |
| ૩. | ઈ-ટેન્ડરનો વિષય | K.B. ભાભા હોસ્પિટલ, બાંદ્રા (પ) ખાતે વિવિધ વોર્ડ ખાતે નવીનીકરણ કામો. |
| ૪. | સંપર્ક વિગતો | મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ટેલિ. ૦૨૨ ૨૬૪૨૨૭૭૫. એક્ષ્ટે. ૪૫૦૫ ઈમેલ: bhabha.bandra@yahoo.com |
| ૫. | વેબસાઈટ | www.mahaetenders.gov.in |

ઈ-ટેન્ડર મહાટેન્ડર પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાય છે અથવા ૦૨૨ ૨૬૪૨૨૭૭૫ એક્ષ્ટે. ૪૫૦૬ પર અમને સંપર્ક કરો.

તારીખ: ૨૦.૦૨.૨૦૨૬.<br>
સ્થળ: મુંબઈ.

સહી/-<br>
ડે. મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ<br>
K.B. ભાભા હોસ્પિટલ, બાંદ્રા (પ).

PRO/3053/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

## પબ્લિક નોટીસ

ખબર લેવી કે અમારા અસીલો સ્વ. ઈબ્રાહિમ કાસમના તમામ વારસદાર/વંશજો હોઈ (૧) મિનાઝ સુલતાન કાસમ અને અધર્સ [સ્વ. દાઉદ ઈબ્રાહિમ કાસમના વારસદારો/વંશજો હોઈ] (૨) ઝાહિરઅલી રફીક કાસમ અને અધર્સ [સ્વ. જુસાબ ઈબ્રાહિમ કાસમના વારસદારો/વંશજો હોઈ] (૩) શ્રીમતી નૂરસુલ્તાન અહમદ કાસમ [સ્વ. હબીબ ઈબ્રાહિમ કાસમના વારસદાર/વંશજ] અને (૪) અલી શાહનાવાઝ મોહમ્મદઅલી ઈબ્રાહિમ [સ્વ. મોહમ્મદઅલી ઈબ્રાહિમ કાસમના વારસદાર/વંશજ હોઈ] પાસેથી અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ તેની પર ઉભેલ **''કાસમ ચાલ''** [**''ઈબ્રાહિમ કાસમ ચાલ''**] તરીકે જાણીતી તેની પર ઉભેલ બિલ્ડીંગ/સ્ટ્રક્ચર સાથે ગિરગાંવ [ગિરગામ] ડિવિઝનનો C.S. નં. ૧૦૧૭ હોઈ જમીનના પ્લોટની બાબતમાં હક્ક, ટાઈટલ અને હિત સંપાદન કરવા/ખરીદવા માટે વાટાઘાટો કરી રહ્યા છે, જેઓ બધા તમામ બોજાઓ અને શંકાઓથી મુક્તપણે વિષયવાળી મિલકત (''વિષયવાળી મિલકત'')માં હક્ક, ટાઈટલ અને હિત સોંપવા કન્વે કરવા અને ટ્રાન્સફર કરવા કબૂલ થયેલ છે.

કોઈપણ શખ્સ કે શખ્સો જે વિષયવાળી મિલકત કે કોઈપણ ભાગ પર કે તેમાં લીઝ, સબ-લીઝ, લિવ એન્ડ લાયસન્સ, ગીરો, ટ્રાન્સફર, અદલાબદલી, ભેટ, ડિવાઈઝ, બિકવેસ્ટ, ટ્રસ્ટ, હિસ્સો, વારસો કે એગ્રીમેન્ટ, ડિક્રિ/ઓર્ડર કે FSI કે બીજી કોઈ રીતે કોઈપણ દાવા કે હિત ધરાવતા હોય તો, આથી આ તારીખથી ૧૪ દિવસમાં ચેમ્બર નં. ૫-૫A, ૩જો માળ, કરીમજી બિલ્ડીંગ, ૧૧૧-A, M.J. રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧ ખાતેના સરનામે નીચે સહી કરનારને આવા હક્ક કે દાવાની વિગતો સાથે લેખિતમાં તેની જાણ કરે, અન્યથા અમારા અસિલો આવા દાવા અથવા માંગણીના સંદર્ભ વિના વિષયવાળી મિલકત માટે લેવડદેવડ પૂર્ણ કરશે અને આવા દાવા કે માંગણી, જો કોઈ હોય, તો ત્યજી દિધેલ અને છોડી દિધેલ ગણવામાં આવશે.

**પરિશિષ્ટ**

નવી સ્ટ્રીટ નં. ૧૦-૧૧, ખેતવાડી ૧૨મી ક્રોસ લેન, મુંબઈ-૭ ખાતે આવેલ, બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસમાં M.C.G.M. C.V.C. નં. DX0602550030000; DX060255000000; DX0602570060000; DX0602580020000 અને DX0602590090000 ના "D" વોર્ડ નં. ૨૦૩૩; ૨૦૩૪(૧) અને (૨); ૨૦૩૫ (૧) (૨) / ૬ હેઠળ આકારાયેલ અને ગિરગાંવ ડિવિઝનનો કેડસ્ટ્રલ સર્વે નં. ૧૦૧૭ ધરાવતા અને ટેન્યોર દ્વારા કલેક્ટર્સ નવો નં. ૧૩૫૮૪, ૧૩૪૬૭, કલેક્ટર્સ રેન્ટ રોલ નં. NIL, C.R.R. નં. ૭૬૪, લાફટન સર્વે નં. ૭૩૭૯નો ભાગ (L.T.A.) જમીન ધરાવતી **''કાસમ ચાલ''** તરીકે જાણીતી [**''ઈબ્રાહિમ કાસમ ચાલ''** તરીકે પણ જાણીતી] અને તેના પર ઉભેલ બિલ્ડીંગ સાથે ભરતમાં ૯૮૩.૨૩ ચો.મી. કે તે સૂમારે L.T.A. જમીનનો તે તમામ ટુકડો અને કકડો.

આજ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬.

અબ્બાસ ઝૈદી<br>
એડવોકેટ એન્ડ સોલિસિટર્સ<br>
C/o. ઝોહૈર એન્ડ કું.<br>
એડવોકેટસ એન્ડ સોલિસિટર્સ<br>
ઈચ્છુક ખરીદનારાઓ માટેના

અનમોલ દૃષ્ટિ

દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિઓ અંગે કારણથી લઈને મારણ સુધી માહિતી પ્રદાન કરતી લેખમાળા

લેખક : પ્રકાશ શાહ

# મુંબઈમાં સૌપ્રથમ સુપર સ્પેશિયાલિટી કેટરેક્ટ - ગ્લુકોમા સેંટરઃ

## ધ ઈન્ટરનેશનલ આઈ કેર સેંટર - વિઝન વિસ્ટા આઈ ક્લિનિક

આણંદનિવાસી 48 વર્ષના રંજનાબહેન કોમર્સમાં ડબલ-ગ્રેજ્યુએટ થયા હતા. સમજણા થયા ત્યારથી નાનીમોટી બીમારી માટે તબીબનો સંપર્ક સાધવાની જગ્યાએ ઘરમેળે ઉપચાર કરતા હતા. આ સ્વભાવ તેમના માટે અભિશાપરૂપ સાબિત થવાનો તેમને સ્વપ્ને પણ અણસાર નહોતો. ટૂંક સમય અગાઉ ત્વચારોગને કાબૂમાં લેવા માટે સ્કીન ક્રીમનો ઉપયોગ કરવા પ્રેરાયા હતા. થોડો સમયગાળો રહીને તેમને દૃષ્ટિમાં ઝાંખપની પ્રતીતિ થઇ. થોડો વખતે ક્ષતિને નગણ્ય લેખી, પરંતુ સમસ્યા વકરી ત્યારે સ્થાનિક ઓફથેલ્મોલોજિસ્ટનો કોન્ટેક્ટ કર્યો. પરીક્ષણમાં રંજનાબહેન હાર્ડ-કેટરેક્ટના ભોગ બન્યા હોવાનું નિદાન થયું. શક્ય એટલી ઝડપે સર્જરી કરવાનું આવશ્યક હતું. સંજોગવશાત્ ટૂંક સમયમાં એકમાત્ર સંતાનના લગ્ન નિર્ધારિત હતા, જે માટે કંકોતરી છપાઇને નજીકના સગાં-સંબંધીને વિતરિત કરવામાં પણ આવી હતી. શું કરવું અને શું ન કરવું એવી માનસિક ગડમથલ અનુભવતા રંજનાબહેને મુંબઇસ્થિત નણંદને સમસ્યા જણાવી. નણંદ MBBS હોવાને કારણે લક્ષણને ધ્યાનમાં રાખીને ભાભીને તાબડતોબ મુંબઇ તેડાવી. પળનો પણ વિલંબ કર્યા વગર કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશલ આઇ-કેર સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડો. સાયરસ મહેતાની મુલાકાત લીધી, જે રંજનાબહેન માટે આશીર્વાદરૂપ સાબિત થઇ. મહારાષ્ટ્ર પોલીસના કન્સલટન્ટ ડો. સાયરસ મહેતાએ રંજનાબહેનની આંખનું તલસ્પર્શી પરીક્ષણ કર્યું ત્યારે હાર્ડ-કેટરેક્ટનો ભોગ બન્યા હોવા સાથે IOP તરીકે ઓળખાતું આંખનું પ્રેશર ખૂબ વધારે હોવાની જાણ થઇ. ટૂંકમાં રંજનાબહેન કેટરેક્ટ તથા ગ્લુકોમા (ઝામર કે કાળો મોતિયો) બંનેના ભોગ બન્યા હતા.......રંજનાબહેને નિર્ધારિત તારીખે દીકરાના લગ્ન કર્યા, જેમાં તેમના તારણહાર સમાન ડો. સાયરસ મહેતાને પણ આમંત્રણ આપ્યું હતું. જોકે કામકાજમાં વ્યસ્તતાને કારણે ડો. સાયરસ મહેતા ઉપસ્થિત રહ્યા નહોતા, પરંતુ તેમણે નવ-વિવાહિત દંપતીને કિંમતી ભેટ સાથે સુખી લગ્નજીવનની શુભેચ્છા પાઠવી હતી.

ઉલટપક્ષે રંજનાબહેને પણ ડૉ. સાયરસ મહેતાને કુરિયર દ્વારા સૂકામેવા અને મીઠાઇનું બોક્સ પાઠવ્યું હતું.

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર રંજનાબહેનના હાર્ડ-કેટરેક્ટ અત્યાધુનિક યુનિટી 4D દ્વારા દૂર કરીને EDOF લેન્સનું પ્રત્યાર્પણ કર્યું હતું, જ્યારે ગ્લુકોમાનું સમાધાન નેનો-SLT દ્વારા આણ્યું હતું, જેને અંતર્ગત આંખનું પ્રેશર પાંપણના પલકારામાં અર્થાત્ બે-ત્રણ મિનિટમાં ઓછું કરી શકાય છે. પરિણામે રંજનાબહેન નિશ્ચિત તારીખે અને નિશ્ચિતપણે દીકરાના લગ્નનો આનંદ માણી શકયા હતા. તેઓ સહેલાઇથી અને સરળતાપૂર્વક લખી-વાંચી શકવા ઉપરાંત બિનધાસ્તપણે ડ્રાઇવિંગ પણ કરી શકે છે. મુંબઇ ઉપરાંત સમગ્ર મહારાષ્ટ્ર તથા ઉત્તર-ભારતમાં સૌપ્રથમ વાર યુનિટી 4D મશીન વસાવવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાને ફાળે જાય છે. કેટરેક્ટ દૂર કરવા માટે સમગ્ર વિશ્વમાં સર્વોત્કૃષ્ટ લેખાતા આ નવીન મશીનને પરિણામે સર્જરી સચોટ, ત્રુટિરહિત અને સફળ સાબિત થાય છે. તબીબના મતાનુસાર હાલને તબક્કે કેટરેક્ટની ક્ષતિ આબાલવૃદ્ધ પૈકી કોઇને પણ ભરડામાં લઇ શકે છે. ડૉ. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ ડાયાબિટીસ, કિડનીની બીમારી, ઝામર(ગ્લુકોમા), ધૂમ્રપાન, આંખમાં ઇજા થવી, ઇન્ફેક્શન અથવા આંખની અંદર બળતરા જેવા કારણને લીધે પણ કેટરેક્ટ સર્જાય છે. આ ઉપરાંત ચોક્કસ પ્રકારની દવાનો લાંબા સમય સુધી ઉપયોગ, રેડિયેશન તથા ફેમિલી હિસ્ટરી જેવા પરિબળને પરિણામે પણ કેટરેક્ટ સર્જાય છે. અપવાદરૂપ કિસ્સામાં માતામાં રહેલી વિટામિન એ અને વિટામિન સીની અછત કે રૂબેલા નામે ઓળખાતી બીમારી જેવા અનેક કારણોસર નવજાત શિશુ કેટરેક્ટ સાથે જન્મે છે.


પશ્ચિમ ભારતમાં એક જ છત નીચે કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે યુનિટી 4D, નેનો-SLT, IOL માસ્ટર 700 વિથ TOPO જેવા અત્યાધુનિક મશીન વસાવનાર ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ તથા કદાચિત એકમાત્ર આઇ-ક્લિનિક છે, જેને પરિણામે કેટરેક્ટ-ગ્લુકોમાનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સચોટ, સુલભ અને સફળ સમાધાન સાધવા માટે સહસા ડૉ. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે.

'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજ્યુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે પુસ્તકના લેખક ડૉ. સાયરસ મહેતા વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવે છે કે હાલપર્યંત કેટરેક્ટ સર્જરી દરમિયાન અલ્ટ્રા-સાઉન્ડ ટિપનો ઉપયોગ કરવામાં આવતો હતો, જે એક જ દિશામાં વાઇબ્રેટ થઇને કેટરેક્ટને ચૂરચૂર કરતી હતી. તેમાં પણ હાર્ડ કે કોમ્પલિકેટેડ કેટરેક્ટ દૂર કરતી વખતે પુષ્કળ પ્રમાણમાં એનર્જીનો ઉપયોગ કરવો પડતો હતો, જે દરમિયાન આંખમાં તીવ્ર હિટ ઉત્પન્ન થતી. ફળસ્વરૂપે રાહત પ્રદાન થવામાં લાંબો સમયગાળો લાગતો. તેની સરખામણીમાં નવીન-અત્યાધુનિક યુનિટી 4D સિસ્ટમ એક જ દિશામાં કામ કરવાની જગ્યાએ ચાર ડાયમેન્શનમાં કામ કરે છે. તે બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત હોવા ઉપરાંત સલામત છે. કેટરેક્ટ દૂર કરવા માટે અગાઉની સર્જરીની સરખામણીમાં ફક્ત પાંચમા ભાગ જેટલી એનર્જીનો ઉપયોગ થાય છે, જે આંખની અંદરના ટિશ્યુ માટે ખૂબ લાભદાયક સાબિત થાય છે. એડવાનસ્ડ સેન્સર્સ અને આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને સર્જરીના તમામ તબક્કાને ચીવટતાપૂર્વક પ્લાન કરીને અમલમાં મૂકવામાં આવે છે. સૌથી મોટો ફાયદો તથા સલામતી એ છે કે સર્જરી દરમિયાન અંદર રહેલી થર્મલ મોનિટરિંગ સિસ્ટમ આંખની અંદર હિટ ઉત્પન્ન થવા દેતી નથી. અગાઉની કેટરેક્ટની સર્જરીમાં આ લાભ કે સલામતી પ્રદાન થતી નહોતી, જેને પરિણામે હાર્ડ-કેટરેક્ટ ધરાવનારને પણ ઝડપથી રાહત પ્રદાન થાય છે. ટ્રાયફોકલ કે ઇડોફ વગેરે લેન્સનું પણ સહેલાઇથી, સરળતાપૂર્વક યથાસ્થાને પ્રત્યારોપણ કરી શકાય છે. આ ઉપરાંત કેટરેક્ટની સર્જરી કરતી વખતે અગાઉની નજીક કે દૂરનું અંતર જોવામાં તકલીફ થવી, અસ્ટીગમેટિઝમ, ચશ્માં વગર વાંચવામાં મુશ્કેલી જેવી વિવિધ ક્ષતિનું પણ સમાધાન સાધવામાં આવે છે. જેને પરિણામે સર્જરી પછી ઉછીની આંખ અર્થાત્ ચશ્માં પહેરવાની આવશ્યક્તા રહેતી નથી. સમગ્ર મુંબઇ સહિત મહારાષ્ટ્ર અને ઉત્તર ભારતમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે યુનિટી 4D સિસ્ટમ વસાવનાર ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર-વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે.

ફેલો ઓફ ધ અમેરિકન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રિફ્રેક્ટિવ સર્જન્સ દ્વારા યંગેસ્ટ ઇન્ડિયન તરીકે સન્માનિત ડૉ. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ રંજનાબહેનની જેમ કેટરેક્ટ અને ગ્લુકોમા જેવી દૃષ્ટિ પ્રદાન કરતી આંખની બે મુખ્ય ક્ષતિનો ભોગ બનવું સામાન્ય બાબત છે. ભારત તથા એશિયાના લોકોમાં કેટરેક્ટને કારણે ઝામર (ગ્લુકોમા) સર્જાતો જોવા મળે છે. ઇરાનના કોન્સલ જનરલના હસ્તે પ્રખ્યાત લેખાતા પારસી રત્ન એવોર્ડથી નવાજેશ ડો. સાયરસ મહેતાના જણાવ્યા મુજબ નેસલ-સ્પ્રે, દવાની ટીકડી કે રંજનાબહેનની જેમ સ્કિન-ક્રીમના રૂપમાં ઉપયોગમાં લેવામાં આવતા સ્ટેરોઇડને કારણે ગ્લુકોમા લાગુ પડે છે. ગ્લુકોમા સામાન્યપણે યુવાવર્ગને ભરડામાં લેતો નથી, પરંતુ દરેક નિયમને અપવાદ હોય છે. એ મુજબ સંભાવનાને નકારી શકાય નહીં. ગ્લુકોમા નાની કે ટાળી શકાય એવી ક્ષતિ નથી, કારણ કે સૌપ્રથમ તો તેનાં લક્ષણો સહેલાઇથી અને સરળતાપૂર્વક દૃષ્ટિભૂત થતા નથી. અમુક લોકોને માથામાં હલકો દુખાવો થાય છે અને તે પણ ક્યારેક. આ કારણસર પ્રાથમિક તબક્કામાં કળી શકાતું નથી. વધુમાં ગ્લુકોમાને અંતર્ગત દૃષ્ટિમાં જે ખરાબી સર્જાઇ છે તેને પુનપ્રસ્થાપિત કરી શકાતી નથી. ફક્ત તેને વકરતી રોકી શકાય છે. ગંભીર બાબત એ છે કે જો સમયસર ઇલાજ ન કરવામાં આવ્યો તો ભવિષ્યમાં અંધાપો નોતરી શકે છે. આ કારણસર ગ્લુકોમાને છાને પગલે અંધાપો નોતરતી ક્ષતિ લેખવામાં આવે છે. ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકમાં ગ્લુકોમાના સમાધાનાર્થે ઉપયોગી સાબિત થતું નેનો-એસએલટી લેસર સિસ્ટમ ઉપલબ્ધ છે. સમગ્ર મહારાષ્ટ્રમાં સૌપ્રથમ વાર આ પ્રકારનું મશીન ઇન્સ્ટોલ કરવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે, જેને અંતર્ગત આંખનું પ્રેશર પાંપણના પલકારામાં અર્થાત્ બે-ત્રણ મિનિટમાં ઓછું કરી શકાય છે.

રોમ ખાતે SOI કોંગ્રેસમાં માતબર લેખાતા સ્ટ્રેમ્પેલી મેડલના વિજેતા ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકમાં આંખમાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે IOL માસ્ટર 700 વિથ TOPO મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ આ મશીન આણવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે. ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે આ મશીન વિશ્વમાં સર્વોત્કૃષ્ટ છે. ટૂંકમાં જટિલ સર્જરી પણ સહેલાઇથી, સરળતાપૂર્વક અને સફળતાથી કરી શકાય છે. તબીબના જણાવ્યા મુજબ દિવ્યાંગભાઇની આંખમાં લેટેસ્ટ EDOF લેન્સનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું, જેને પરિણામે વ્યક્તિ નજીક, દૂર કે મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકે છે. રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશ કે ઝળહળાટની પ્રતીતિ થતી નથી. EDOF લેન્સ રિંગરહિત હોવાને કારણે દૃષ્ટિમાં કોઇ પણ અંતરાય દૃષ્ટિભૂત થતો નથી. ભારતીયજનને દૃષ્ટીહીન કરનારી કેટરેક્ટ-ગ્લુકોમા જેવી મુખ્ય ક્ષતિ ઉપરાંત દૃષ્ટિ સંબંધિત અનેક પ્રકારની ક્ષતિનું એક જ છત નીચે અત્યાધુનિક મશીનરી તથા કાબેલ, નિપુણ અને અનુભવી તબીબ દ્વારા સમાધાન સાધવા માટેનું આદર્શ સરનામુંઃ **ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર - વિઝન વિસ્ટા આઇ ક્લિનિક.**

**ડો. સાયરસ મહેતાના ક્લિનિક ખાતે યુનિટી-4D જેવા અત્યાધુનિક મશીન દ્વારા ઝડપથી, પીડારહિત, સચોટ, સલામત અને બ્લેડલેસ પ્રક્રિયા દ્વારા કેટરેક્ટ દૂર કરવામાં આવે છે. નેનો-SLT જેવા મશીન દ્વારા પાંપણના પલકારામાં ગ્લુકોમાને નાથી શકાય છે. ચશ્માંનાં નંબર દૂર કરવા માટે સ્માઇલ જેવી અત્યાધુનિક મશીનરી ઉપલબ્ધ છે.**



### યુનિટી 4D તથા EDOF લેન્સની વિશિષ્ટતાઃ

▸ યુનિટી 4D સિસ્ટમ એક જ દિશામાં કામ કરવાની જગ્યાએ ચાર ડાયમેન્શનમાં કામ કરે છે ▸ કોર્નિયા માટે સલામત ▸ બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત ▸ પેશન્ટને ઝડપથી સતેજ, સ્પષ્ટ દૃષ્ટિ પ્રદાન કરે છે ▸ હૃદયરોગી, હાઇબ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે ખૂબ લાભદાયક ▸ હાર્ડ-બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે ▸ આંખની અંદરના ઇન્ટ્રા-ઓક્યુલર પ્રેશરને કાબૂમાં રાખે છે ▸ અલ્પ પ્રમાણમાં એનર્જીનો ઉપયોગ કરવામાં આવતો હોવાને કારણે આંખની અંદરના ટિશ્યુ માટે ખૂબ સલામત-લાભદાયક સાબિત થાય છે ▸ એડવાનસ્ડ સેન્સર્સ અને આર્ટિફિશયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવાથી ખૂબ સચોટ, ત્રુટિરહિત તથા પરિણામલક્ષી સાબિત થાય છે ▸ પેશન્ટ ફ્રેન્ડલી સાબિત થાય છે ▸ વ્યક્તિ નજીક, દૂર કે મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકે છે. ▸ રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશ કે ઝળહળાટની પ્રતીતિ થતી નથી. ▸ EDOF લેન્સ રિંગરહિત હોવાને કારણે દૃષ્ટિમાં કોઇ પણ અંતરાય દૃષ્ટિભૂત થતો નથી.

Know Yr Dr.



નામઃ ડૉ. સાયરસ મહેતા
માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ
એડ્રેસઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હૉટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
કોન્ટેક્ટ નંબરઃ 81049 59459
81049 76013 - 98198 50971
Email: cyresmehta@yahoo.com

# અભિનેતા રણવીર સિંહ અને આયુષ શર્માને ધમકીનું કનેક્શન અમેરિકા અને સ્વીડન સાથે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડના અભિનેતા રણવીર સિંહ અને આયુષ શર્માને લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ દ્વારા આપવામાં આવેલી ધમકીઓનું કનેક્શન અમેરિકા અને સ્વીડન સાથે હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

ઍક્ટર રણવીર સિંહના મૅનેજરના મોબાઈલ નંબર પરના વ્હૉટ્સઍપ પર તાજેતરમાં એક વૉઈસ નોટ આવી હતી. આ વૉઈસ નોટમાં રણવીર સિંહ માટે ધમકી અને ૧૦ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. બિશ્નોઈ ગૅન્ગ દ્વારા મોકલવામાં આવેલી આ ધમકીભરી વૉઈસ નોટ અમેરિકન નંબર પરથી મોકલાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

ક્રાઈમ બ્રાન્ચની અત્યાર સુધીની તપાસમાં એવું સામે આવ્યું છે કે વૉઈસ નોટમાં જે અવાજ છે તે બિશ્નોઈ ગૅન્ગના વિશ્વાસુ હૅરી બૉક્સરના અવાજ સાથે મેળ ખાય છે. પરિણામે વૉઈસ નોટ હૅરી બૉક્સરે મોકલી હોવાનું ફલિત થાય છે.

અગાઉ તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આ વૉઈસ નોટ મોકલવા માટે વીપીએન નેટવર્કનો ઉપયોગ કરાયો હતો અને તેનું લૉકેશન વિદેશ દર્શાવાતું હતું. પરિણામે નેટવર્કને ટ્રેસ કરવા ઈન્ટરપોલની મદદ લેવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ એ નંબરની માહિતી મેળવવા માટે પ્રોટોકૉલના માધ્યમથી અમેરિકાની સંબંધિત એજન્સીનો (જુઓ પાનું ૪) ▸▸

# એક ઊભી રેખા એટલે ₹ ૫૦,૦૦૦

## મંત્રાલયમાં લાંચ લેવાની ગુપ્ત ભાષાનો પર્દાફાશ

મહારાષ્ટ્રમાં સત્તાના કેન્દ્ર મુંબઈમાં મંત્રાલયની નીતનવી બાબતો પ્રકાશમાં આવી રહી છે. આમ તો મંત્રાલયના બાબુઓ પૈસા ખાવામાં એક્કા છે. હવે મંત્રાલયમાં ભ્રષ્ટાચારની એક ચોંકાવનારી અને એટલી જ વિચિત્ર પદ્ધતિ સામે આવી છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) (જુઓ પાનું ૪) ▸▸

## ઝીરવળના પીએને પદભ્રષ્ટ કરાયા

મુંબઈઃ મંત્રાલયમાં અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન નરહરી ઝીરવળના કાર્યાલયમાં લાંચ લેતા રંગેહાથ પકડાયેલા રાજેન્દ્ર ઢેરિંગે પરની કાર્યવાહી બાદ હવે ઝીરવળના ખાનગી સચિવ (જુઓ પાનું ૪) ▸▸

મહારાષ્ટ્ર વિધાનસભામાં ૨૩મી ફેબ્રુ.થી બજેટ સત્ર

# રાજ્યસભા ચૂંટણી, અજિત પવારનું અવસાન અને આર્થિક મુદ્દા ગાજશે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાના ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થતા એક મહિના સુધી ચાલનારા બજેટ સત્રમાં સરકાર પર વધતું દેવું, રાજ્યસભાની ચૂંટણી અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું અકસ્માત જેવા મુદ્દા સૌથી વધુ ગાજે તેવી શક્યતા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સત્ર દરમિયાન રાજ્યનું બજેટ રજૂ કરશે.

રાજકીય નિરીક્ષકોએ જણાવ્યું હતું કે નાણા મંત્રાલય સંભાળતા ફડણવીસ સામે રાજ્યના નવ લાખ કરોડ રૂપિયાથી વધુના વધતા દેવાનું સંચાલન કરવાની સાથે રાજકોષીય વિસ્તરણને આગળ વધારવાનો પડકાર છે. સીએમ છઠ્ઠી માર્ચે ૨૦૨૬-૨૭ માટે રાજ્યનું બજેટ રજૂ કરવાના છે. સત્રની (જુઓ પાનું ૪) ▸▸

ભિવંડીમાં મેયરની ચૂંટણીમાં મોટો ખેલ

# ભાજપના બળવાખોરોએ આખી ગૅમ પલટાવી નાખી

ભિવંડી : છેલ્લા કેટલાક વર્ષોમાં મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણી ઉથલપાથલ જોવા મળી છે અને તેમાંથી કેટલાક નવા સમીકરણો બહાર આવી રહ્યા છે. ભિવંડીના મેયરની ચૂંટણીમાં પણ મોટી ઉથલપાથલ જોવા મળી છે. કોઈપણ પક્ષ પાસે સ્પષ્ટ બહુમતી ન હોવાથી, ભિવંડી નિઝામપુર શહેર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર અને ડેપ્યુટી મેયર પદ માટે શુક્રવારે ચૂંટણી યોજાઈ હતી. લગભગ એક મહિનાથી મહાયુતિ અને ગઠબંધનની ગણતરીઓ ચાલી રહી હતી. કેટલાક નવા સમીકરણો રચાયા પછી એક મોટી ઉથલપાથલ થઇ. ધર્મનિરપેક્ષ આઘાડીના નારાયણ ચૌધરી ભિવંડી-નિઝામપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર બન્યા (જુઓ પાનું ૪) ▸▸

# મીઠી નદીની સફાઈનાં કામમાં વિલંબ થશે

## પાલિકા નવાં ટેન્ડર બહાર પાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના ૨૪માંથી બાવીસ વોર્ડમાં પહેલી માર્ચથી નાળાઓની સફાઈનું કામ શરૂ થશે પણ મુંબઈની અત્યંત મહત્ત્વની ગણાતી મીઠી નદીની સફાઈ સહિત એમ-પૂર્વ અને એમ-પશ્ચિમ વોર્ડના કામ શરૂ થવામાં વિલંબ થવાનો છે. મીઠીની નદીની સફાઈનું કામ કરનાર કૉન્ટ્રેક્ટર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની તપાસ હેઠળ આવ્યો હતો. તેથી પાલિકા દ્વારા તેને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા બાદ અગાઉનો કૉન્ટ્રેક્ટ રદ (જુઓ પાનું ૪) ▸▸

# પશ્ચિમ રેલવેમાં ૧૫ ડબ્બાની ટ્રેનોનો થશે ઉમેરો

## ભીડમાં થોડી રાહત મળવાની શકયતા

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાં દરરોજ લાખો પ્રવાસીઓ પ્રવાસ કરે છે અને પશ્ચિમ રેલવેના લાખો મુસાફરો માટે રાહતના સમાચાર આવ્યા છે. દિવસે દિવસે લોકલ ટ્રેનમાં વધતી જતી ભીડને ધ્યાનમાં લઈને રેલવે દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના કાફલામાં દેશની પહેલી ૧૫ ડબાની લોકલ ટ્રેનને ઓફિશિયલી સામેલ (જુઓ પાનું ૪) ▸▸

માણો લકઝરિયસ પ્રવાસનો આનંદ
ઉત્કૃષ્ટ હોટલો, લકઝરિયસ વાહન, ભાવતા ભોજન
કૈલાષ માનસરોવર | લેહ-લદાખ
ઉત્તરાખંડ | આંદામાન | ભૂતાન
દાર્જીલિંગ-સિક્કીમ | કેરલા
કાશ્મીર | હિમાચલ | નેપાલ | ચારધામ
આસામ-મેઘાલય-અરુણાચલ
કિન્નૌર-લાહૌલ-સ્પીતી
GEORGIA VIETNAM SINGAPORE THAILAND ALMATY DUBAI BALI SRI LANKA MALDIVES EGYPT HONGKONG- MACAU GUANGZHOU
NIRAV TOURS & TRAVELS નીરવ એસ. સતરા
9004667806\8828037806
SHOP No. 006-A, 2ND FLOOR, RAGHULEELA MALL, POISAR, KANDIVALI (W). MUM - 400067



SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**